પ્રાર્થના

પ્રાર્થનાનો કોઈ વિકલ્પ નથી

લેખક : રેવ. હેમંતકુમાર જે. પરમાર

19BGP2

પ્રાર્થના

પ્રાર્થનાનો કોઈ વિકલ્પ નથી

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

: લેખક :

રેવ. હેમંતકુમાર જે. પરમાર

પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૪૪૫૨૮૧

❄

પ્રથમ આવૃત્તિઃ ૨૦૦૬ નકલ : ૧૦૦૦

❄

કિંમત રૂ. ૨૦-૦૦

❄

મુદ્રક :
સ્કીન ડોટ પ્રિન્ટર્સ
૪, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ,
મિરઝાપુર કોર્ટ સામે,
મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૬૫૪૪૬૬૨૯

પ્રસ્તાવના

"પ્રાર્થનાનો કોઈ વિકલ્પ નથી" આ પુસ્તક ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનાં પ્રકાશનોની ગૌરવવંતી શ્રેણીમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે એ ખૂબ આનંદનો અવસર છે.

સમગ્ર બાઈબલ અને પ્રભુ ઈસુ ખ્રિસ્તનું જીવન ખ્રિસ્તી વિશ્વાસનાં પાયાની અનિવાર્ય હકીકત તરીકે ઈશ્વર સાથેનાં સબંધ, વાતચીત અને એક પરાક્રમી હથિયાર તરીકે પ્રાર્થનાનો સ્વીકાર કરે છે.

આ અતિ મહત્વનાં ખ્રિસ્તી મૂલ્યનાં વ્યવહારીક મહત્વ વિશે ઘણું બધું કહેવામાં આવે છે, લખવામાં આવે છે અને વારંવાર યાદ આપવામાં આવે છે. પરંતુ અંગત પ્રાર્થનાનો શાંત સમય, મંડળીની પ્રાર્થના સભાઓ, વિવિધ પ્રાર્થના જૂથોમાં હાજરી અને કૌટુંબીક પ્રર્થનાની વેદી પ્રત્યેની ઉદાસીનતા પ્રવર્તમાન પરિસ્થિતિ વિશે ઘણું કહી જાય છે.

આ સંજોગોમાં આ પુસ્તક કોઈક રીતે વ્યક્તિ, કુટુંબ કે મંડળી તરીકે આ મહત્વની બાબત વિશે પુનઃ ખોજ કરવાની પ્રેરણા આપશે તો ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનાં પ્રયત્નોને સફળતા મળી છે તેનો આનંદ આ પુસ્તકનાં લેખક અને ટ્રાક્ટ સોસાયટી પરિવાર અનુભવશે.

રેવ. હેમંતકુમાર જે. પરમારે આ પુસ્તકમાં મંડળીનાં ઈતિહાસનાં પ્રાર્થનાવાદી જીવનો, પ્રાર્થના વિહાર, પ્રાર્થના જૂથો અને બાઈબલનાં પ્રાર્થના વિરોનો ઉલ્લેખ કરીને એ બાબતની યાદ આપણને અપાવી છે કે પ્રાર્થના એ વાસ્તવિક છે, પરિણામદાયી છે અને ખ્રિસ્તી મંડળી અને વ્યક્તિનાં અસ્તિત્વ અને વૃધ્ધિનું અનિવાર્ય અંગ છે.

આ પુસ્તકને પ્રભુનાં તમામ લોકો ખૂબ ગંભીરતાથી ઈશ્વરનાં પ્રેમી અવાજ તરીકે સ્વીકારે, તેનો અમલ કરે અને આ પુસ્તક ખરીદીને બાળકો અને યુવાનોને ભેટ તરીકે આપે તેવી મારી હાર્દિક અપીલ છે. આ પુસ્તક આપણ સૌને પ્રભુ પ્રત્યેનાં પ્રેમમાં અને વિશ્વાસમાં દ્રઢ કરે અને લેખકની સેવા આવનાર દિવસોમાં વધુ આશીર્વાદિત થાય તેવી શુભેચ્છા અને આશિષ સાથે "પ્રાર્થનાનો કોઈ વિકલ્પ નથી" આ પુસ્તક ત્રિએક ઈશ્વરનાં નામે પ્રભુનાં લોકોને સમર્પિત કરું છું.

આ પુસ્તકના પ્રકાશન પેટે સ્વ. ફિલોમોનભાઈ કે. ક્રિશ્ચિયનની યાદમાં પરિવાર તરફથી રૂા. ૮,૮૦૦-૦૦ મળેલ છે માટે આભાર માનું છું.

એ જ સહૃદયી

રેવ. ડૉ. નિકોલસ જી. પરમાર

પ્રેસિડેન્ટ

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સ્વ. શ્રી ફિલોમોનભાઈ કે. ક્રિશ્ચિયન

જન્મ તા. ૦૬-૧૨-૧૯૧૯

જન્મ સ્થળ : ધોળકા

મરણ તા. ૨૪-૧૧-૨૦૦૪

ફિલોમોનભાઈ ક્રિશ્ચિયનનો જન્મ ધાર્મિક પરિવારમાં થયો હતો. સમગ્ર જીવન દરમ્યાન તેઓ પ્રભુ પર પ્રેમ રાખનાર વ્યક્તિ તરીકે જીવન જીવ્યા હતા. કુટુંબના આગેવાન તરીકે તેઓએ પોતના પરિવારને એક ઉત્તમ નમૂનો આપ્યો તથા યોગ્ય રીતે દોર્યા.

તેમના બાળકો અને તેમના પરિવારો આનંદથી જીવન જીવે છે. મંડળી સાથે તથા પ્રભુના લોકો સાથેની તેમની સંગત જીવંત હતી. પ્રભુના સેવકને માટે પ્રભુનો જ આભાર માનીએ.

શ્રીમતી ડોરોથીબહેન જે. ગોહિલ તરફથી સ્વ. વ્હાલા પિતા શ્રી ફિલોમોનભાઈ કે. ક્રિશ્ચિયનની પ્રેમભરી યાદમાં પુસ્તકના પ્રકાશન માટે રૂા. ૮,૮૦૦-૦૦ મળેલ છે. આભાર.

સેક્રેટરી

અર્પણ

માતાપિતાને-જેઓએ

ખ્રિસ્તી વારસો આપ્યો.

પત્ની અને બાળકોને,

જેઓએ સેવામાં

ઉત્તેજન પૂરું પાડ્યું

અનુક્રમણિકા

	પૃષ્ઠ
૧) પ્રાર્થના શું છે ? શું નથી ?	૧
૨) જૂના કરારનાં કેટલાંક પ્રાર્થનાવાદી જીવનો	૮
૩) નવા કરારનાં કેટલાંક પ્રાર્થનાવાદી જીવનો	૨૫
૪) પ્રભુઈસુનું પ્રાર્થનાવાદી જીવન	૩૭
૫) પ્રાર્થનાનાં વિવિધ પાસાંઓ	૪૪
૬) મંડળીના ઈતિહાસનાં કેટલાંક પ્રાર્થનાવાદી જીવનો	૫૫
૭) પ્રાર્થના વિહાર અને જૂથો	૬૪

પ્રકરણ - ૧

Prayer is a dialoge, not a monologue - Paul Y. Cho.

(પ્રાર્થના એ આદાનપ્રદાન - બે તરફી વ્યવહાર છે, એકતરફી નહિ - પૉલ યાંગીચો દુનિયાની સૌથી મોટી મંડળીના પાળક)

૧. પ્રાર્થના શું છે ?

પ્રાર્થના સંબંધી વાત કરીએ ત્યારે પ્રથમ પ્રશ્ન એ થાય કે પ્રાર્થના શું છે ? અને પ્રાર્થના શું નથી ? પ્રાર્થના સંબંધી તમામ લોકો જાણકાર તો છે જ. આ જાણકારી સાચી કે ખોટી હોય, સંપૂર્ણ હોય કે અધૂરી હોય, પરંતુ દરેક વ્યક્તિની પાસે પ્રાર્થના સંબંધી સમજ તો છે જ.

જો કે આ બધામાં સાચી સમજ, પૂરતી સમજ એ જુદો મુદ્દો છે.

પ્રાર્થના સંબંધી ઓકસ્ફર્ડ સ્ટુડન્ટસ ડિક્સનરી ઓફ કરન્ટ ઈંગ્લિશ (૧૯૭૮) જણાવે છે કે, ઈશ્વર સાથેનું આદાનપ્રદાન છે. (Comune with God) ભક્તિસભાનો એક ભાગ કે માળખું છે. ખ્રિસ્તી જીવનની તાકાત છે. જ્યારે ન્યૂ ઈન્ટરનેશનલ બાઈબલ ડિક્સનરી (પૃષ્ઠ ૮૧૭, ઈ.સ. ૧૯૮૭) જણાવે છે કે, બાઈબલમાંની પ્રાર્થના ઈશ્વર પ્રત્યેનો પ્રતિભાવ છે. (બોલાયેલા કે નહિ બોલાયેલા શબ્દો).

પ્રાર્થના એ આત્મિક ક્રિયા છે. જેમાં મનુષ્યનો ઈશ્વર સાથેનો વ્યવહાર છે. તેથી પ્રાર્થના એ અતિ ગંભીર ક્રિયા છે. સામાન્ય રીતે બોલી નંખાતા શબ્દો જેવી આ ક્રિયા નથી. આ માટે સાચા વિશ્વાસની જરૂર છે. (અંગ્રેજીમાં આ માટે શબ્દો છે. orthopystis (ortho) = straight, right, correct સાચો-સીધો, Pistis - belief, faith - માન્યતા, વિશ્વાસ) જેનો અર્થ થાય છે. યોગ્ય વિશ્વાસ, સીધો વિશ્વાસ).

પ્રાર્થનામાં જોડાતી વ્યક્તિએ એ બાબતને ધ્યાનમાં રાખવાની છે કે, તે એવા ઈશ્વર સાથે વ્યવહાર કરી રહી/રહ્યો છે કે જે સંપૂર્ણ ઈશ્વર છે, પવિત્ર ઈશ્વર છે, સર્વના સર્જનહાર છે વગેરે. જ્યારે બીજી તરફ પોતે પતિત વ્યક્તિ છે. ઈશ્વરની દૃષ્ટિમાં પાપ કર્યું છે. તેથી પોતાની ઈશ્વર

પાસે આવવાની કોઈ લાયકાત નથી એ બાબતને સત્ય હકીકત તરીકે સ્વીકારવાની છે. જ્યારે બીજી તરફ પ્રાર્થના દ્વારા ઈશ્વર પાસે આવીએ છીએ તે માત્ર અને માત્ર ઈશ્વરની કૃપાથી જ શક્ય બને છે. તેથી તેને કોઈપણ રીતે પોતાની લાયકાત કે યોગ્યતા ન સમજવી. પ્રાર્થનામાં બે પાત્રો જોડાય છે. **(૧) મનુષ્ય :** જે પાપી છે અને નિષ્ફળ ગયેલ છે. (૨) **ઈશ્વર :** સર્વના સર્જનહાર, સંપૂર્ણ, પવિત્ર વગેરે છે. તેથી પ્રથમ પાત્ર મનુષ્યએ પોતાને પ્રાર્થના માટે માનસિક, શારીરિક અને આત્મિક રીતે તૈયાર કરીને ગંભીરતા સાથે, માન સાથે અને પૂરેપૂરી સમજ સાથે મહાન ઈશ્વર પાસે પ્રાર્થનાના માધ્યમથી આવવાનું છે.

પ્રાર્થનામાં અધૂરા અને નિષ્ફળ ગયેલાં વ્યક્તિઓ સંપૂર્ણ અને પવિત્ર ઈશ્વર પાસે આવે છે. તેથી મનુષ્યના પક્ષે રહેલી તેની સ્થિતિ તો તેની તે જ રહે છે. પરંતુ પ્રથમ પોતાને ઈશ્વરની હજૂરમાં લાવીને મૂકે છે અને સંપૂર્ણ કરનાર ઈશ્વર આવાં જીવનોમાં તેની કૃપા, દયા, માફી વગેરે રેડે છે અને વ્યક્તિને પ્રાર્થના કરવાની કૃપા આપે છે.

પ્રાર્થના વિશ્વાસ સહિતની અને વિશ્વાસ રહિતની હોઈ શકે. વિશ્વાસ સહિતમાં અધૂરા અને નિર્બળ વ્યક્તિઓ વિશ્વાસ સહિત પ્રભુ પાસે આવે છે. આ સ્થિતિમાં વ્યક્તિનાં વિશ્વાસને માન્ય કરવામાં આવે છે. વ્યક્તિની અધૂરાઈ, નિષ્ફળતા યથાવત રહે છે. પરંતુ વિશ્વાસમાં ન હોય તેવી વ્યક્તિ વિશ્વાસમાં આવી શકે છે અથવા વિશ્વાસમાં વૃદ્ધિ પામી શકે છે. આ પ્રકારની પ્રાર્થનામાં વ્યક્તિના શબ્દો કેટલા છે તે કરતાં તેમાં રહેલો વિશ્વાસ મહત્ત્વનો છે.

નવા કરારમાં દાણીની પ્રાર્થના તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. વિશ્વાસ રહિતની પ્રાર્થના અને વિશ્વાસ સહિતની પ્રાર્થના બાહ્ય રીતે સરખી જ લાગે છે. તમામ લોકો સમૂહમાં જ્યારે પ્રાર્થના કરે છે ત્યારે બધાની ક્રિયા અને સ્થિતિ તો પ્રાર્થનાની જ છે. પરંતુ વિશ્વાસ સહિત અને વિશ્વાસ રહિત આ બે બાબતો તેમની પ્રાર્થનાને એકબીજાથી જુદી પાડે છે. ફરીથી ફરોશી અને દાણીની પ્રાર્થના તરફ આવીએ. બંને વ્યક્તિઓમાં એક

વ્યક્તિ ધાર્મિક છે જ્યારે બીજી સમાજની દૃષ્ટિએ તિરસ્કૃત વ્યક્તિ છે. ફરોશીની પ્રાર્થનામાં ધાર્મિક જીવન અને સમજનો રણકો છે. ઉપરાંત સામાજિક મોભો પ્રગટ થાય છે, જ્યારે દાણીની પ્રાર્થનામાં નમ્રતા, દુઃખ, પોતાની સ્થિતિનો સ્વીકાર, પોતાની અયોગ્યતા વગેરે પ્રગટ થાય છે. પ્રાર્થના શું છે તે વિશે જોન પાઈપર કહે છે, આપણી કંગાલિયતની પરાકાષ્ટા અને ઈશ્વરની કૃપાની સમૃદ્ધિ દર્શાવે છે.

પ્રાર્થના એ આવડત, બુદ્ધિ, ધાર્મિક્તા વગેરેનું પ્રદર્શન નથી. વ્યક્તિની ઈશ્વર સાથેની સીધી સંગત કે વ્યવહાર છે. હાન્નાની પ્રાર્થનામાં શબ્દો નથી, બીજીતરફ દિલ ઠાલવનારને એલી ન સમજી શક્યો, પરંતુ પ્રભુ પૂરેપૂરી રીતે સમજી શક્યા હતા. Prayer is the spirilutal response spoken and unspokens to God (ન્યૂ ઈન્ટરનેશનલ બાઈબલ ડિક્સનરી પૃષ્ઠ ૮૧૭.) પ્રાર્થના એ ઈશ્વરપ્રત્યે - તરફ બોલાયેલા અને નહિ બોલાયેલા શબ્દોનો આત્મિક પ્રત્યુત્તર છે. હડસન ટેલર કહે છે તે યાદ રાખીએ, " આપણે વધારે કરી શકતા નથી, પરંતુ આપણે થોડું કરી શકીએ છીએ અને ઈશ્વર ઘણું કરી શકે છે.

પ્રાર્થના એક વાક્યની હોઈ શકે અને ૨૪ કલાકની હોઈ શકે. પ્રાર્થના સતત હોઈ શકે. હાલતા ચાલતા પ્રાર્થનાની સમજમાં અને સભાનતામાં જીવન હોઈ શકે. પ્રાર્થના એક સ્થળમાં બેસીને કરી શકાય, પ્રાર્થના ચાલતા ચાલતા કે મુસાફરીમાં કરી શકાય. પ્રાર્થના પોતાનું કામ કરતાં કરતા પણ કરી શકાય. આંખો બંધ કરવાથી આપણું ધ્યાન કેન્દ્રિત થાય છે. તેથી આંખો બંધ કરીને પ્રાર્થના કરવાનો બીજો કોઈ વિકલ્પ નથી. જ્યારે બાકીની ક્રિયાઓ દ્વારા પણ વ્યક્તિ પ્રભુ સાથે પ્રાર્થના દ્વારા જોડાઈ શકે. પ્રાર્થના નાનાં બાળકો કરી શકે છે, ગરીબ લોકો કરી શકે છે અને પાપમાં જીવનારા લોકો કરી શકે છે. જેઓ એવું માને છે કે તેઓની કોઈ વિસાત કે કિંમત નથી એવા લોકો પણ પ્રાર્થના કરી શકે છે. પ્રાર્થના એ કોઈનો ઈજારો નથી. પ્રાર્થનામાં પ્રભુ પક્ષપાત રાખતા નથી. પ્રાર્થના એ મનુષ્યજાતને ઈશ્વર તરફથી મળેલી અમૂલ્ય ભેટ છે. જેનો ઉપયોગ ગમે તે વ્યક્તિ ગમે ત્યારે, ગમે ત્યાં અને સતત કરી શકે છે. પ્રાર્થના માટે

સમયની કોઈ મર્યાદા નથી. પ્રાર્થના મનુષ્યને મળેલી ઈશ્વરની અમૂલ્ય ભેટ છે.

જુદા-જુદા ધર્મોમાં પ્રાર્થનાનું મહત્ત્વ વિશેષ છે. આ માટે તેઓની સમજ ખ્રિસ્તી સમજથી જુદી છે. તેઓ હાથ જોડીને તેમના ભગવાન સામે થોડી પળો આંખ બંધ કરીને ઊભા રહે છે. રસ્તા પર જતા-આવતા મંદિર કે દેરીની સામે થોડી પળો આંખો બંધ કરી હાથ જોડી થોડા શબ્દો ઉચ્ચારે છે. વ્યવસ્થિત બેસીને પણ પ્રાર્થના કરે છે. મુસ્લિમ સમાજ દિવસમાં પાંચ વાર નમાજ પઢે છે. જે એક પ્રકારની પ્રાર્થના છે. આ પાંચ વારની નમાજ તમામ મુસ્લિમોને માટે કુરાન પ્રમાણે ફરજિયાત છે. આમ જોઈએ તો એ બાબત સ્પષ્ટ જણાય છે કે, દરેક ધર્મ કે સંપ્રદાયમાં પ્રાર્થનાને સ્થાન આપવામાં આવ્યું છે.

જે. હડસન ટેલર જુદાં-જુદાં ઘરોમાં પ્રાર્થનાસભાઓ ચલાવતા તે વિશે તેમાં હાજરી આપતા એક વ્યક્તિએ આ પ્રમાણે કહ્યું હતું, "તેઓ જે રીતે પ્રાર્થના કરતા હતા, તે રીતે બીજા કોઈને મેં ક્યારેય સાંભળ્યા કે જોયા નથી. તેમની પ્રાર્થનામાં સરળતા, માયાળુપણું, હિંમત અને વ્યક્તિને શાંત કરી દેનાર અને જીતી લેનાર એક સામર્થ્ય જોવા મળતું હતું. ઈશ્વરે તેમને તેમની મિત્રતાના વર્તુળમાં દાખલ કર્યા હતા. જે રીતે કોઈ વ્યક્તિ પોતાના મિત્ર સાથે વાત કરે છે, તે જ રીતે તેઓ ઈશ્વર સાથે મોઢામોઢ વાત કરતા."

જે. હડસન ટેલર અને ચાર્લ્સ સ્પર્જનની પ્રાર્થનાઓ અદ્વિતીય છે. તેઓને સાંભળનાર કોણ તેમને ભૂલી જઈ શકે? (યાકૂબ ૫:૧૬)

જૂનો કરાર યહૂદી સમાજને કડક રીતે નિયમશાસ્ત્ર પાળવાનું જણાવે છે. ઉત્પત્તિ ૧૨મા અધ્યાયથી નવા પ્રકરણની શરૂઆત થાય છે. વિશ્વાસથી ઈબ્રામ ચાલી નીકળ્યો. ઈબ્રામ દેવનો મિત્ર ગણાયો. તેનું જીવન સતત ઈશ્વર સાથેનું જીવન હતું. મૂસા મોઢામોઢ પ્રભુની સાથે વાત કરે છે. આ બંને પ્રાર્થના અને ઈશ્વર સાથેના સંબંધોના સંદર્ભમાં જીવંત ઉદાહરણ કે જીવંત પાત્રો છે કે જેઓ ઈશ્વર સાથે કેવો વ્યવહાર કરવો,

કેવી રીતે ઈશ્વરને મહિમા આપવો, પ્રાર્થના નિર્જીવ પ્રક્રિયા નથી, એ જીવંત સંબંધ છે, આ બંને પ્રભુના સેવકો પ્રભુ સાથે સતત જીવંત સંબંધમાં જીવ્યા, પ્રભુ તેમની સાથે બોલતા, માટે તેમના સંપર્કમાં આવતા તમામને માટે તેઓનાં જીવનો પડકાર, દોરવણી અને આશીર્વાદ લાવનાર બન્યાં હતાં. ઈબ્રાહિમ અને મૂસા ઈશ્વર સાથેના સતત સંબંધોવાળા જીવનની અસર ઊભી કરી શક્યા. પ્રાર્થના ઈશ્વર અને વ્યક્તિ વચ્ચેનો અંગત સંબંધ જરૂર છે, પરંતુ એ સંબંધની અસર બીજાઓ સુધી અવશ્ય થવી જોઈએ. બીજાઓનાં જીવનોમાં પણ પરિણામો ઈશ્વરની ઇચ્છામાં આવવાં જોઈએ. આવી વ્યક્તિઓનાં જીવનોમાં અને જીવનો દ્વારા પ્રભુ પ્રગટ થવા જોઈએ. આવાં પ્રાર્થનાવાદી જીવનો સામાન્ય રહી શકે નહિ. અસર ઉપજાવનાર જીવનો બને છે.

જૂના કરારમાં ઈસ્રાએલ પ્રજાને નિયમશાસ્ત્ર આપવામાં આવ્યું હતું. ઉપરાંત પ્રભુના સેવકો પ્રભુ તરફથી આપવામાં આવ્યા હતા. પ્રભુના સેવકો તેઓને ઈશ્વરની ઇચ્છા જણાવતા હતા. ધાર્મિક સમજ અને વાતાવરણ પૂરું પાડતા હતા. મંદિરની વ્યવસ્થા તેઓને ઈશ્વરની ભક્તિ, પોતાના પાપની કબૂલાત વગેરે તરફ દોરતી હતી, યહૂદી સમાજની દરેક વ્યક્તિ પછી તે પાસે રહેતો હોય કે દૂર હોય પરંતુ નિયમશાસ્ત્ર, મંદિર અને તેની વ્યવસ્થા સાથે સતત સંકળાયેલા રહેતા હતા. આ તેઓને સોંપાયેલી ફરજ હતી. પ્રભુના સેવકો અને યહૂદી સમાજમાંથી જેઓએ નિયમશાસ્ત્ર અને દેવની ઇચ્છાએ પાળી તેઓ પર પ્રભુની આશિષ રહી અને જ્યારે આ પ્રમાણે કરવામાં જેઓ નિષ્ફળ ગયા તેઓ ઉપર ઈશ્વરનો કોપ ઊતરી આવ્યો.

જૂના કરારમાં પ્રભુ સાથેના જીવાળ સંબંધોના દાખલા જોઈશું કે કેવી રીતે અને કેવા સંજોગોમાં તેઓ પ્રભુ સાથેના સંબંધોમાં જીવ્યા તેના શું પરિણામો આવ્યાં.

"મંડળીઓમાં આજે વણવપરાયેલી આધ્યાત્મિક શક્તિ જો કોઈ હોય તો તે મધ્યસ્થીની પ્રાર્થના છે." - પીટર વેગનર

(૨) પ્રાર્થના શું નથી.

પ્રાર્થના સંબંધી ઘણું બધું શિક્ષણ પવિત્રશાસ્ત્રમાં અપાયેલું છે ઉપરાંત પ્રભુનાં સેવક/સેવિકાઓએ પણ પ્રાર્થના સંબંધી શિક્ષણ આપ્યું છે અને પ્રાર્થનાવાદી જીવનો જીવી ગયાં છે. આ બધાની વચ્ચે પ્રાર્થના સંબંધી ગેરસમજણ, અધૂરી સમજણ અને ખોટી સમજણ પણ પ્રવર્તે છે.

પ્રાર્થનાને પોતાની રીતે મૂલવનારા વ્યક્તિઓ પણ છે. પરંતુ પ્રાર્થનાને દેવનું વચન કેવી રીતે સમજાવે છે તે જ સાચી સમજ કે શિક્ષણ છે. તે સિવાયની તમામ રીતો કે માન્યતા હોઈ શકે.

(૧) પ્રાર્થના એકતરફી વ્યવહાર નથી.

(૨) પ્રાર્થના એ ભાષાનું પ્રદર્શન કરી દેવાની વ્યવસ્થા નથી.

(૩) પ્રાર્થના એ બૂમબરાડા પાડવાની કે ઈશ્વરને ધમકાવવાની કે આસપાસના લોકો પર મનોવૈજ્ઞાનિક અસર પાડવાની વ્યવસ્થા નથી.

(૪) ગમે તેમ-સમજણ વગર કરવાની રીત કે વ્યવસ્થા નથી.

(૫) કેવળ ફરિયાદ કરવાનું કે માગણીઓ રજૂ કરવાનું સાધન નથી.

(૬) આ વાતચીત છે. જે ઈશ્વર સાથે થતી હોઈને ઈશ્વરને સમજ્યા વગર અંગત અનુભવ વિના, વચનને સમજ્યા વગર કરવાની ક્રિયા કે વ્યવસ્થા નથી.

(૭) બાઈબલની કલમો ટાંકીને લોકોને આંજી દેવાની વ્યવસ્થા નથી. ઈશ્વરને તમામ વચનો મોઢે છે. ઈશ્વરે આપેલાં છે. તેથી વચનો ટાંકીને ઉચ્ચકક્ષાની - સાચી પ્રાર્થના સાબિત કરવાનું સાધન નથી. જેઓ કલમો ટાંકતા નથી તેઓની પ્રાર્થના નબળી, દમ વગરની કે અસરકારક નથી તેવું માનવાને કોઈ કારણ નથી.

(૮) પ્રાર્થના એ કેવળ બોલવાથી જ કરી શકાય તેવું નથી. પ્રાર્થના એ શાંત રહેવાનો પણ સમય છે. જેમાં ઈશ્વર બોલે છે. વ્યવહાર કરે છે. જે આપણે સાંભળીએ છીએ અથવા અનુભવીએ છીએ.

(૯) પ્રાસંગિક ક્રિયા નથી. સ્વાર્થ પૂરતું કરવાની નથી. અથવા અમુક સમય સુધી કરીને બંધ કરવાની વ્યવસ્થા નથી.

(૧૦) પ્રાર્થના કરનારે ઈશ્વર તેમના સમયમાં ઉત્તર આપશે તેવું સ્વીકારીને પ્રાર્થના કરવાની છે. પ્રાર્થનાનો પ્રત્યુત્તર હા અથવા આપણને અનુકૂળ જ હશે તેવું માનવું નહિ. પ્રાર્થના દ્વારા આપણને પ્રભુ તોડે, ઘડે, ચેતવણી આપે, પડકાર આપે, ઉત્તેજન આપે વગેરે બાબતોને સ્વીકારીને નમ્રતાસહિત કરવી.

(૧૧) પ્રાર્થનાની વ્યવસ્થા એ કોઈનો ઈજારો નથી. પોતાનું સામ્રાજ્ય સ્થાપવા માટેની કોઈ વ્યવસ્થા નથી.

(૧૨) પ્રાર્થના એ બીજાઓને ન સમજાય તેવી ભાષા વાપરવાનું સાધન-વ્યવસ્થા નથી.

(૧૩) પ્રાર્થના અમુક વ્યક્તિઓની જ સંભળાય છે એવું માનવું એ દુર્મત છે. ગેરસમજણ છે. આવી બાબતોથી પ્રાર્થના કરનારે દૂર રહેવાનું છે અને લોકોને એવી માન્યતાથી દૂર રાખીને સમજાવવાના છે કે પ્રાર્થના કોઈ પણ વ્યક્તિ કરી શકે છે. પ્રભુ દરેકની પ્રાર્થના સાંભળે છે. પ્રાર્થનાનો પ્રત્યુત્તર પ્રભુ તેમના સમયમાં આપે છે અને ઈશ્વર તેમની ઈચ્છા અનુસાર પ્રત્યુત્તર આપે છે. આવી સમજ પ્રાર્થના કરનારે ધરાવવાની છે અને બીજાઓને તે દિશામાં દોરવાના છે.

(૧૪) પ્રાર્થના એ આપણી ઈચ્છાનુસાર પ્રત્યુત્તર ન મળતા અને આપણાં સમયમાં પ્રત્યુત્તર ન મળતા ઈશ્વર પ્રત્યે આક્રોશ ઠાલવવાનું. કોઈ કારણ નથી. અથવા પ્રાર્થના બંધ કરવાનું કોઈ કારણ નથી. અથવા વિશ્વાસ ગુમાવી દેવાનું કોઈ કારણ નથી.

(૧૫) પોતાનો મહિમા પ્રગટ કરવાની - આંજી દેવાની વ્યવસ્થા નથી. હેવરી મેથ્યુ કહે છે : "બાઇબલ આપણને મળેલો ઈશ્વરનો પત્ર છે, જ્યારે પ્રાર્થના એ આપણો પત્ર છે જે આપણે ઈશ્વરને મોકલીએ છીએ" (The Bible is a letter God has sent to us. Prayer is a letter we send to him)

પ્રકરણ - ૨

જૂના કરારના કેટલાંક પાત્રોનાં પ્રાર્થનાવાદી જીવનો

૧. નૂહ :

ઉત્પત્તિ ૬:૯ - આ કલમની સાથે કલમ ૬ ને સરખાવવી પડે. પશ્ચાદભૂમિકા એવું જણાવે છે કે જગત દુષ્ટ અને ભ્રષ્ટ હતું. જે જગતનો ઈશ્વર સમૂળગો નાશ કરવાનો નિર્ણય કરે છે. આવા જગતની અંદર એક વ્યક્તિ નૂહ પ્રભુની સાથે જીવનાર વ્યક્તિ છે. Amplified Bible આ કલમનો અનુવાદ આ પ્રમાણે કરે છે, Noah was a just and righteous man, blameless in his (evil) generation, Noah walked (In habituel fellowship) with God.

<u>સીધો માણસ</u>: Oxford student's Dictionary of current English આ શબ્દ માટે જે અર્થ કરે છે તે આ છે, in accordance with what is right, well deserved based on reasonable grounds, exactly અને precisely જે કંઈ સત્ય હોય તે પ્રમાણે-તેના જેવું જેને યોગ્ય હોય તે, પ્રમાણો પર આધારિત જે ચોક્કસ અને સંક્ષિપ્ત છે.

<u>ન્યાયી માણસ</u>: એવો વ્યક્તિ કે જેને હંમેશા પ્રભુ સાથે સાચો, યોગ્ય, સીધો સંબંધ હોય, નૈતિક રીતે જે સાચું અને યોગ્ય છે તે કરનાર, નિયમને આધીન, નૈતિક રીતે જે ન્યાયી ઠરે તે (Oxford Dictionaryમાંથી)

ઉપરોક્ત ગુણોવાળો નૂહ પોતાના સમયમાં દોષરહિત વ્યક્તિ હતો. આખું જગત ભ્રષ્ટ થયું હતું. ઈશ્વરે તેનો સંપૂર્ણ નાશ કરવાનું નક્કી કર્યું હતું. તેવા જગતમાં એક જ વ્યક્તિ ઈશ્વર સાથેના સંબંધમાં જીવ્યો, ચાલ્યો - ઈશ્વર સાથેની સંગતની ટેવવાળો, ઈશ્વર સાથેની સંગત - પ્રાર્થના અને વિશ્વાસના સંદર્ભમાં અઘરી છે, પરંતુ અશક્ય નથી. પ્રભુ સાથેના સંબંધમાં જીવનારા હંમેશા બહુમતી લોકો રહ્યા નથી. પરંતુ લઘુમતી અને ઘણી વાર એક વ્યક્તિ હોય છે. આવું જીવન જીવનારા અને અનંતકાળ સુધી અસર પાડનારાઓની દ્રષ્ટિ જગત, પરિસ્થિતિ વગેરે ઉપર ક્યારેય રહી નથી અથવા આ બધી બાબતોએ તેઓને અસર પાડી

નથી, પરંતુ તેઓએ લોકો, સમાજ, દેશ અને દુનિયાને પૂરેપૂરી રીતે અસર પાડી છે.

કોઈકે સાચે જ કહ્યું છે કે, તમે + ઈશ્વર = બહુમતી [one + God = majority] આત્મિક યુદ્ધ ઈશ્વરને સાથે રાખીને જ જીતાય છે. આત્મિક જીવનની આશિષ પ્રાર્થના દ્વારા અને તે પણ ઈશ્વર સાથેના જીવાળ સંબંધ અને સંગતથી જ મેળવાય છે. કારણ કે થોડા લોકો જ જીવનના માર્ગ પર ચાલે છે. વધુ લોકો નાશના માર્ગ પર ચાલે છે. પ્રાર્થના કરનારા થોડા જ લોકો હોય છે. નહિ પ્રાર્થના કરનારાની સંખ્યા મોટી છે. પ્રાર્થના કરનારાની સંખ્યા ભલે થોડી હોય પરંતુ થોડી સંખ્યાનું બળ તે તો પ્રભુ તેમની સાથે છે, પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપે છે તે છે.

નૂહ દેવની સાથે હંમેશની ટેવ પ્રમાણે સતત પ્રભુ સાથે ચાલ્યો. પરિણામે તે તથા તેનું પરિવાર બચી ગયું. તેના દ્વારા પ્રભુએ બીજા લોકોને પૃથ્વી પર જન્મ આપ્યો. નૂહ ઈશ્વર અને માણસો વચ્ચે જોડતી કડી બન્યો. જે બીજાઓને તે સ્થાને આવવા ઉત્તેજન અને પડકાર આપે છે.

નૂહનું સ્થાન કોઈ પણ વિશ્વાસથી લઈ શકે છે. શરત એટલી જ કે નૂહના જીવનનું જે ધોરણ હતું, તેના જીવનના જે ગુણો હતા તે પ્રાપ્ત કરવા પડે.

૨. ઈબ્રાહિમ :

ઈબ્રામ માટે હેબ્રી શબ્દનો અર્થ થાય છે. મહિમાવંત, ઊંચો કરાયેલો પિતા (exalted father) જ્યારે ઈબ્રાહિમ માટે અર્થ થાય છે, અસંખ્ય લોકોનો પિતા (Father of a multtiude) ઇબ્રાહિમને વિશ્વાસનો આદિપિતા ગણવામાં આવે છે. વિશ્વાસ કરનારા લોકોનો પિતા પણ ગણવામાં આવે છે. કશું નથી ત્યારે વિશ્વાસથી ઈશ્વરને વળગી રહેવું, સતત વળગી રહેવું, ઈશ્વરે આપેલા વચનને પ્રભુ પૂરું ન કરે ત્યાં સુધી આધીનતામાં વળગી રહેવું, ક્યારેય વિશ્વાસમાંથી એક પણ ડગલું પાછું ન ફરવું, ઈશ્વરની સાથેનો સતત જીવાળ સંબંધ અને સંગત ધરાવનાર પ્રભુની દોરવણી પ્રમાણે જીવનાર અને ચાલનાર, પ્રભુને કાર્ય કરવાની પૂરેપૂરી તક આપનાર, પ્રભુએ આપેલ વચન પૂરું કરશે જ તેવો દૃઢ

વિશ્વાસ અને પ્રભુના પક્ષે હંમેશા ઊભો રહેનાર. આ બધા ગુણો ધરાવનાર ઈબ્રાહિમ પ્રભુ સાથે સતત ચાલ્યો. પ્રાર્થના એ પ્રાસંગિક કે આંશિક નથી. પ્રાર્થના જીવનનું અવિભાજ્ય અંગ છે. પ્રાર્થના વિશ્વાસીના જીવનનો કબજો લે છે, તેને ઘડે છે અને તે દ્વારા ઈશ્વર તેને સતત દોરે છે. પ્રાર્થના ઈશ્વર અને વિશ્વાસીને સતત જોડતી કડી છે. આ પ્રમાણે બને ત્યારે સતત જીવાતું વિશ્વાસનું જીવન બને છે જે ખરેખર તમામ પાસામાં વૃદ્ધિ પામતું અને અસર પાડતું જીવન બને છે. પ્રાર્થના એ ઈશ્વર પ્રત્યેની આરાધના છે. ઈબ્રાહિમનું સમગ્ર જીવન ઈશ્વરને મહિમા આપતું જીવન રહ્યું. સાચા અર્થમાં ઈશ્વરની આરાધનાવાળું જીવન રહ્યું.

૩. હનોખ :

હનોખનું જીવન ૩૬૫ વર્ષનું હતું. જેમાંથી ૩૦૦ વર્ષ દેવની સંગાથે ચાલ્યો - જીવ્યો. કલ્પના કરો શરૂઆતમાં તેના જીવનનાં વર્ષો ૬૫ પૂરાં થયાં. ૬૫ વર્ષો થોડાં વર્ષો ન કહેવાય. તેની અસર લગભગ કાયમી ગણી શકાય. પરંતુ હનોખ ૬૫ વર્ષ પૂરા થતા પ્રભુની પાછળ ચાલવા લાગ્યો. જે ત્યારપછી અંત સુધી દેવની ઈચ્છા પ્રમાણે જીવ્યો. દેવની સંઘાતે ચાલ્યો. Amplified Bible ચાલ્યાનો ખુલાસો કરતા લખે છે કે, ઈશ્વરની સાથેની સંગતમાં જીવાળ રહે છે. [in habitual fellowship with God] હેબ્રી. ૧૧:૫માં લખવામાં આવ્યું છે કે, દેવ તેના પર પ્રસન્ન હતો. ૩૦૦ વર્ષના પ્રભુના સાથેના સંબંધોનું વર્ણન મળતું નથી. ચાર કલમોમાં તેના જીવનનું વૃત્તાંત સમાયેલું છે. પરંતુ ૩૦૦ વર્ષ સંબંધી વિચારીએ, સતત પ્રભુ સાથેના સંબંધો, સંગતનું જીવન, પ્રભુ સાથેની વાતચીત, પ્રભુની ઈચ્છાને કેન્દ્રસ્થાન રાખવી, જગત અને તેની અસર ન થવી, ક્યારેય ઈશ્વર સાથેના સંબંધોમાંથી પાછા ન હટવું વગેરે વિચાર માગતા મુદ્દાઓ છે. આ બધાને પરિણામે ઈશ્વરે તેને પોતાની પાસે સ્વર્ગમાં લઈ લીધો. આ બાબત જ જીવનની સફળતા બતાવે છે. સતત પ્રભુ સાથેના સંબંધમાં રહેવું, જીવવું અને ચાલવું અને અંતે પ્રભુ તેના મહિમામાં તેડાવે. પ્રાર્થના એ સતત ચાલતી પ્રક્રિયા છે. જે તમામ સ્થળોમાં અને તમામ સંજોગોમાં સતત ચાલતી પ્રક્રિયા છે. હનોખ સતત ચાલ્યો એનો

અર્થ એ થાય કે પ્રભુ અને હનોખને એકબીજા સાથેના સંબંધોથી ક્યારેય જુદા ન પાડી શકાય તેવી સ્થિતિ. તેઓ બંને એક ટીમ - એકમ બની ગયા હતા. ઈશ્વરનું જીવન હનોખમાં પરાવર્તન થતું હતું. બીજી તરફ હનોખના જીવનથી ઈશ્વરને સતત મહિમા મળતો હતો.

૪. દાનિયેલ :

દાનિયેલ અને તેના મિત્રોને પોતાના દેશથી દૂર બાબેલની ગુલામીમાં મોકલવામાં આવ્યા હતા. ઉત્પત્તિ ૧૧:૧-૯ બાબેલના અનુભવ પહેલા ઉત્પત્તિના લેખકના જણાવ્યા પ્રમાણે તમામ લોકો એક હતા. પછી વિખેરાઈ ગયા. બાબેલના નામનો અર્થ ઈશ્વરનું પ્રવેશદ્વાર [Gate of God] આ નામ ફક્ત શહેર માટે જ નહિ પરંતુ આખા દેશ માટે વપરાયેલ છે.

વચનના દેશથી દૂર દાનિયેલ અને તેના મિત્રો છે. બાબેલની ગુલામીમાં આશરે ઈ.સ. પૂર્વે. ૫૮૬માં ગયા. જ્યાં તેઓ ૭૦ વર્ષ સુધી રહ્યા (૨ કાળ. ૩૬:૨૧). ઈબ્રાહિમે વિશ્વાસથી પોતાની મુસાફરી શરૂ કરી. ઉર પણ બાબેલનો જ એક ભાગ હતો. (ઉત્પ. ૧૧:૩૧).

દાનિયેલના નામનો અર્થ થાય છે કે, ઈશ્વર મારો ન્યાયાધીશ છે. [God is my judge] યોશિયા રાજાના સમયમાં ઈ.સ.પૂર્વ. ૬૨૧માં તેનો જન્મ થયો હતો. બાબેલની ગુલામીમાં પ્રથમ ત્રણ વર્ષો સુધી તેને તથા તેના મિત્રોને શિક્ષણ આપવામાં આવ્યું. ઈશ્વરની કૃપાથી બધા કરતા વધારે હોશિયાર માલૂમ પડ્યા. શ્રેષ્ઠ માલૂમ પડ્યા (૧:૨૦). દાનિયેલને દર્શન અને સંદર્શનનું દાન આપવામાં આવ્યું હતું. (૧:૧૭). આકાશના દેવે દાનિયેલને મર્મ સમજાવ્યો (૨:૨૮ સરખાવો ૨:૧૧). દાનિયેલની પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપ્યો, (૨:૧૮-૧૯), ગુલામીના ઘરમાં પણ દાનિયેલ પૂરેપૂરી ઈશ્વરપરાયણતા સાથે ઈશ્વરની સેવા કરે છે. (અ.૧.) દાનિયેલનું પુસ્તક ઈશ્વરના વિદેશીઓ પરના સર્વોચ્ચ અધિકારની વાત કરે છે. પ્રભુ તેના કરારના લોકો સાથે કેવી રીતે વિશ્વાસુપણે વર્તે છે તેની વાત આ પુસ્તક કરે છે. બધી જ બાબતમાં દાનિયેલનું પ્રાર્થનાવાદી જીવન આપણને સ્પર્શી જાય છે. (૬:૧૦;૯:૩

થી ૨૧;૧૦:૧૨). દાનિયેલની નમ્રતા, આધીનતા, પસ્તાવો અને સતત પ્રભુ પાસે પ્રાર્થના સહિત થોભવાની બાબત જ તેને ગુલામીના ઘરમાં પણ ફતેહ પમાડે છે. અ.ર.ઈશ્વરસ્તુતિ, લોકો માટેની પ્રાર્થના (૯:૪-૧૯).

૫. હિઝિકિયા :

(૨ રાજા ૨૦:૧-૧૧) હિઝિકિયાની માંદગી, પ્રાર્થના અને બચાવની વાત કરે છે. હિઝિકિયા ઈ.સ.પૂ. ૬૮૬માં મૃત્યુ પામ્યો. આ વાતનો ઉલ્લેખ યશાયા ૩૮મા પણ કરેલ છે. ઈશ્વર યશાયાને હિઝિકિયા પાસે મોકલે છે અને તેની મારફતે કહેવડાવે છે કે, હિઝિકિયા મરણ પામશે. આ વાતના સંદર્ભમાં રાજા પોતાને ખૂબ યોગ્ય રીતે તૈયાર કરે છે. પ્રભુની આગળ કાલાવાલા કરે છે. સાથે સાથે તેનું જીવન પણ સાક્ષીરૂપ હતું. આ સંજોગોમાં પસ્તાવો પણ કરે છે. (પછી હિઝિકિયા બહુ રડ્યો - ૨૦:૩(બ)). પોતાના પૂરા હૃદયથી ઈશ્વરને માન આપે છે. આ ખાસ સંજોગોમાં તેનો ઈશ્વર પ્રત્યેનો ખૂબ યોગ્ય વ્યવહાર પણ મહત્ત્વનો સાબિત થાય છે. એક કારણ એ પણ હોય કે મનાશ્શાનો જન્મ પણ થયો નથી અને મનાશ્શાને રાજાના પદે નિમ્યો ત્યારે તે બાર વર્ષનો હતો. ઈશ્વરની આગળ કરેલી પ્રાર્થના અસરકારક પરિણામ લાવનારી સાબિત થઈ. દાઉદના સાચા સંતાન તરીકે હિઝિકિયા ઈશ્વર પ્રત્યે યોગ્ય વ્યવહાર કરે છે. પ્રાર્થના દ્વારા પ્રભુની પાસે પોતાની જાતને મૂકે છે, નમ્ર કરે છે અને નમાવે છે. પરિણામે હિઝિક્યાના જીવનમાં ઈશ્વર ૧૫ વર્ષ ઉમેરી આપે છે. (ઈ.સ. પૂ. ૭૦૧-૬૮૬) (૨ રાજા ૧૯:૧,૩,૪,૧૫, હિઝિકિયાએ કરેલી પ્રાર્થના અને પસ્તાવાના કારણે ઈશ્વરથી ખાત્રી મળે છે. ૨ રાજા ૧૯:૨૮(બ) ૨૯,૩૦,૩૧,૩૪. હિઝિકિયાના જીવનમાં આવેલી પરિસ્થિતિ ગંભીર હતી. પરંતુ આ પરિસ્થિતિમાં તેનો વ્યવહાર ખૂબ અગત્યનો સાબિત થાય છે. મનની સ્પષ્ટતા, હૃદયની દૃઢતા અને પ્રભુ પ્રત્યેના સંબંધો તેને આ વિકટ સંજોગોમાં પણ ટકાવી રાખે છે. પ્રાર્થના પરિણામ લાવનારી સાબિત થાય છે. હિઝિકિયા અંગત રીતે પોતાના પ્રભુને ઓળખે છે. પ્રાર્થના સિવાય બીજો કોઈ વિકલ્પ તેના જીવનમાં

જોવા મળતો નથી. તેના મરણ પછી યહૂદામાં ૫૭ વર્ષ પ્રભુને નહિ ઓળખનારા રાજાઓ આવ્યા (મનાશ્શા અને આમોન (૨ રાજા ૨૧). પ્રાર્થનાવાદી જીવન વારસાગત નથી પરંતુ એ વ્યક્તિ પ્રભુને ઓળખીને પ્રભુ સાથે અંગત રીતે જીવન જીવે છે તો જ પ્રભુને સમજશે અને પ્રાર્થનાનું મહત્ત્વ સમજશે. તે સિવાય પ્રાર્થના લોકો કરશે પરંતુ અંગત જીવન પ્રભુ સાથેનું ન હોવાને કારણે પ્રાર્થના ઔપચારિક બાબત બની જશે. તેનાથી કોઈ પરિણામ નહિ આવે અને ઈશ્વરને પણ મહિમા નહિ મળે. ઉપરાંત વ્યક્તિગત જીવનો વૃદ્ધિ પામશે નહિ. યશાયા ૩૮ આભારસ્તુતિનું ગીત છે. (ક. ૧૦-૨૦).

૬. યોશિયા :

હિઝિકિયાના મરણ પછી ૫૭ વર્ષ યહૂદાહના લોકો માટે ભારે મુશ્કેલ સમય હતો. તેઓ જીવતા પ્રભુને ભૂલી ગયા હતા. મનાશ્શાહ અને આમોને (૨ કાળ. ૩૩) લોકોને જીવતા પ્રભુ તરફથી અન્ય દેવદેવીઓ તરફ દોર્યા. એક આખી પેઢી પસાર થઈ ગઈ તેવા કટોકટીના સમયમાં ૮ વર્ષના નાના છોકરા તરીકે યોશિયાને રાજકારભાર સોંપાયો.

પ્રથમ યોશિયાએ જીવતા પ્રભુને શોધ્યા. ત્યાર બાદ તેની ઇચ્છા પ્રમાણે સઘળું કર્યું. દાઉદ જે જીવતા પ્રભુના માર્ગમાં ચાલનાર, તેણે તૈયાર કરેલ માર્ગોમાં યોશિયા ચાલ્યો. (૨ કાળ. ૩૪:૨). ઈશ્વર પ્રત્યેની આસ્થા સતત તેના જીવનમાં જોવા મળે છે. ઈશ્વર પ્રત્યેનો ભક્તિભાવ, ઈશ્વરની ઇચ્છા શોધનાર અને તેને માન આપનાર પ્રભુનો દાસ હતો તેની પ્રજા પણ તે પ્રમાણે જીવે માટે તેની કાળજી રાખનાર અને વ્યવસ્થા પૂરી પાડનાર યોશિયા હતો. (વાંચો ૨ કાળ. ૩૪,૩૫).

૭. નહેમ્યા :

નહેમ્યાના પુસ્તકના સંજોગો : નહેમ્યા યરુશાલેમ આવે છે તેના સંદર્ભમાં આખી વાત છે. (અ.૧-૭,૧૨:૩૧-૧૩:૩૧). નહેમ્યાના પૂર્વજોને યરુશાલેમના પતન વખતે બાબેલની ગુલામીમાં લઈ જવામાં આવ્યા હતા. આવી ગુલામીના ઘરમાં નહેમ્યાને મહત્ત્વના સ્થાને મૂકવામાં આવ્યો હતો. (૧:૧૧, સરખાવો ૨:૧) પ્રભુના આ સેવકને તેના જ્ઞાન,

ડહાપણ અને વિશ્વાસુપણાના સંદર્ભમાં રાજદરબારમાં મહત્ત્વના સ્થાને નીમવામાં આવ્યો હતો. તેની બુદ્ધિક્ષમતા, પરિપક્વતા અને આત્મિક્તા, તેના આ સ્થાન માટે મહત્ત્વના સાબિત થયાં હતાં. નહેમ્યાનું પુસ્તક આશરે ઈ.સ. પૂ. ૪૩૦માં અથવા આસપાસના સમયમાં લખાયું હોય.

નહેમ્યાનું પુસ્તક નહેમ્યાના સમગ્ર જીવનની સાબિતી આપે છે. જે પ્રાર્થનાવાદી જીવન હતું. (અ. ૧,૨:૧-૮,૪:૯,૬:૯,૮:૬,૯, ૯:૩,૧૭,૧૨:૪૩) એઝરા અને નહેમ્યાની આત્મિક નેતાગીરી હેઠળ ઈસ્રાએલ પ્રજા વચનના દેશમાં પરત આવી (એઝરા : ૧,૨) ઉજ્જડ પડેલ દેશમાં ફરીથી સ્થાપવા પોતાના લોકોને પ્રભુ પ્રાર્થનાવાદી સેવકોની આગેવાનીમાં દોરી લઈ જાય છે.

૮. દાઉદ :

દાઉદના નામનો અર્થ વહાલો થાય છે. ઈસ્રાએલ પ્રજાનો મહાન અને સફળ રાજા હતો. તેનો જન્મ ઈ.સ.પૂ. ૧૦૪૦માં થયો હતો. (૨શમૂએલ ૫:૪). યશાઈનો સૌથી નાનો દીકરા હતો.(૧ શમૂએલ ૧૬:૧૦,૧૧) ગીતશાસ્ત્રનાં ૧૫૦ ગીતોમાંથી ૭૩ દાઉદનાં ગીતો છે.

ગીતશાસ્ત્રનાં ગીતો અને દાઉદના સમગ્ર જીવનને તપાસતા જણાય છે કે, દાઉદ ઈશ્વરની ઇચ્છાનુસાર જીવન જીવનાર પ્રભુનો સેવક હતો. ઈશ્વરની સલાહ પૂછીને આગળ વધનાર પ્રભુનો સેવક હતો. (૧ શમૂએલ ૨૩:૨,૪,૧૧,૧૨,૩૦:૮,૧ શમૂએલ ૨૮:૬, ૨ શમૂએલ ૨:૧,૫:૧૯,૨૩, ૨ શમૂએલ ૨૨:૨,૩,૭,૫૦,૨૩:૨, ૨શમૂએલ ૨૧:૧૪) આ તેના પ્રાર્થનાવાદી જીવનનાં ઉદાહરણો છે. પ્રાર્થનાની સાથે સાથે તેણે પશ્ચાતાપ પણ કર્યો હતો. જે તેનાં ગીતોમાંથી જોવા મળે છે.(૪:૪,૫:૨,૩,૬:૯,૧૮:૩,૪૯,૧૯:૧૨,૧૪, અ૨૦,૨૫:૭,૨૮:૬,૩૦:૨,૩૨:૫,૩૫:૧૮,૪૦:૧,અ૫૧,૫૫:૧, ૧૯,અ૮૬, ૧૦૩:૩,૧૦,૧૨૨:૬,૧૩૮:૩,૧૩૯:૨૩,૨૪). દાઉદની સફળતાનું આ એકમાત્ર રહસ્ય છે કે તેના જીવનમાં ઈશ્વર કેન્દ્ર સ્થાને હતા. મહાન પ્રભુ સાથેનો તેનો ગાઢ સંબંધ હતો. રાજા તરીકેની ભારે વ્યસ્તતાની વચ્ચે પણ પ્રભુ માટે સમય કાઢે છે. ગીતશાસ્ત્ર

૧૧૯:૧૬૪ આપણાં મગજમાં ન બેસે તેવી કલમ છે. પરંતુ પ્રભુના વચનનાં ક્યાંય અતિશયોક્તિ નથી. તમામ વચનો સત્ય છે. આ કલમ મોટો પડકાર છે. દાનિયેલના જીવનમાં જોઈ ગયા કે રાજા પછીના બીજા ક્રમે હોવા છતાં દિવસમાં ત્રણ વાર પ્રાર્થના કરે છે. જ્યારે અહીં રાજા પોતે સાતવાર ઈશ્વરની સાથે સંગત કરે છે.

૯. એલીએઝેર :

(ઉત્પત્તિ ૨૪) ઉત્પત્તિ ૨૪:૧૨, હે યહોવા, મારા ધણી ઈબ્રાહિમના દેવ, હું તારી વિનંતી કરું છું કે આજે મારું કામ સફળ કર, ને મારા ધણી ઈબ્રાહિમ પર દયા કર...ત્યારબાદ કલમ ૧૩,૧૪ પણ એ જ પ્રાર્થનાનો ભાગ છે. ક ૨૬, તે માણસે માથું નમાવીને યહોવાનું ભજન કર્યું અને ક ૨૭ પણ એ જ પ્રાર્થનાનો (આભારસ્તુતિનો) ભાગ છે.

એલીએઝેર નોકર હતો જે લાંબા સમયથી ઈબ્રાહિમની તથા તેના પરિવારની સેવા કરતો હતો. ઉપરાંત નાનો માણસ હતો, છતાં વિશ્વાસુ વ્યક્તિ હતો. ઈબ્રાહિમને તેના પર પૂરેપૂરો ભરોસો હતો. પોતાનું સર્વસ્વ તેણે એલીએઝેરના હસ્તક રાખ્યું હતું. વળી દીકરા માટે પત્ની લાવવાનું કામ પણ તેને જ સોંપવામાં આવ્યું હતું. (ક ૨ થી ૪). કામની દૃષ્ટિએ નાનો માણસ છતાં વિશ્વાસમાં એ ખૂબ મોટો હતો. તેનું જીવન પ્રાર્થનાવાદી હતું. કેવળ પ્રાર્થનાથી જ રિબકાના ઘર સુધી પહોંચે છે. અને રિબકા તથા તેના પરિવારના સભ્યો પણ એલીએઝેરની વાતને સ્વીકારે છે. એલીએઝેર પ્રભુને બધું સોંપે છે ત્યારે ઈશ્વર તેની તમામ જવાબદારીનો કબજો લે છે. તમામ વાતાવરણને, લોકોને અને વ્યવસ્થાને એલીએઝેરના હકમાં અનુકૂળ બનાવે છે. કેવળ પ્રાર્થના દ્વારા ઈશ્વરને બધું સોંપવાથી કેવું બધું જ સરળ અને શક્ય બની જાય છે. પ્રભુ તમામની પ્રાર્થના સાંભળે છે. દુનિયાની દૃષ્ટિએ વ્યક્તિ નાની કે મોટી હોઈ શકે. પરંતુ પ્રભુ વ્યક્તિના હૃદયને અને વિશ્વાસને માન આપે છે.

૧૦. યાકૂબ :

(ઉત્પત્તિ ૨૮) અધ્યાય ૨૮ની વાત સંબંધી વિચારતા પહેલાં અ.૨૭ની વાતને પણ ધ્યાનમાં રાખવી જોઈએ (ખાસ વાંચો ૨૭:૩૫-

૩૬,૪૧). યાકૂબને આશીર્વાદ સાથે તેનો પિતા તેને વિદાય કરે છે. રસ્તામાં તેને ઈશ્વરની સમક્ષતાનો જે અનુભવ થાય છે તે અદ્‌ભુત છે. આ આખા બનાવ પછી યાકૂબની પ્રાર્થના સૂચક છે. ક. ૨૦-૨૧ ખાલી હાથે જતો યાકૂબ તેની પાસે કશું નથી ત્યારે ઈશ્વરની આગળ પ્રાર્થનામાં માનતા લે છે, કરાર કરે છે. ઈશ્વરનું પારખું કરવાનો વિચાર પ્રગટ થાય છે. જો કે એ સહેલું છે કે જ્યારે આપણી પાસે કશું જ ન હોય ત્યારે નિર્ણય કરીએ. પરંતુ યાકૂબના સંદર્ભમાં એવું નથી બન્યું (ઉત્પ. ૩૫:૧-૩,૧૪-૧૫). પ્રભુએ તેને ઈસ્રાએલ પ્રજાનો આગેવાન બનાવ્યો તેના નામ પરથી ઈસ્રાએલ પ્રજા એવું નામ પડ્યું.

૧૧. મૂસા :

મૂસાના જીવનના વૃત્તાંતની શરૂઆત નિર્ગમનથી થાય છે. તેના જીવનની શરૂઆતથી જ સ્પષ્ટ જણાય છે કે, તે પ્રભુની મહાન યોજનાનો એક ભાગ કે મહત્ત્વનું પાત્ર છે. નિર્ગ. ૪:૫,૧૫,૩૨, ગણના ૧૧:૧૧-૧૫,૧૨:૧૩,૧૪:૧૩-૧૯,૨૧-૨૩,૧૬:૨૨,૨૭:૧૫, પુન. ૩:૨૩-૨૪.

મૂસાની નિમણૂક ખાસ સંજોગોમાં અને ખાસ હેતુને માટે કરવામાં આવી હતી. મૂસા પ્રભુની સાથે મોઢામોઢ વાત કરનાર પ્રભુનો સેવક હતો. પ્રાર્થના તેના જીવનમાં સતત હતી. કારણ કે પ્રભુ સાથે સતત વાતચીત કરતો હતો. તેના જીવનમાં તેણે કેટલીક અગત્યની ભૂલો પણ કરી હતી. છતાં પ્રભુ સાથેના તેના સંબંધો યથાવત રાખ્યા હતા. ઈશ્વર અને લોકોની વચ્ચે જોડતી કડી તરીકે આપણે મૂસાને સતત જોઈએ છીએ. પ્રભુ તેના આ મહાન સેવકને હંમેશા નિભાવી રાખે છે. તેની મર્યાદામાં તેનું સામર્થ્ય સતત પૂરે છે. પ્રભુ તેનો આગેવાન અને રક્ષક બની રહે છે. મોટી જનસંખ્યા ધરાવતી ઈસ્રાએલ પ્રજાને દોરવી સરળ અને શક્ય ન હતું. પરંતુ પ્રભુ પાસે સતત પ્રાર્થના દ્વારા આવવું તે તેની આગેવાનીનો નિર્ણાયક સમય હંમેશા રહ્યો હતો.

(ગણના ૨૭:૧૫-૧૮) ગણના ૨૭:૧માં જણાવ્યા પ્રમાણે સોલેફહાદની દીકરીઓએ મૂસાની પાસે આવીને વિનંતી કરી. તેઓની

આ વિનંતી મૂસાએ યહોવાની સંમુખ રજૂ કરી (ક.૫) ઈશ્વરે તેઓનો આ દાવો (વિનંતી) માન્ય રાખ્યો (ક.૭).

પરંતુ મરીબાહના પાણી પાસેની ઘટનાનું પ્રભુને જે દુઃખ પહોંચ્યું છે જે વાત યહોવા જણાવે છે. (ક.૧૪). પ્રભુ ઈચ્છે છે કે, તેના લોકોને દોરનાર આગેવાન હોય (ક. ૧૭). ક.૧૫ પ્રમાણે મૂસાએ યહોવાને પ્રાર્થના કરી. કલમ ૧૮ ઈશ્વર યોગ્ય વ્યક્તિની નિમણૂક કરવાનું કહે છે.

મૂસાના જીવનમાંથી એક વાત શીખવાની મળે છે કે, તે પોતે નાનામાં નાની વાત માટે ઈશ્વરની સલાહ શોધે છે. જો કે તેના જીવનમાં અમુક પ્રસંગે આ દિશામાં નિષ્ફળ પણ ગયો. પ્રભુની આગળ તેના પછીના નેતાની પસંદગી માટે પ્રાર્થના કરે છે ત્યારે પ્રભુ પોતાની ઈચ્છા સ્પષ્ટ જણાવે છે. પ્રભુ વ્યક્તિ અને તેના નામ સાથે પોતાની ઈચ્છા જણાવે છે.

૧૨. હાન્ના :

(૧ લો શમૂએલ ૧:૧૧,૧૩,૨:૧-૧૦) હાન્નાનું જીવન પ્રશ્નો અને દુઃખથી ભરેલું હતું. સામાન્ય રીતે જોતા તે એક સામાન્ય સ્ત્રી જણાય છે. પરંતુ તેને સંતાન ન હોવાથી તેની મનોવ્યથા સમજી શકાય તેમ છે. જે ઈશ્વરે તેને સંતાન વગરની રાખી હતી (૧:૫) તે જ ઈશ્વર પાસે સતત પ્રાર્થના દ્વારા પોતાનું હૃદય ઠાલવે છે. પોતાની આજીજી જીવતા પ્રભુ પાસે લાવે છે. તેની વ્યક્તિગત સ્થિતિની સાથે તેના કુટુંબમાં પણ તેની સ્થિતિ દયાજનક દેખાય છે. જો કે તેનો પતિ તેના પર પ્રેમ રાખે છે. છતાં તેના માટે કુટુંબમાં વાતાવરણ જુદું જણાય છે (૧:૭). આવા સંજોગોમાં હાન્નાએ અપનાવેલું વલણ એ ખૂબ મહત્ત્વનું સાબિત થાય છે. બીજા કોઈની પાસે મારા પ્રશ્નનો ઉકેલ નથી તેવું તેનું વલણ સ્પષ્ટ જણાય છે. માટે સર્વસમર્થ ઈશ્વર પાસે હૃદય અને મન ઠાલવે છે. પ્રાર્થનાનો આ એક વિશિષ્ટ પ્રકાર અને રીત જોવા મળે છે. આપણા ઈશ્વરપિતા સરજનહાર છે વળી પરિસ્થિતિ બદલનાર છે એવું હાન્નાનું સ્પષ્ટ વલણ જણાય છે. (૧:૧૧). પ્રાર્થનામાં સરળતા જણાય છે. કશું જ કૃત્રિમ નથી. ઈશ્વર આપણો પિતા છે અને આપણે તેના સંતાનો છીએ એ રીતે પિતા અને

પુત્રીનો વાર્તાલાપ છે. એ બંને વચ્ચેનો કરાર છે. ઈશ્વર જે આપશે તે સો ટકા ઈશ્વરને જ પરત કરવામાં આવશે. ઈશ્વર જે બાહ્ય દેખાવથી પ્રસન્ન થતો નથી તે ઈશ્વર હૃદયના ભાવને ઓળખે છે. પ્રાર્થના એ હૃદયથી કરેલી હોય તો માન્ય થાય છે. પરિણામે હાન્નાની પ્રાર્થનાનો સાંભળનાર તથા પ્રત્યુત્તર આપનાર પ્રભુ છે. આપણા પક્ષે તો વિશ્વાસથી તેના પર અઢેલવાનું છે અને વિશ્વાસથી જીવંત પ્રભુને વળગી રહેવાનું છે.

૧લો શમૂએલ ૨: ૧-૧૪ એ પ્રાર્થના છે પરંતુ તેમાં વિનંતી કરતા આભારસ્તુતિ વિશેષ છે. તમામ કલમોમાં પોતાની દીનાવસ્થા, અધમાવસ્થાનો સ્વીકાર છે જ્યારે બીજી તરફ ઈશ્વરનો સર્વોચ્ચ અધિકાર જણાય છે. પ્રાર્થના એ કેવળ વિનંતી માગણી જ નથી પરંતુ આભારસ્તુતિ અને ઈશ્વરસ્તુતિ પણ છે.

૧૩. મનોઆહ :

(ન્યાયા. ૧૩). મનોઆહ તથા તેનો પરિવાર કપરા સમયમાં-સંજોગોમાં જીવતા હતા. તેમની આસપાસ દુષ્ટ અને ભ્રષ્ટ જગત હતું. લોકો ઈશ્વરને ઓળખતા ન હતા. તેઓ સાચા અર્થમાં જીવતા પ્રભુને ભૂલી ગયા હતા. પોતાને ઠીક લાગે તે રીતે તેઓ જીવતા હતા. અને વર્તતા હતા. ઈશ્વરનું ધોરણ અને ઈશ્વરની ઇચ્છા તેઓના જીવનમાંથી ચાલ્યા ગયા હતા.

આવા સમયમાં મનોઆહ અને તેનો પરિવાર પ્રભુની ઇચ્છા શોધે છે. તેઓને સંતાન ન હતાં. આ એક માનસિક હતાશા અને નિરાશાનો સમય હતો. જીવનમાં તેઓ ખાલીપણું અનુભવતા હતા ત્યારે તેઓની પાસે દેવનો દૂત આવી આશિષ આપે છે. તેઓની સ્થિતિ તો દયાજનક-મહેણાંરૂપ હતી ત્યારે ઈશ્વર તેમની સ્થિતિ બદલે છે. (ક.૩.વ્યક્તિની અયોગ્યતા હોય છે ત્યારે ઈશ્વરના આશીર્વાદો પ્રાપ્ત થાય છે. વ્યક્તિની યોગ્યતા ઈશ્વરના આશીર્વાદો માટે ક્યારેય કામ આવતી નથી.

મનોઆહ અને તેની સ્ત્રી આ આશીર્વાદને માટે આભારીભાવે અને આનંદથી ઈશ્વરની આગળ નમ્રતા સહિત થોભે છે. પ્રભુની વધુ દોરવણી પ્રાપ્ત કરવા તેઓ ઝંખના રાખે છે. તેઓમાં નમ્રતા સાથે પ્રભુ પાસે શીખવાની તૈયારી પણ છે. (ક.૮). દેવની ઇચ્છા તેઓના જીવનમાં પરિપૂર્ણ થાય તે માટે ઝંખના રાખે છે. (ક.૧૨)

પ્રભુ જ્યારે મનોઆહ અને તેની સ્ત્રીની પ્રાર્થના સાંભળે છે ત્યારે નમ્રતા સાથે, આભારી ભાવસહિત પ્રભુની આગળ અર્પણ ચઢાવે છે. (ક.૧૯) તેઓ પોતાના પૂરેપૂરા હૃદયથી, મનથી અને જીવથી જીવતા પ્રભુનું ભજન કરે છે. (ક.૨૦(બ). પ્રાર્થના કેવળ એક તરફી નથી, ઉપરછલ્લી નથી, બાહ્ય નથી, પરંતુ ઈશ્વરની આગળ નમ્ર થવાનો સમય છે. દેવનું સાંભળવાનો સમય છે. દેવની આરાધના કરવાનો સમય છે. દેવ કાર્ય સંપૂર્ણ કરે તે માટે રાહ જોવાનો સમય છે. સૌથી વિશેષ પ્રાર્થના તે દેવને મોટો મનાવવાનો સમય અને વ્યવસ્થા છે. આ પરિવાર દ્વારા ઈશ્વરે તેનો મહાન સેવક આપ્યો. પ્રાર્થના દ્વારા ઈશ્વર મહાન કાર્યો કરી શકે છે. પ્રાર્થના દ્વારા આપણે ઈશ્વરને કાર્ય કરવા આમંત્રણ આપીએ છીએ.

૧૪. એલિયા :

(૧ રાજા ૧૭-૧૯) એલિયાના નામનો હિબ્રૂ શબ્દ એલિયાહ થાય છે. જેનો અર્થ "યહોવા ઈશ્વર છે" (Jahovah is God) એલિયાની સેવા આહાબરાજાના સમયમાં રહી. લગભગ ઈ.સ.પૂ.૮૭૪-૮૫૨). જેના વિશે યાકૂબ ૫:૧૭-૧૮માં ટૂંકમાં છતાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. એલિયા આપણા જેવો જ હતો. પ્રભુના જે તમામ સેવકો/સેવિકાઓની પ્રાર્થનાઓ અસરકારક સફળ પરિણામ લાવનારી રહી તેઓની મર્યાદાઓ અને નિષ્ફળતાઓ હતી. પરંતુ પ્રાર્થના કરનારા ભલે નબળા વ્યક્તિઓ હતા, પરંતુ તેઓનું એક મહત્ત્વનું પાસું તે તો વિશ્વાસ હતો.

એલિયાની પ્રાર્થનાનાં કેટલાંક મહત્ત્વનાં પાસાંઓ આ પ્રમાણે છે. (૧) ૧ રાજા ૧૭:૧:....હવેનાં વર્ષોમાં ઓસ તથા વરસાદ કેવળ મારા કહેવા પ્રમાણે જ પડશે. (૨) ૧ રાજા ૧૭:૨૦ (૩) ૧ રાજા ૧૮:૨૪:...(૪) ૧ રાજા ૧૮:૩૬ (૫) ૨ રાજા ૨:૧૪:....એલિયાનો દેવ યહોવા ક્યાં છે?

એલિયાની પ્રભુ સાથેની સતત જીવાળ સંગત. પ્રભુની ઇચ્છા શોધ્યા વગર તે કશું પણ કરતો નહિ. રાજા અને તેની દેખાતી શક્તિશાળી વ્યવસ્થા એલિયા આગળ કેવી વામણી લાગે છે. એલિયાની પ્રાર્થનામાં દમ છે. કારણ કે તેની પ્રાર્થના જીવંત વિશ્વાસ પર આધારિત હતી. તે

જીવતા પ્રભુને અંગત રીતે ઓળખતો હોવાથી, પ્રભુની ઇચ્છા પ્રમાણે જીવતો હોવાથી તેના જીવન દ્વારા પ્રભુ મહિમા પામે છે. પ્રભુનો પસંદ કરેલો પ્રાર્થનાવાદી સેવક હતો. માટે તે પ્રભુ સાથેના સતત જીવાળ સંબંધ અને સંગતમાં ચાલે છે તેની પ્રાર્થનાથી વરસાદ અટકે પણ છે અને પડે પણ છે. તેની પ્રાર્થનાથી આકાશમાંથી અગ્નિ પડે છે. તેની પ્રાર્થના મરેલા છોકરાને જીવતો કરે છે. તેના જીવનની ભવ્યતા તો ઈશ્વર તેને વંટોળિયા મારફતે ઉપર આકાશમાં લઈ લે છે તે છે.

એલિયાનો જીવંતપ્રભુ સાથે ગાઢ-જીવાળ સંબંધ હતો. સારફતની વિધવાને કહેલ શબ્દો ઉપર ધ્યાન દો. (૧ રાજા ૧૭:૧૪). જે દીકરો મરી ગયો તેને તેણે જીવંત પ્રભુના નામમાં જીવતો કર્યો. (૧ રાજા ૧૭:૨૧-૨૨). બઆલના ચારસો પચાસ પ્રબોધકો અને અશેરાહ દેવીના ચારસો પ્રબોધકો (૧ રાજા ૧૮:૧૯) ની વચ્ચે એલિયા કેટલો નિર્ભય દેખાય છે. કેવી ઠાવકાઈથી તેઓની અને તેઓના દેવની મશ્કરી કરે છે. તેને તેઓની તથા તેઓના દેવની કોઈની બીક નથી. બીજી તરફ એલિયા જીવતા પ્રભુના નામે એકલો જ તેઓની વચ્ચે ઊભો રહે છે. ૧ રાજા ૧૯ ને વાંચતા જણાય છે કે, પ્રભુનો આ મહાન સેવક તેની નબળાઈ દેખાય છે તે ઈઝેબેલથી બી ગયો હતો. પરંતુ આ ખાસ સંજોગોમાંથી ઈશ્વર તેને બહાર લાવે છે.

૧૫. સુલેમાન :

(૨ કાળ ૧:૭-૧૦). સુલેમાનનું જીવન શરૂઆતથી જ ઈશ્વરનું ભય રાખનારું હતું. ઈશ્વર અને તેની આરાધના તેના જીવનનો હિસ્સો હતું. સુલેમાન પછી દાઉદ કુળનું રાજ્ય (બે કુળ સાથે) અને બાકીના દસ કુળનું રાજ્ય ઈસ્રાએલનું રાજ્ય એ બે અલગ રાજયો બન્યાં. સુલેમાન સર્વ રીતે શક્તિશાળી રાજા હતો. રાજાઓનો ઇતિહાસ તપાસતા જણાય છે કે, કેટલાક રાજાઓ યહોવાની દૃષ્ટિમાં જે સારું હતું તે પ્રમાણે શોધી અને જીવ્યા. જ્યારે મોટા ભાગના રાજાઓ યહોવાની દૃષ્ટિમાં જે ભૂંડું હતું તે પ્રમાણે કરીને ઈશ્વરની વિરુદ્ધ જીવ્યા. સુલેમાનની તેના રાજયકાળની શરૂઆતે કરેલી પ્રાર્થના વિશિષ્ટ છે. તેની માગણી એકદમ

યોગ્ય હતી. (૨ કાળ. ૧:૧૦). ત્યારે ઈશ્વરનો પણ પ્રત્યુત્તર સમજવા જેવો છે. સુલેમાને જે માંગ્યું તેનાથી જીવંત ઈશ્વર ખુશ થાય છે.તેની માગણી મુજબ તો તેને ઈશ્વર આપે જ છે. વળી તે ઉપરાંત તેણે જે માંગ્યું નથી તે ઈશ્વર તેને આપે છે. (૨ કાળ ૧:૧૨). ૨કાળ ૬:૧૩,૧૪,૧૯, ૨૦,૨૧,૨૩,૨૪, ૨૫,૨૭,૨૯,૩૦,૩૨, ૩૩,૩૪,૩૫,૩૯, ૪૦;૭:૧,૧૨,૧૫,- સુલેમાનનો વૈભવ, ધન, કીર્તિ, ખ્યાતિ વગેરે પુષ્કળ પ્રમાણમાં હતા. પરંતુ ઉપરોક્ત જણાવેલ ૨ કાળ. ૬,૭. બન્ને અધ્યાયોનો અભ્યાસ કરતા તેનું પ્રાર્થનાવાદી જીવન સ્પષ્ટ જણાઈ આવે છે. પોતાના લોકોને પ્રભુ આશિષ આપે, તેઓના પાપની ક્ષમા આપે, વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને પ્રાર્થના કરે છે. ઈશ્વર અને લોકો વચ્ચે મધ્યસ્થ તરીકે ઊભો રહે છે. વહીવટી કુશળતા જવાબદારી ઉપરાંત પોતાના લોકો માટે યાજકની સેવા-મધ્યસ્થી કરવાની સેવા અદા કરે છે. જો લોકો પાપ કરે તો પણ તેઓને ક્ષમા આપવા વિનંતી - મધ્યસ્થી કરે છે.

૧૬. એઝરા :

(એઝરા ૭,૯,૧૦) એઝરાના નામનો અર્થ મદદ થાય છે. ઝરૂબ્બાબેલની સાથે બાબેલથી યરૂશાલેમ આવે છે. (નહે. ૧૨:૧) એઝરા આગળ પડતો યાજક હતો. નહેમ્યાની સાથે યરુશાલેમની દુર્દશા માટે તેને પણ લાગણી-દુઃખ થાય છે. એઝરાએ શાસ્ત્રી તરીકે પણ સેવા આપી હતી. શાસ્ત્રી તરીકે ઓળખાતો હતો. (એઝરા ૭:૬)

એઝરા ઈશ્વર પ્રત્યે અને તેનાં વચનો પ્રત્યે સજાગ અને સમર્પિત હતો. પ્રભુના ઘર માટે રાજા તરફથી સંમતિ ઉત્તેજન મળે છે ત્યારે તે ખુશ થાય છે. ઈશ્વરને જ મહિમા આપે છે. (એઝરા ૭:૨૭,૨૮).

પ્રભુના લોકની દુર્દશા જોઈને તે દુઃખી થાય છે. પસ્તાવો કરે છે. (એઝરા ૯:૩). આટલેથી ન અટકતા પોતે એક આગેવાન હોવા છતાં લોકો વતી લોકોનાં તથા પોતાનાં પાપ કબૂલ કરે છે. પાપ કબૂલાતમાં સરળતા છે. ઉપરછલ્લું કશું જ નથી. અથવા દેખાવ નથી. સાચા હૃદયનો પસ્તાવો અને ઈશ્વર માફી આપે તે બાબત તેની પ્રાર્થનામાં જણાય છે.

(એઝરા ૯:૬-૭). પ્રભુની કૃપાને માટે પ્રભુનો આભાર પણ માને છે. બીજી તરફ વધારે શિક્ષા થવી જોઈતી હતી, પરંતુ થોડી જ થઈ છે. જેમાં ઈશ્વરની મહેરબાની પ્રગટ થાય છે, તેવો એકરાર તે કરે છે. (એઝરા ૯:૧૩).

એઝરા ૧૦:૧ થી આગળ. જાહેરમાં પોતાના લોકના મિશ્ર જાતિના લગ્નનું પાપ સ્વીકારે છે. જે ખરેખર પ્રભુના લોકના જીવનમાં ન બનવું જોઈએ. પ્રભુના મહિમા માટે અલગ અને પવિત્રપ્રજા બની રહેવા પ્રભુએ ઉત્પન્ન કરી હતી. પરંતુ પ્રભુએ શિક્ષારૂપે ગુલામીમાં મોકલ્યા છતાં અને યરુશાલેમનો નાશ કર્યા છતાં પ્રભુના લોક સમજી શક્યા ન હતા. પસ્તાવો અને નમ્રતા તેઓના જીવનમાં જોવા મળતા નથી. પ્રભુનું ઘર પ્રભુની હાજરી સૂચવે છે. જ્યાં મુદાસર બાબતો જોવા મળે છે. (૧) રડે છે, - એકરાર કરે છે. પસ્તાવાની નિશાની (૨) ઊંધો પડીને,- નમ્રતા, પ્રભુને માન આપે છે. (૩) પ્રાર્થના - આ ખાસ સંજોગોમાં પ્રભુ સહાય કરે, પ્રભુ સાંભળે અને પ્રભુ દુર્દશા ફેરવે તે પ્રાર્થનાનો હેતુ છે.

૧૭. યશાયા :

(અ.૬,૨૫,૬૩,૬૪). યશાયાના નામનો અર્થ થાય છે. યહોવાનું તારણ (Salvation of Jehovah) ઈસ્રાએલ પ્રજાની સ્થિતિ દયાજનક હતી. પ્રભુની ઇચ્છા વિરુદ્ધ તેઓ જીવતા હતા. આવા ખાસ સંજોગોમાં ઈશ્વરની ઇચ્છા લોકો સુધી લઈ જવા માટે પ્રભુ યશાયાને દર્શન આપી તેડું આપે છે. આ બધામાં યશાયાનું જે વલણ છે તે મૂળ અગત્યનું છે. ધ્યાન ખેંચનારું છે. પ્રભુના દૂતના દર્શન થતાં જ પોતાનું ચિત્ર તેને દેખાય છે. પોતાની સ્થિતિનો ખ્યાલ આવે છે. પોતાની અશુદ્ધતા, અયોગ્યતા, નાશવંત સ્થિતિ વગેરેનો ખ્યાલ આવે છે. પરિણામે પ્રભુની સમક્ષતામાં પોતે કોણ છે તે જોયા પછી તે સ્થિતિનો સ્વીકાર કરે છે. પાપ કબૂલાત કરે છે. પરિણામે પ્રભુ પણ તેના પાપની ક્ષમા આપે છે. તેની સ્થિતિ બદલે છે. પાપ કબૂલાત છે તો પ્રભુના તેડાને સમજી શકાય છે. પાપ કબૂલાત પછી સ્થિતિ બદલાય છે. પરિણામે યશાયા દેવના આહવાનને - પડકારને સમજી શકે છે. થોડીવાર પહેલાં

એવું કહેનાર કે મને અફસોસ છે, મારું આવી બન્યું છે અને હું અશુદ્ધ હોઠોનો માણસ છું તે હવે ઈશ્વરના તેડાને સ્વીકારે છે. પાપ કબૂલાત નથી તો યશાયાની પસ્તાવા પહેલાની સ્થિતિ તે આપણી હોઈ શકે છે. પરંતુ પસ્તાવો છે, પોતાની સ્થિતિનો સ્વીકાર છે અને સમર્પણ છે તો ઈશ્વરમાં શાંતિ પ્રાપ્ત થાય છે પરિણામે પ્રભુની હાજરી ભયજનક રહેતી નથી. પરંતુ પ્રભુ અને તેની વાણી આનંદ આપનારી બની રહે છે.

યશાયા ૨૫ - આભારસ્તુતિનું ગીત છે. પ્રાર્થનાનો આ એક પ્રકાર છે. ઈશ્વરની સર્વોપરિતા અને તેના કરેલાં મહાન કૃત્યોને યશાયા આ ગીતમાં વર્ણવે છે. યશાયા ૬૩:૧૫-૬૪:૧૨ એ ઈશ્વર દયા કરે અને સહાય કરે તે માટેની પ્રાર્થના છે.

૧૮. યર્મિયા :

યર્મિયાના નામનો અર્થ યહોવા શોધે છે અથવા ઈશ્વર મહિમા પામે છે. યરુશાલેમના ઉત્તરપૂર્વમાં ચાર કિલોમીટર દૂર આવેલા આનાથોથ યાજક પરિવારમાં તેનો જન્મ થયો હતો. તેના પિતાનું નામ હિલ્કિયા (૧:૧) હતું. યોશિયા રાજાના ૧૩મા વર્ષે યર્મિયાને પ્રબોધકની સેવા માટે તેડું મળ્યું (ઈ.સ.પૂ. ૬૨૬.) યર્મિયાનું પુસ્તક પ્રબોધવાણીનું પુસ્તક છે. જેમાં મુખ્યત્વે જીવનવૃત્તાંતો અને ઐતિહાસિક પુરાવા અપાયા છે. યરુશાલેમના પતન પહેલાં અને પતનના સમયની તેની સેવાઓ રહી હતી. તેણે મિસર (અ.૪૬), પલિસ્તીઓ (અ.૪૭), મોઆબ (અ.૪૭), અમોનીઓ (અ.૪૯), અદોમ (અ.૪૯), દમસ્ક (અ.૪૯), કેદાર અને હાસોર (અ. ૪૯),એલામ (અ.૪૯), બાબેલ (અ.૫૦) વિશે દેવવાણી ઉચ્ચારી હતી. આ બધાં વિદેશી રાજ્યો હતાં. અ.૧૦ - દયાની પ્રાર્થના (ક.૨૩-૨૫), સુકવણાના સમયે પ્રાર્થના (૧૪:૭-૯), યર્મિયાની પ્રભુને ફરિયાદ (૧૫:૧૫-૧૮), મદદની માગણીની પ્રાર્થના (૧૭:૧૪), જ્યારે લોકો યર્મિયાની વિરુદ્ધ જાય છે ત્યારે પ્રાર્થના (૧૮:૧૯). યર્મિયાની પ્રાર્થના (૩૨:૧૬-૨૫).

યર્મિયાનો વિલાપ : અ ૧:૨૦-૨૧. દુ:ખમાં પ્રાર્થના. દયાને માટેની પ્રાર્થના (અ.૫)

૧૯. યૂના :

યૂનાના નામનો અર્થ કબૂતર (dove) થાય છે. ઈસ્રાએલનો પ્રબોધક હતો. જે ગાથ હેફેરનો વતની હતો. (૨ રાજા ૧૪:૨૫). સહપ્રવાસીઓની પ્રાર્થના (૧:૧૪), યૂનાની માછલીના પેટમાંથી કરેલી પ્રાર્થના (૨:૨-૧૦).

મુશ્કેલ સંજોગોમાં પણ પ્રાર્થના કરી. પ્રભુથી દૂર નાસી છૂટતો હતો તેવામાં સહપ્રવાસીઓએ તેને સમુદ્રમાં નાખી દીધો છતાં તે જ વલણ માછલીના પેટમાં ધરાવતો નથી. સમુદ્રમાં ફેંકાયો ત્યાં સુધીનું વલણ એક છે. જ્યારે માછલીના પેટમાં વલણ તદ્દન બદલાઈ જાય છે. પ્રભુ તરફ નમ્રતા સહિત ફરે છે. પ્રાર્થનામાં કંઈક રીતે પસ્તાવાનો સૂર પણ છે. માછલીનું પેટ પ્રાર્થના માટેની યોગ્ય જગ્યા નથી. અથવા આવા સ્થળેથી કદાપીને વ્યક્તિ પ્રાર્થના તો ના જ કરે. દુ:ખ વ્યક્ત કરે પરંતુ પ્રાર્થના માટે ખાસ જગ્યાની જ જરૂર છે તેવું નથી. પરંતુ ગમે તે સ્થળેથી પ્રાર્થના થઈ શકે છે. પ્રભુ ગમે તે સ્થળેથી કરેલી પ્રાર્થના સાંભળે છે વ્યક્તિને પણ બદલે છે. નાસી જનાર યૂના પ્રભુના આદેશ મુજબ જે જગ્યાએ તેણે જવાનું હતું ત્યાં જાય છે. કેટલીક સ્થિતિ વ્યક્તિને પ્રભુ પાસે દોરી લાવે છે. વધુ પ્રાર્થના, વિશ્વાસથી કરેલી પ્રાર્થના વ્યક્તિને તમામ પાસાંમાં બદલી નાખે છે. યુનાના પુસ્તકને બે ભાગમાં વહેંચી શકાય. (૧) પ્રભુની ઈચ્છાથી દૂર-વિરુદ્ધ નાસી જવું. (૨) નિનવેહ જવું. આ બેની વચ્ચે માછલીના પેટમાં રહીને કરેલી પ્રાર્થના નિર્ણાયક છે. યૂનાના જીવનને અને વલણને બદલનારી રહી. જો કે નિનવેહનો નાશ પ્રભુ નથી કરતા ત્યારે યૂનાનું વલણ બદલાય છે.

૨૦. હબાકકુક :

હબાકકુકના નામનો અર્થે ભેટવું (embrace) અન્યાય સામે હબાકકુકની ફરિયાદ (અ. ૧:૨, ૧૨, ૧૪, ૧૭) હબાકકુકની પ્રાર્થના (૩:૨-૧૯).

પ્રકરણ - 3

નવા કરારના કેટલાંક પ્રાર્થનાવાદી જીવનો

૧. ઈસુએ તેમના શિષ્યોને કેવી રીતે પ્રાર્થના કરવી તે શીખવ્યું.
(માથ્થી ૬:૮-૧૩. સરખાવો લૂક ૧૧:૨-૪)

પ્રાર્થના એ ઈશ્વરને બધું જણાવવાની વ્યવસ્થા નથી. વ્યક્તિની ઈશ્વરની આગળ નમ્રતા સહિત આવવાની પ્રક્રિયા છે. જેમાં ઈશ્વર બધું જ જાણે છે તેવી સમજ સાથે ઈશ્વર પાસે આવવાનું છે. પ્રાર્થના એ જરૂર ઈશ્વર પાસે માગણી રજૂ કરવાની વ્યવસ્થા છે. પરંતુ મુખ્યત્વે ઈશ્વરનો મહિમા પ્રગટ કરવાનો એ સમય છે. ઈશ્વરની આગળ પાપ કબૂલાત સહિત આવવાનો સમય છે. સાથે સાથે ઈશ્વરની આભારસ્તુતિ કરવાનો સમય કે માધ્યમ છે. અહીં પ્રાર્થનાનો નમૂનો આપ્યો છે તેમાં શરૂઆત અને અંત ઈશ્વરની આરાધના છે. પ્રાર્થનામાં વચ્ચે પાપ કબૂલાત પણ છે. ઈશ્વરસ્તુતિ પાપકબૂલાત અને ત્યારબાદ આપણી જરૂરિયાતને સ્થાન હોવું જોઈએ. આ રીત પ્રભુ ઈસુએ શીખવી છે. તેથી સંપૂર્ણ રીત છે.

૨. ઈસુને લોકો પર દયા આવે છે.
(માથ્થી ૯:૩૭) સરખાવો લૂક ૧૦:૨)

પ્રાર્થના એ પોતાના માટે જ કરવાની નથી, પરંતુ પોતાની આસપાસના લોકો, તેમની જરૂરિયાત અને તેમની સ્થિતિ પણ આપણી પ્રાર્થનાનો વિષય બનવો જોઈએ. લોકો નાશમાં જાય છે તેઓનો બચાવ થાય એ પ્રભુનો મુખ્ય હેતુ છે.

૩. પ્રભુ ઈસુની ગેથસેમાનેમાંની પ્રાર્થના
(માથ્થી ૨૬:૩૯,૪૨. સરખાવો માર્ક. ૧૪:૩૬; લૂક ૨૨:૪૨)

પિતા અને પુત્ર વચ્ચેનો સંવાદ છે. જે ત્રાસ અને માર તેઓ વેઠવાના હતા તેના સંદર્ભમાં ઈસુની પ્રાર્થના હતી. ઈસુની સેવાની આ પરાકાષ્ટા હતી. પ્રાર્થના ઈશ્વર આગળ દિલ ઠાલવવાની પ્રક્રિયા છે. પરંતુ હંમેશા ઈશ્વરની ઈચ્છાની સર્વોપરિતા આગળ રાખવાની છે. ઈશ્વરની સર્વોપરિતા પૂર્ણ થાય તે તેમનો હેતુ છે.

૪. યાઈરની પ્રાર્થના (માર્ક ૫:૨૨ સરખાવો માથ્થી ૯:૧૮)

યાઈર અધિકારી છે. તેનું સ્થાન અને માન છે અધિકારી છે માટે આર્થિક રીતે સારી સ્થિતિમાં હશે. છતાં તે વ્યક્તિ સ્વયં ઈસુની પાસે જાય છે. "પગ આગળ પડે છે." - નમ્રતા અને સમર્પણ બતાવે છે. આ ખાસ પરિસ્થિતિમાં ઈસુની આગળ પોતાને, પોતાની દીકરી અને તેની સ્થિતિને સોંપીને, ઈસુ જ સઘળું માફ કરી શકે છે તેવી સ્પષ્ટ સમજણ અને રજૂઆત તે કરે છે.

પ્રાર્થના એ ઈશ્વરને સઘળું શક્ય છે અને વ્યક્તિગત મારી કોઈ વ્યવસ્થા કશા જ કામમાં આવી શકતી નથી. અને મારી વ્યવસ્થાથી હું કંઈ જ મેળવી શકતો નથી. એ વાતની સ્પષ્ટ સમજણ ખૂબ જરૂરી છે. એ દ્વારા આપણે એવું કહીએ છીએ પ્રભુ હું મારી મર્યાદાનો સ્વીકાર કરું છું. સાથે સાથે એવું જાહેર કરીએ છીએ કે, પ્રભુ તમને કોઈ મર્યાદા નથી. પરંતુ તમે સર્વશક્તિમાન છો Our end is God's beginning. જ્યાં આપણે અટકીએ છીએ ત્યાંથી ઈશ્વર શરૂઆત કરે છે. આપણો અંત-છેડો આવે છે. ઈશ્વરને કોઈ છેડો નથી. આપણે કાર્ય કરીએ છીએ ત્યારે ઈશ્વર કાર્ય કરતા અટકી જાય છે. પરંતુ જ્યારે આપણે અટકીએ છીએ ત્યારે ઈશ્વર ખુશીથી પોતાનું કાર્ય શરૂ કરે છે અને પૂર્ણ કરે છે. જે આશીર્વાદિત હોય છે.

૫. બાર્તિમાયની પ્રાર્થના : માર્ક ૧૦:૪૬

ગરીબ, આંધળો, ભિખારી, લાચાર એવો આ બાર્તિમાય. મહત્ત્વની વાત એ કે, ઈશ્વર ભિખારીનું નામ પણ જાણે છે. તેના પિતાનું પણ નામ જાણે છે. ઈશ્વરનાં વચનોમાં ભિખારીને પણ નામ સાથે સ્થાન છે.

પ્રભુ અવરોધોની વચ્ચે પણ પ્રાર્થના સાંભળે છે. પ્રાર્થનામાં સતત લાગ્યા રહેવું. કદી આશા ન છોડવી (ક.૪૮). પ્રાર્થના માટે શિક્ષણની જરૂર નથી. શિક્ષણ સારું છે, પરંતુ તેનાથી પ્રાર્થના સંભળાતી નથી. પ્રભુ વિશેની સ્પષ્ટ સમજણ છે. યહૂદી સમાજ મસીહની રાહ જોતા હતા.

બાઈબલ આ આવનાર મસીહ સંબંધી જૂના કરારમાં ભવિષ્યવાણી કરે છે. જે તમામ પ્રભુ ઈસુમાં પૂર્ણ થાય છે. ધર્મના ધૂરંધરો - જ્ઞાનીઓ આ સમજી શક્યા ન હતા. માટે તેઓને માટે ઈસુ આવનાર મસીહ છે એવું સ્વીકારવું અઘરું બને છે. જ્યારે ગરીબ, અભણ, ભિખારી, જન્મથી આંધળો તેના શબ્દો પર ધ્યાન દો. તેની ટૂંકી પરંતુ અસરકારક પ્રાર્થના પર ધ્યાન દો. લોકોના વલણ તરફ ધ્યાન દો. લોકોની માન્યતા એવી છે કે આ ભિખારી ઈસુને મળી શકે નહિ. પરંતુ ઈશ્વરનું ધોરણ માણસના કરતા અલગ છે. વિરોધ-અવરોધની વચ્ચે પણ આંધળો બાર્તિમાય પ્રાર્થનામાં આગ્રહથી, ઈસુ સુધી પહોંચે તે રીતે લાગુ રહે છે. પ્રાર્થનાઓ સાંભળનાર પ્રભુ-વ્યસ્ત પ્રભુ થોભે છે. પ્રભુની પાસે દરેકને માટે સમય છે. પ્રભુ કોઈ પણની પ્રાર્થના સાંભળે છે. પ્રાર્થના સાંભળવાનો અબાધિત અધિકાર સ્વયં તેમનો જ છે. પ્રભુ જ્યારે પ્રાર્થના સાંભળે છે ત્યારે તમામ અવરોધ - વિરુદ્ધના પરિબળો તરફેણમાં આવે છે. પછી અવરોધ એ અવરોધ રહેતો નથી. તે સહકારમાં પરિણમે છે.

૬. મરિયમનું ઈશ્વરસ્તુતિનું ગીત (લૂક ૧:૪૬-૫૫)

દૂતે મરિયમને દર્શન આપીને ઈસુના જન્મની વાત કરી. આ વાતના અંતે મરિયમ દેવને મહિમા આપે છે. કુંવારી મરિયમને દીકરો જન્મશે એ વાત-સમાચાર કુંવારી કન્યાને ધ્રુજાવી દે તેવા હતા. પરંતુ ઈશ્વરના કાર્યને સ્વીકારીને ઈશ્વરને મહિમા આપે છે. ઈશ્વરસ્તુતિ ઈશ્વરકેન્દ્રિત હોવી જોઈએ. ઈશ્વરસ્તુતિ તમામ સંજોગોમાં કરવી જોઈએ. ઈશ્વરસ્તુતિ વ્યક્તિગત વિશ્વાસ અને આનંદ વધારે છે.

૭. પ્રભુ ઈસુએ કરેલી પ્રાર્થના :

કાર્યની વ્યસ્તતા ઈસુને પ્રાર્થનાથી ક્યારેય અલગ કરતી નથી. ભારે વ્યસ્તતા, સતત વ્યસ્તતા અને તેના અંતે શારીરિક થાક પછી પણ પ્રભુ ઈસુ પોતે એકાંતમાં જઈને પોતાના પિતા પાસેથી નવું બળ - સામર્થ્ય પ્રાપ્ત કરે છે...પ્રભુ પાસેથી સંગત દ્વારા નવી દોરવણી પ્રાપ્ત કરે છે. વધારે સારી રીતે સામર્થ્ય, દેવની ઈચ્છાને મહત્ત્વ આપતા પ્રભુ ઈસુ

તેમના સમગ્ર જીવન દરમિયાન પ્રાર્થના કરવાનું ક્યારેય ચૂક્યા નથી. વધારે કામ, અગત્યના કામ હોય ત્યારે પણ વિશેષ પ્રાર્થના તેમણે કરી છે. પ્રાર્થનામાં અમુક સમય ગાળ્યો એવું નથી. આખી રાત પ્રાર્થનામાં ગાળે છે. મુશ્કેલ સંજોગોમાં, વેદના વેઠી રહ્યા હતા ત્યારે પણ પૂરી સ્વસ્થતા સાથે પિતાને માફી માટેની પ્રાર્થના કરે છે. પ્રભુ ઈસુએ ક્યારેય શિક્ષા થાય, દેવનો કોપ સળગી ઊઠે તેવી પ્રાર્થના કરી નથી. પ્રાર્થનામાં તેને સ્થાન નથી.

૮. પ્રભુ ઈસુની મહાન પ્રમુખયાજક તરીકેની પ્રાર્થના (યોહાન ૧૭:૧-૨૬)

પ્રભુ ઈસુએ તેમના સમગ્ર જીવનકાળ દરમિયાન વ્યક્તિગત,એકાંતમાં પિતાની સાથે પ્રાર્થનાની સંગત હંમેશાં, દરરોજ માણી. પોતાની સેવા દરમિયાન પ્રભુ ઈસુએ વિવિધ વિષય પર જરૂરિયાતમંદ લોકોના સંદર્ભમાં પ્રાર્થના કરી. આ તમામ કરેલી પ્રાર્થનામાં યોહાન ૧૭ની પ્રાર્થના વિશિષ્ટ પ્રકારની છે. આ પ્રાર્થનાને મહાન પ્રમુખયાજકની પ્રાર્થના ગણવામાં આવે છે. પ્રભુ ઈસુ પોતે મહાન પ્રમુખ યાજકના રૂપમાં નવાકરારમાં રજૂ થાય છે. યોહાન ૧૭ની પ્રાર્થનાને એક્તાની પ્રાર્થના પણ ગણવામાં આવે છે.

૧૭:૬-૧૯ સુધીની કલમોમાં પ્રભુ ઈસુએ જેઓને સુવાર્તા આપી અને તે દ્વારા જેઓ વિશ્વાસમાં આવ્યા તેઓને માટે પ્રાર્થના કરે છે. ૧૭:૨૦. એ વિશ્વાસીઓની સેવાથી જેઓ ખ્રિસ્તની પાસે આવે છે અને આવશે ! તેઓને માટે પ્રાર્થના કરે છે. ક. ૨૧ આ અધ્યાયની ખૂબ મહત્ત્વની કલમ છે.

૯. વિશ્વાસીઓ - શિષ્યો અને વિશ્વાસીઓની પ્રાર્થના - (પ્રેરિતોનાં કૃત્યો ૧:૧૪)

પ્રભુ ઈસુના મૃત્યુ પછી શિષ્યો અને વિશ્વાસ કરનારા નિરાશ હતા. ગભરાયેલા પણ હતા. પરંતુ પ્રભુ ઈસુના પુનરુત્થાન પછી શિષ્યો અને વિશ્વાસીઓ નવું સામર્થ્ય પામ્યા...પિતરને પુનઃસ્થાપિત કરવામાં

આવ્યો. (યોહાન ૨૧). પ્રેરિતોનાં કૃત્યો ૧:૮ ના વચન આદેશ અનુસાર શિષ્યો, બહેનો અને ભાઈઓ પ્રાર્થનામાં લાગુ રહેતા હતા. કેવું સૂચક આ કાર્ય છે. જ્યાં પ્રભુ ઈસુને મારી નાખવામાં આવ્યા હતા તે યરુશાલેમમાં જ આ ૧૨૦ વ્યક્તિઓ (પ્રે.કૃ. ૧:૧૫) ભેગા મળતા હતા. અગાઉ જોઈએ તો તેઓ ગભરાયેલા પણ હતા. છતાં આવા સંજોગોમાં એક થઈને સૌથી અગત્યનું કાર્ય તેઓ કરતા હતા. આ કાર્ય તો પ્રાર્થનાનું હતું. પચાસમાના દિવસનો અનુભવ થાય તે પહેલાં તેઓ પોતાને પ્રાર્થના દ્વારા તૈયાર કરે છે. ગભરાટ અને બીકની વચ્ચે ઈશ્વર તરફથી તેઓ ઉત્તેજન અને સામર્થ્ય પ્રાપ્ત કરે છે. એ ખૂબ જરૂરી છે કે ઈશ્વર આપણામાં મહાન કાર્ય કરે. તે પહેલા પશ્ચાદભૂમિકામાં પ્રાર્થના દ્વારા કાર્ય થયેલું હોય. ત્યારે રોજ તેની ઉપર જે કોઈ કાર્ય ઈશ્વર કરે તે મોટું પરિણામ લાવનારું બની રહે છે. આ ૧૨૦ વ્યક્તિઓ પ્રાર્થનામાં લાગુ હતા ત્યારે જ પવિત્ર આત્મા તમામ ઉપર ઊતર્યો (પ્રે.કૃ. ૨:૧,૩). શરૂઆતની મંડળીનો જન્મ થયો તેના પાયામાં પ્રાર્થના-સતત પ્રાર્થના હતી. ત્યારબાદ પણ વિશેષ પ્રમાણમાં મંડળીમાં અને વ્યક્તિગત જીવનમાં પ્રાર્થના જોવા મળે છે.

૧૦. હિંમત માટે વિશ્વાસીઓની પ્રાર્થના (પ્રે.કૃ. ૪:૨૩-૩૧)

વિશ્વાસ કરનારાઓની સંખ્યા રોજરોજ વધારે પ્રમાણમાં મંડળીમાં ઉમેરાતી જતી હતી. (પ્રે.કૃ. ૪:૪) પ્રસંગ સાજાપણાનો છે. પરંતુ શિષ્યો અને મંડળી પર સતાવણી- પ્રશ્નો આવે છે. (પ્રે.કૃ. ૪:૮,૯)

આ સંજોગોમાં કેવા પ્રકારની ધમકી આપવામાં આવે છે. કેવું દબાણ કરવામાં આવે છે. (પ્રે.કૃ.૪:૧૮) આ સંજોગોમાં ક.૨૦ એ શિષ્યોનો સ્પષ્ટ અને યોગ્ય જવાબ છે. શિષ્યોની વાત સાંભળીને સાથીઓ ગભરાઈ ગયા નહિ અથવા બીજા કોઈ પણ પ્રકારનો પ્રતિભાવ આપ્યો નહિ. કેવળ તેમણે પ્રાર્થના કરવાનું યોગ્ય માન્યું. તેઓની પ્રાર્થનાની પરાકાષ્ટા ક.૨૯માં જણાય છે.

જ્યારે આ સંજોગોમાં બધા એકમતના અને ચિત્તના થઈને દેવપર અઢેલ્યા ત્યારે દેવે પણ તેઓમાં કાર્ય કર્યુ. - ક. ૩૧. પવિત્ર આત્માથી ભરપૂર થયા. પવિત્ર આત્માએ નિર્બળ વ્યક્તિઓનો કબજો લીધો. નિર્બળતાને બાજુ પર કરીને નિર્બળ માણસોને પોતાના સામર્થ્યથી ભરી દીધા. દેવ પરિસ્થિતિનો અને વ્યક્તિઓનો કબજો લે છે ત્યારે સઘળું તેના નિયંત્રણ હેઠળ આવે છે. ત્યારબાદ વ્યક્તિઓ તે વ્યક્તિઓ જ રહે છે, પરંતુ તેઓની નિર્બળતા, અધૂરાઈ સર્વ દૂર કરીને ઈશ્વર અધૂરા અને નિર્બળ વ્યક્તિઓને તેના સામર્થ્ય અને હિંમતથી ભરી દે છે. આવું જ આ શિષ્યો અને વિશ્વાસીઓના હકમાં બન્યું.

૧૧. પિતર માંદાને સાજો કરે છે અને મરેલાને સજીવન કરે છે (પ્રેરિતોનાં કૃત્યો ૯:૩૩-૪૦)

પ્રભુ ઈસુએ પોતાની સેવા દરમિયાન શિષ્યોને સાજાપણાનું સેવાકાર્ય કરવાની તક આપી હતી. ૭૦ ને પણ મોકલ્યા હતા. હવે જ્યારે પ્રભુ ઈસુ તેઓની સાથે માનવી જીવનમાં નથી ત્યારે પ્રભુ પોતે તેઓની સાથે અદૃશ્ય રીતે છે જ. વળી પવિત્ર આત્માનું દાન તેઓને આપેલ હતું. તેથી દેવની ઇચ્છાથી અને દોરવણીથી શિષ્યો વચનની સેવા અને સાજાપણાની સેવા કરતા હતા. ઉપરોક્ત જણાવેલ કલમોમાં પિતર એકને સાજાપણું આપે છે જ્યારે બીજી વ્યક્તિને સજીવન કરે છે. દરકાસના મરણ પ્રસંગે લોકોનું વલણ-લાગણી એક પ્રકારના છે. (ક.૩૯). જ્યારે આ પરિસ્થિતિમાં પિતરનું વલણ અલગ પ્રકારનું છે. (ક.૪૦). ગમે તે કાર્ય કેવળ પ્રભુની સહાયથી અને સામર્થ્યથી જ શક્ય છે. કોઈ પણ કાર્ય નાનું કે મોટું પરંતુ તે ત્યારે જ કરવું જોઈએ કે તે માટે પ્રથમ પ્રાર્થના કરવામાં આવે. પ્રથમ પ્રાર્થનાને મૂકવામાં આવે છે ત્યારે કાર્ય ગમે તેટલું મોટું કે અઘરું હોય અથવા ક્યારેય ન બન્યું હોય તેવું શક્ય બની શકે છે. પ્રાર્થનાનો વિકલ્પ નથી. ખ્રિસ્તી જીવનમાં સેવાકાર્યમાં સફળતા કે નિષ્ફળતાનો સમગ્ર આધાર-સંપૂર્ણ આધાર ઈશ્વર પર જ છે. આ માટે પ્રાર્થનાના માધ્યમથી જ કાર્યમાં વિજય પ્રાપ્ત થઈ શકે છે.

૧૨. કર્નેલ્યસની પ્રાર્થના :

(પ્રેરિતોનાં કૃત્યો. ૧૦:૨,૪,૩૦)

કર્નેલ્યસ રોમન સમાજમાં પૌરાણિક અને માનવંતા લોકોમાંનું એક નામ છે. નવા કરારના સમયમાં પ્રતિષ્ઠિત કુટુંબમાં જન્મેલા હતા. પ્રેરિતોના કૃત્ય ૧૦ પ્રમાણે ઈટાલિયન નામે ઓળખાતી પલટણનો તે સૂબેદાર હતો. કર્નેલ્યસ ધાર્મિક અને દેવનું ભય રાખનાર વ્યક્તિ હતો. (૧૦:૨).

કર્નેલ્યસ ધાર્મિક, દેવનું ભય રાખનાર, અધિકારી અને સર્વ લોકમાં સારી શાખ ધરાવનાર હતો. ઘણીબધી વ્યસ્તતાવાળો વ્યક્તિ હતો. કુટુંબની પણ જવાબદારી હતી. શ્રીમંત વ્યક્તિ હતો. તે પોતે કૈસરિયામાં હતો. હવે આ શહેર રૂમી શહેર હતું. પેલેસ્ટાઈનનું તે રૂમી પાટનગર હતું. હોદ્દાની રીતે મોટો વ્યક્તિ, કુટુંબનો આગેવાન, શ્રીમંત અને અનેક પ્રકારનાં બીજાં કામો હોવા છતાં દિવસમાં ત્રણવાર (ક.૩૦) પ્રાર્થના કરે છે. કર્નેલ્યસની પ્રાર્થના અસામાન્ય પ્રાર્થના છે. તેની પ્રાર્થના પ્રભુ સુધી પહોંચે છે. (ક.૪). પ્રાર્થના અનેક પ્રકારની હોય છે. શ્રેષ્ઠ પ્રાર્થના તે આ છે. જે પ્રભુ સુધી પહોંચે. પ્રાર્થનાનો મૂળભૂત હેતુ તે આ છે. પ્રાર્થના કરનાર એટલા માટે પ્રાર્થના કરે છે કે, ઈશ્વર સાંભળે અને પ્રાર્થનામાં કરેલી મધ્યસ્થી કે વિનંતી પ્રમાણે પ્રભુ પ્રત્યુત્તર આપે. આ પ્રકારની પ્રાર્થના - કર્નેલ્યસની હૃદય અને મનથી કરવામાં આવી હતી. જે પ્રાર્થના સંભળાતી નથી. તે હોઠોથી, અલંકારિક શબ્દોથી, મગજથી, કરવા ખાતર કરવામાં આવી હોય, એક તરફી હોય, પૂરતી સમજ વગરની હોય વગેરે બાબતો સભર હોય છે. આ પ્રકારની પ્રાર્થના લાંબી કે ટૂંકી હોય પરંતુ તે સમય, શક્તિ વગેરેના બગાડ બરાબર છે. જ્યારે કર્નેલ્યસની પ્રાર્થનામાં તેનું જીવન ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેની ધાર્મિકતા ઉપરછલ્લી ન હતી, તે દેવનું ભય રાખનાર વ્યક્તિ હતો (ક.૨) પોતાની પાસે જે છે તેમાંથી રાજીખુશીથી પ્રભુની સેવામાં આપનાર હતો અને દેવનાં વચનો પ્રત્યે નમ્રતા, સાંભળવાની તત્પરતા, દેવનાં વચનો સ્વીકારનારું હૃદય અને મન હતું. (ક.૩૩). કર્નેલ્યસનાં સમગ્ર જીવન

પરથી શીખી શકીએ છીએ કે, તેના જીવનના બધા જ પાસાંઓમાં બદલાણ છે. બધાં જ પાસાંઓમાં ઈશ્વરનો સ્પર્શ તેણે અનુભવ્યો હતો. માટે તેની પ્રાર્થનામાં સાહજિક્તા હતી. દેવ સુધી પહોંચનારી હતી. ઘણી બધી વ્યસ્તતા, શ્રીમંતાઈ, હોદો વગેરે આપણા પ્રભુ સાથેના સંબંધોમાં અવરોધરૂપ ન બનવા જોઈએ અથવા વચ્ચે આવનારા ન બનવા જોઈએ. અથવા નુકસાનરૂપ ન બનવા જોઈએ. કર્નેલ્યસના જીવનમાં પ્રાર્થના, ધાર્મિક્તા, ઈશ્વરનાં વચનો, ઉદારતાથી દાન આપવું વગેરે પ્રથમસ્થાને હતા અથવા તે તેની અગ્રિમતા હતી. ત્યારપછી તેનું વ્યક્તિગત જીવન-કૌટુંબિક, જીવન, નોકરી વગેરે હતા.

૧૩. બાર્નાબાસ તથા શાઉલને પ્રાર્થના દ્વારા અલગ કર્યા : (પ્રેરિતોનાં કૃત્યો ૧૩:૨-૩)

શરૂઆતની મંડળી અને પ્રેરિતોનું આ લક્ષણ હતું કે, પ્રાર્થના, ઉપવાસ, વચનો તથા દેવની સ્તુતિ તેઓના જીવનમાં કેન્દ્રસ્થાને હતા. ઉપરોક્ત જણાવેલ કલમોમાં ઉપાસના તથા ઉપવાસ શબ્દો જણાવેલ છે. આ બન્ને ક્રિયામાં પ્રાર્થના સંકળાયેલ છે. બાઇબલ જ્યારે ઉપવાસની વાત કરે છે ત્યારે તેમાં પ્રાર્થના અવશ્ય સંકળાયેલ હોય છે. આનો અર્થ એ થાય કે પ્રાર્થના, પ્રભુની આરાધના અને ઉપવાસ ત્રણેય બાબતોમાં સમન્વય એ સાચી ધાર્મિકતા અને સાચા અર્થમાં પ્રભુને મહિમા આપનારી છે. આ પ્રમાણે જ્યારે કરવામાં આવે છે ત્યારે આરાધના અને પ્રાર્થના ઈશ્વરની આગળ માન્ય થાય છે. ક.૩ પ્રમાણે ઈશ્વરના આદેશનું પાલન કરી રહ્યા છે ત્યારે કઈ બાબતોનો સમાવેશ થયેલો છે. તે ખૂબ મહત્ત્વનું છે. ક.૨માં ઈશ્વરના કામને વાસ્તે જુદા પાડવાના છે. હવે ક.૩નો અર્થ એ થાય કે શરૂઆતની મંડળીનું એ લક્ષણ હતું કે, તમામ કાર્ય જે ઈશ્વર સાથેના સંબંધના કે તેઓના પોતાના હોય પરંતુ ઉપવાસ અને પ્રાર્થના વગર કશું જ શક્ય ન હતું. બીજી કોઈ રીત તેઓ વાપરતા ન હતા. પ્રભુનું કાર્ય પ્રભુની રીતે જ થાય છે. અને પ્રભુની રીત ક.૩ છે. ઉપવાસમાં આત્મપરીક્ષા સમાયેલી છે. જેના પરિણામે પસ્તાવો આવે છે. પરિણામે નમ્રતા સમર્પણ અને કબૂલાત આવે છે. ત્યારબાદની પ્રાર્થના નાની હશે

કે મોટી, સાદી ભાષામાં કરવામાં આવી હશે પરંતુ અસરકારક પરિણામ લાવનારી બને છે. બંને પ્રભુના સેવકોને પ્રભુના નામમાં, પ્રભુના સામર્થ્યમાં અને પ્રભુની આશિષમાં સાથે અલગ કરવામાં આવે છે ત્યારે દેવનો મહિમા થાય છે. અને દેવના કામની વૃદ્ધિ થાય છે.

૧૪. રોમનોને માટે આભારસ્તુતિ (રોમનોને પત્ર ૧:૭-૧૦)

એવું મનાય છે કે, પાઉલે રોમ શહેરમાંની મંડળી સ્થાપી ન હતી. પત્ર લખાયો ત્યાં સુધીમાં તેણે રોમ શહેરમાંની મંડળીની મુલાકાત લીધેલ ન હતી. (૧:૧૦,૧૧,૧૩). પાઉલના તમામ પત્રોમાં આ પત્ર ઈશ્વર વિદ્યાથી ભરપૂર એવો પત્ર છે. પ્રાર્થના એ કેવળ મધ્યસ્થી નથી. પરંતુ તેમાં આભારસ્તુતિ પણ સમાયેલી છે. પાઉલ રોમ શહેરમાંની મંડળીની નોંધ લેતા આનંદ કરે છે. પ્રભુનો આભાર માને છે. પાઉલના હૃદયમનમાં મંડળી વિશે જે લાગણી છે તે કેવી ઉચ્ચકક્ષાની છે. આભારસ્તુતિ, નિત્ય સ્મરણ કરું છું, સ્થિર કરવાને અર્થે આત્મિકદાન પમાડું, તમારામાં કંઈ ફળ મેળવું વગેરે. એવી ભાવના લાગણી સાથે દેવની આ મંડળી માટે આભારસ્તુતિ સાથે મધ્યસ્થી પણ કરે છે. પાઉલના હૃદયમાં પોતે સ્થાપેલી મંડળીનું જે સ્થાન છે તે જ સ્થાન આ મંડળીનું પણ છે.

૧૫. પ્રાર્થના - આભારસ્તુતિ સાથે (કલોસી ૧:૩-૧૪; ૧ થેસ્સા ૧:૨-૫).

કલોસી શહેરમાં સુવાર્તા એપાફ્રાસ મારફતે ગઈ હતી. પરિણામે ત્યાં મંડળીની શરૂઆત થઈ એવું અભ્યાસીઓ માને છે. કલોસી ૧:૭,૩;૪:૧૨.) પાઉલ પ્રેરિતના જીવનનું એક લક્ષણ એ હતું કે કોઈપણ રીતે પ્રભુના કામને લીધે તે હંમેશા આનંદ કરે છે. પછી તે કાર્ય તેની મારફતે થયું હોય કે બીજા કોઈની મારફતે થયું હોય.

પાઉલની પ્રાર્થના એ હંમેશની હોય છે. પ્રાર્થના દ્વારા દેવના કાર્યને તે વેગ આપે છે. ઉત્તેજન આપે છે. પ્રાર્થનાનો પોતાનો નમૂનો મંડળીઓની સમક્ષ હંમેશાં મૂકે છે. તે દ્વારા ઉત્તેજન આપી તેઓને પણ

પ્રાર્થના આભારસ્તુતિ વગેરે અનુભવમાં સતત દોરે છે. ૧ થેસ્સા ૧ અધ્યાયમાં મંડળીનો જન્મ કેવી રીતે થયો તે વાત લખવામાં આવી છે. આ નવી શરૂ થયેલી મંડળીને ઉત્તેજન આપતા પ્રભુનો તેમને માટે આભાર માને છે. સાથે સાથે તેઓ વિશ્વાસમાં વૃદ્ધિ પામતા જાય માટે સતત પ્રાર્થના પણ કરે છે.

૧૬. પ્રકટીકરણમાંની પ્રાર્થનાઓ :

૧) સ્વર્ગમાં આરાધના (૪:૮-૧૧)

૨) નવું ગીત (૫:૭-૧૪)

૩) મોટી સંખ્યાના લોકોની આરાધના (૭:૧૧-૧૨)

૪) વડીલોની આરાધના (૧૧:૧૬,૧૭)

૫) વિજયનું ગીત (૧૫:૨-૪)

૬) ઈશ્વરના ન્યાયને માટે દૂતની સ્તુતિ (૧૬:૫-૭)

૭) સ્વર્ગમાં મોટા જનસમૂહની આરાધના (૧૯:૧-૮)

(I) પ્રાર્થના કેવળ મધ્યસ્થી નથી. પ્રાર્થનામાં નીચે પ્રમાણેના પ્રકારો સમાયેલા છે.

(૧) **આરાધના** - પ્રભુ જે છે તે ધ્યાનમાં રાખીને ઈશ્વરને મહિમા આપીએ. તેના ગુણગાન ગાઈએ. દા.ત. ઈશ્વર પવિત્ર છે. ન્યાયી છે, શુદ્ધ છે, આવેશી છે. ખાઈ નાખનાર અગ્નિ સમાન છે, પોતાનું માન બીજાને નહિ આપનાર વગેરે.

(૨) **પાપકબૂલાત :** મધ્યસ્થીની સફળતાનો આધાર પાપ કબૂલાત પર રહેલો છે. ઈશ્વર આપણાં તમામ પાપ જાણે છે. પરંતુ વ્યક્તિ તરીકે આપણે આપણાં વ્યક્તિગત પાપો, કુટુંબનાં પાપો, સમાજનાં પાપો વગેરે કબૂલવાના છે. ત્યારે આપણે પાપોની માફીનો આશીર્વાદ અને શાંતિ અનુભવીએ છીએ. ત્યારપછી કરેલી પ્રાર્થના અર્થસભર બનશે. પરિણામ લાવનારી બનશે. આ પ્રાર્થનાને કારણે વ્યક્તિ તરીકે આપણી અને ઈશ્વરની વચ્ચેના અવરોધો દૂર થાય છે. આપણે હિંમતથી ઈશ્વરની પાસે

આવીએ છીએ. બોજમુક્ત બનીએ છીએ ત્યારબાદ હિંમતથી પિતા કહીને પ્રભુને હાંક મારી શકીએ છીએ. ત્યારબાદ આપણી પ્રાર્થના દમદાર બને છે. આ માટે અંગ્રેજીમાં શબ્દ છે કેથારસીસ-પમ્પીંગ આઉટ ઈમોશન-લાગણીઓને ઠાલવી દેવી. તમામ પ્રકારનાં પાપ ઈસુના ચરણોમાં મૂકી દઈએ.

(૩) **આભારસ્તુતિ :** ઈશ્વર આપણાં હકમાં જે કરે છે તે તમામ બાબતોને માટે પ્રભુનો આભાર માનીએ. આ પ્રકારની પ્રાર્થનામાં આપણે એવું કહેવા માંગીએ છીએ કે, આ તમામ બાબતો પ્રભુની મહેરબાનીથી શક્ય બની. આ પ્રકારની પ્રાર્થનામાં ઈશ્વરને મોટો મનાવીએ છીએ. અને બીજી તરફ આપણી નિર્બળતા, અધૂરાઈ અને અયોગ્યતાનો સ્વીકાર કરીએ છીએ. આ પ્રકારની પ્રાર્થનામાં ઈશ્વરની સો ટકા કૃપા છે તેવું જાહેર કરીએ છીએ અને આપણી સો ટકા નિર્બળતા, અધૂરાઈ કે અયોગ્યતા તેવું સ્વીકારીએ છીએ, આ પ્રકારની પ્રાર્થનાથી વ્યક્તિ ઈશ્વર પાસે નમ્ર બને છે. સાથેસાથે આ પ્રકારની વ્યક્તિનો આત્મિક વિકાસ થાય છે અને હૃદય-મનમાં આનંદ અનુભવે છે.

(૪) **વિનંતી કે મધ્યસ્થી :** (૧) વિનંતી તે વ્યક્તિગત પોતાને માટે કરવાની હોય છે. આપણા પોતાને માટે, આપણી જરૂરિયાતના સંદર્ભમાં કરવામાં આવતી પ્રાર્થના તે વિનંતી છે. (૨) જ્યારે બીજાઓના સંદર્ભમાં જેમ કે કુટુંબ, મિત્રો, માંદાઓ, દુઃખિતો, મંડળી, સમાજ, દેશ અને દુનિયા - તે મધ્યસ્થી છે. ઈશ્વરે તેના પર પ્રેમ રાખનારાઓને મધ્યસ્થી કરવાની મહાન સેવા - અધિકાર આપ્યો છે. જો તેનો સમજપૂર્વક અને યોગ્ય રીતે ઉપયોગ થાય તો મધ્યસ્થીની પ્રાર્થના કે સેવા પ્રાર્થના કરનારાઓના જીવનમાં અને જેઓના સંદર્ભમાં પ્રાર્થના કરવામાં આવે છે તેઓમાં મોટાં પરિણામો લાવી શકે છે. મધ્યસ્થી કે અન્ય કોઈ પણ પ્રાર્થના એ ખાલી શબ્દો ઉચ્ચારી દેવાની વ્યવસ્થા નથી. પરંતુ તમામ પ્રાર્થનામાં વ્યક્તિ સમૂહ પોતે ઈશ્વર પાસે આવે છે અને તમામ પ્રકારની પ્રાર્થના દ્વારા ઈશ્વર સાથે વાત અને વ્યવહાર કરે છે.

તેથી ઉપરોક્ત તમામ પ્રકારની પ્રાર્થના પહેલા માનસિક, શારીરિક અને આધ્યાત્મિક તૈયારીની ખૂબ જરૂર છે. માનસિક રીતે જો વ્યક્તિ પ્રાર્થનામાં જોડાતી નથી તો હોઠોની આ ક્રિયાની રહેશે. જે પોતાને તથા પ્રભુને છેતરનારી બાબત છે, શારીરિક સ્વસ્થતા સાથે પ્રાર્થનામાં જોડાવું ખૂબ જરૂરી છે. શારીરિક રીતે પોતાને પ્રાર્થના માટે તૈયાર કરવા. પ્રાર્થનામાં યોગ્ય રીતે વ્યવસ્થિત રીતે બેસવું ખૂબ જરૂરી છે. કારણ કે રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ પાસે બેઠા છીએ તે ધ્યાનમાં રાખીએ. આધ્યાત્મિક રીતે તૈયાર થવા પોતાની જાતને પ્રભુના ચરણોમાં શરૂઆતે સોંપી દો. આ માટે શરૂઆતે નાની પ્રાર્થના કરીને દેવના અધિકાર નીચે પોતાને મૂકો. ઈસુનું રક્ત તમને સ્પર્શે માટે તેની માગણી કરો, પ્રભુ ઈસુના રક્તના આચ્છાદાનમાં પ્રભુ રાખે તે સમજ સાથે શરૂઆત કરો.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને તૈયારી સાથે પ્રાર્થનામાં તેના તમામ પ્રકારમાં જોડાવાથી પ્રાર્થના એ બોજારૂપ નહિ બને પરંતુ આનંદરૂપ બનશે. ઉપરાંત તે ઉત્તેજન આપનારી અને પરિણામ લાવનારી વ્યવસ્થા સેવા બની રહેશે. પરિણામે આપણાં જીવનો તમામ રીતે બદલાશે. પોતાના સંદર્ભમાં, બીજાઓ સાથેના સંબંધના સંદર્ભમાં, આધ્યાત્મિક બાબતોમાં, કૌટુંબિક જીવનોમાં, વ્યક્તિગત જીવનમાં અને તમામ સ્તરમાં આમૂલ પરિવર્તન-વૃદ્ધિ આવશે. આપણી પ્રાર્થના હેલેસ્વી (નોર્વેના થીઓલોજીયન) કહે છે તેવી હોવી જોઈએ. પ્રભુ જો તમને મહિમા મળતો હોય તો, મને તરત માંદગીમાંથી સાજો કરો. જો વધારે મહિમા મળતો હોય તો, મને ધીમે ધીમે સાજો કરો. જો એથી વધારે મહિમા થવાનો હોય તો, મને થોડો વખત માંદો જ રહેવા દો. અને એથી પણ વધારે તમારો મહિમા થવાનો હોય તો, મને તમારી પાસે સ્વર્ગમાં તેડાવી લો.

પ્રકરણ ૪

પ્રભુ ઈસુનું પ્રાર્થનાવાદી જીવન

આખા પુસ્તકમાં સૌથી અગત્યનું પ્રકરણ આ છે. પ્રભુ ઈસુ ત્રિએક ઈશ્વરમાંની બીજી વ્યક્તિ છે. સૃષ્ટિની ઉત્પત્તિ અગાઉ પ્રભુ ઈસુ હતા. ઉત્પ. ૧:૧ જણાવે છે તે પ્રમાણે સૃષ્ટિની રચના કરનાર તે ત્રિએક ઈશ્વર હતા. એટલે ઈશ્વરપિતા, ઈશ્વરપુત્ર અને ઈશ્વર પવિત્ર આત્મા. ત્રિએક ઈશ્વરમાં જીવન છે. તેમનું જીવન તેમણે માણસોને આપ્યું. તેમના દ્વારા સામર્થ્ય પ્રગટ થયું. આદમ-હવાએ પાપ કર્યું પરિણામે જગતમાં પાપ પ્રવેશ્યું. ઈશ્વરે જગતના લોકોના ઉદ્ધાર માટે પોતાના પુત્રને મોકલવાની યોજના કરી. સમયની સંપૂર્ણતાએ જગતમાં દેવપુત્ર માનવપુત્ર બનીને આવ્યા. પ્રભુ ઈસુ સંપૂર્ણ મનુષ્ય અને સંપૂર્ણ ઈશ્વર હતા. આજે પણ સંપૂર્ણ ઈશ્વર છે.

પ્રભુ ઈસુ માનવી જીવનમાં આવ્યા, માનવીજીવનની મર્યાદામાં આવ્યા. માનવી જીવનના દુઃખો વેઠયાં. પોતાના પૃથ્વી પરના સમગ્ર જીવન દરમિયાન તેઓ ઈશ્વરપિતા સાથેના જીવાળ સંબંધમાં રહ્યા હતા.

માથ્થી, માર્ક અને લૂક ત્રણેય સુવાર્તિકો પ્રભુ ઈસુના જીવનને પવિત્ર આત્માએ લખાવ્યું તે પ્રમાણે વર્ણવે છે. આ બધામાં તેઓ પ્રભુ ઈસુના પ્રાર્થનાવાદી જીવનને પોતપોતાની રીતે વર્ણવે છે. ત્રણેય સુવાર્તિકોએ નોંધેલા પ્રાર્થનાના રેફરન્સ આ પ્રમાણે છે.

માથ્થી : ૧૪;૨૩; ૨૬:૩૬,૪૨,૪૪;૨૭:૪૬.

માર્ક : ૧:૩૫; ૬:૪૬; ૧૪:૩૨,૩૫,૩૯; ૧૫:૩૪.

લૂક : ૩:૨૧; ૪:૪૨; ૫:૧૬; ૬:૧૨; ૯:૧૮; ૧૧:૧; ૨૨:૩૯, ૪૧,૪૪;૨૩:૩૪.

પ્રાર્થના એ ઈશ્વર સાથેની વાતચીત છે, ઈશ્વર સાથેની સંગતનું માધ્યમ છે. જો પ્રાર્થનામાં સતત લાગુ રહીએ છીએ તો તેનો અર્થ એ થાય કે, આપણે ઈશ્વરને મહિમા આપીએ છીએ અને ઈશ્વર સાથેના જીવંત

સંબંધમાં છીએ. પ્રાર્થનાથી બે બાબતો બને છે. (૧) ઈશ્વરને મહિમા મળે છે. (૨) આપણો વ્યક્તિગત વિશ્વાસ વધે છે. આના પરિણામે વ્યક્તિગત જીવનની સમજ બદલાઈ જશે અને જીવનનું મહત્ત્વ કેટલું છે તે સમજાશે. ઉપરાંત આપણાં વિશ્વાસીઓ સાથેના સંબંધો વધુ મજબૂત થશે.

પ્રભુ ઈસુ માનવી જીવનમાં આવ્યા અને માનવી જીવનમાં માનવી જીવનની મર્યાદાઓ અને પ્રશ્નો સાથે જીવ્યા. પરંતુ તેઓ તમામ સ્તરે વિજયી રહ્યા. તેઓ માનવી જીવનમાં આવીને સંપૂર્ણ મનુષ્ય તરીકે જીવન જીવ્યા. પ્રભુ ઈસુ પ્રાર્થનાવાદી સંબંધ અને જીવન ઈશ્વર સાથે સતત રાખીને ઈશ્વર સાથેની સંગત અને સંબંધમાં જીવ્યા. આ દ્વારા તેઓએ પિતાને હંમેશાં મહિમા આપ્યો હતો. વળી પ્રાર્થના દ્વારા ઈશ્વરપિતાની ઈચ્છા જાણવાનો હંમેશાં પ્રયત્ન કર્યો છે. પરિણામે ઈશ્વરપિતાની ઇચ્છાને પોતાના જીવનમાં કેન્દ્રસ્થાને રાખીને જીવ્યા. ઈશ્વરની આ ઇચ્છામાં ક્યારેય તેઓએ ફેરફાર કે બાંધછોડ કરી નહિ. ત્યારબાદ પોતાના શિષ્યો અને લોકો સાથે પિતાની ઈચ્છાના પ્રકાશમાં તેઓ જીવ્યા. કારણ કે પ્રભુ ઈસુનું જગતમાં આવવું તે ઈશ્વરપિતાની ઇચ્છાના કેન્દ્રમાં હતું. તેથી લોકો સાથેના સંબંધમાં રહીને અંત સુધી પિતાની ઈચ્છાને લાગુ કરી હતી. પ્રભુ ઈસુના જીવનનો એક પણ પ્રસંગ એવો નથી કે જેમાં તેમણે ઈશ્વરપિતાની ઇચ્છા ન શોધી હોય અથવા પિતાની ઇચ્છાની વિરુદ્ધ જીવ્યા કે વર્ત્યા હોય.

પ્રભુ ઈસુ દિવસની વ્યસ્તતા પછી પણ બીજા દિવસે વહેલી સવારે પ્રભુપિતા સાથે પ્રાર્થનાની સંગત કરતા હતા. પ્રભુ ઈસુના દિવસની શરૂઆત પિતા સાથેની સંગતથી થતી હતી. (માર્ક ૧:૩૫) પ્રભુ ઈસુ ત્રિએક ઈશ્વરમાંની બીજી વ્યક્તિ હતા. સ્વયં તેઓ ઈશ્વર હતા. છતાં તેઓને હંમેશાં એ યોગ્ય લાગ્યું કે પિતા સાથેની સંગત સતત કરવામાં આવે. ખાસ કરીને દિવસની શરૂઆતે પિતા પાસેથી દોરવણી માંગવી, પ્રભુ પિતા તે દિવસે તેમની મારફતે શું કરાવવા માંગે છે તે જાણવું. ઉપરાંત નવા દિવસની શરૂઆતે પોતાને પિતાના હાથમાં મૂકવા. કેટલી

મહાન બાબત પ્રભુ ઈસુના પ્રાર્થનાવાદી જીવનમાંથી શીખીએ છીએ. પ્રભુ ઈસુના સમગ્ર જીવનને તપાસતા જણાય છે કે, હંમેશાં-દરરોજ તેઓ વ્યસ્ત રહ્યા હતા. વ્યસ્તતા એ પ્રાર્થનાનો વિકલ્પ નથી. વધુ કામ છે તો વધુ પ્રાર્થના કરવી જોઈએ. દિવસની શરૂઆત પિતા સાથે કરવી. શ્રેષ્ઠ સમય પ્રભુના ચરણોમાં રહીને વ્યતિત કરવામાં આવતો હતો, માટે આખો દિવસ તેઓ પ્રભુની ઇચ્છામાં ફરતા, બેસતા, લોકોને મળતા અને તમામ સેવાકાર્ય કરતા હતા.

માર્ક ૬:૪૬, પરથી શીખીએ છીએ કે દિવસના અંતે પણ પ્રભુ સાથેની પ્રાર્થનાની સંગત પ્રભુ ઈસુને હતી. ઉપર જણાવેલ કલમની આગળના શાસ્ત્ર ભાગને તપાસતા જણાય છે કે, પાંચ હજાર પુરુષો અને સ્ત્રીઓ અને બાળકોને જમાડવાનો પ્રસંગ છે. માર્ક ૬:૩૧. તેઓની પાસે શાંતિથી બેસવાનો સમય નથી. અંગત પોતાને માટે ફુરસદ નથી. તેઓ પ્રભુ ઈસુની સાથે ત્રણ દિવસથી હતા. અતિ ઘણા લોકને સતત ત્રણ દિવસથી ઉપદેશ આપ્યો છે. સાજાપણાના કામો કર્યા હશે. (માર્ક ૩:૩૦-૪૪. સરખાવો માર્ક ૮:૧-૧૦). વ્યસ્તતાને લીધે જરૂર થાક લાગ્યો હશે. છતાં પ્રભુ ઈસુ બહાનું કાઢી પ્રાર્થના કરવાનું ટાળતા નથી. વ્યસ્તતા, ઘણી સેવા વગેરે પ્રાર્થના માટે અવરોધરૂપ ન બનવા જોઈએ.

પ્રભુ ઈસુનું પૃથ્વી પરનું સમગ્ર જીવન પ્રાર્થનાથી ભરેલું છે. સેવાની શરૂઆતે બાપ્તિસ્માના પ્રસંગે પણ પિતા સાથે પ્રાર્થનાની સંગતમાં જોવા મળે છે. સેવાનો આરંભ પ્રાર્થનાથી અને પવિત્રઆત્માના ઊતરવાથી થતો દેખાય છે. (લૂક ૩:૨૧) પ્રભુ ઈસુ જીવનના અંતભાગમાં હતા. તે સમય કપરો હતો. ઈશ્વરપિતાની ઇચ્છાની પરાકાષ્ટાએ તેઓ આવી પહોંચ્યા છે. છતાં તેઓ ડગ્યા નથી. ગેથસેમાને વાડીમાં પણ પ્રાર્થના કરે છે. (માર્ક ૧૪:૩૨;માથ્થી ૨૬:૩૬-૪૬; લૂક ૨૨:૩૯-૪૬.) આ સ્થળે કરેલી પ્રાર્થના પરાકાષ્ટારૂપ હતી. કારણ કે પ્રભુ ઈસુએ પ્રાર્થનામાં ભારે કષ્ટ વેઠ્યું હતું. પરસેવો પણ લોહીનાં ટીપાં જેવો થઈ ગયો હતો. પ્રભુ ઈસુએ વધસ્તંભ પરથી પણ પ્રાર્થના કરી હતી અને પોતાના દુશ્મનો અને સતાવનારાઓને માટે માફીની પ્રાર્થના પિતાને કરી હતી.

પ્રભુ ઈસુ મહત્ત્વના કામ પહેલાં પણ પ્રાર્થનામાં સમય ગાળતા હતા. બાર શિષ્યોની પસંદગી અગાઉ આખી રાત પ્રાર્થનામાં ગાળી (લૂક ૬:૧૨). પ્રભુ ઈસુ ત્રિએક ઈશ્વરમાંની બીજી વ્યક્તિ હતા પોતે ઈશ્વર હતા. સૃષ્ટિસર્જનના કાર્યમાં તેઓ સામેલ હતા. શું તેઓ પોતે એમને એમ - પ્રાર્થના કર્યા વગર શિષ્યોની પસંદગી ના કરી શકે ? અહીં જે શીખવાનું મળે છે તે એ કે કોઈ પણ કામ પ્રભુ ઈસુએ પોતાની મેળે, પિતાની ઈચ્છા જાણ્યા વગર કર્યું ન હતું. દરેક કાર્ય ત્રિએક ઈશ્વર સાથે મળીને જ કરતા હતા. પ્રભુ ઈસુ હંમેશાં પિતાને માન અને મહત્ત્વ આપે છે. પિતાની ઈચ્છા સર્વોપરી છે, તેવું હંમેશાં સ્વીકાર્યું છે, જાહેર કર્યું છે. પોતે એકલા કંઈ કરતા નથી. એવી જ રીતે પિતા પણ પુત્રને બાજુ પર રાખીને કંઈ કરતા નથી. તેથી પિતા, પુત્ર અને પવિત્ર આત્મા એક એકમ છે. તેઓ અલગ-અલગ નથી કે અલગ-અલગ રીતે વિચારતા નથી કે અલગ-અલગ રીતે કાર્ય કરતા નથી. તેથી શિષ્યોની પસંદગી પ્રભુ ઈસુ માટે નાનો વિષય છે. તેઓ એકલા ૧૨ શિષ્યોની પસંદગી કરી શકે. આ પ્રમાણે કરવામાં કોઈ ભૂલ પણ ન કરે. પરંતુ અહીં જે મુદ્દો છે તે ત્રિએક ઈશ્વર હંમેશાં સાથે મળીને કામ કરે છે. ઈસુ ખ્રિસ્ત હંમેશાં પિતાની ઈચ્છા શોધે છે, માન આપે છે અને ખુશીથી તે પ્રમાણે જ કરે છે.

દિવસના અંત પછી પ્રભુ ઈસુ આખી રાત પ્રાર્થનામાં ગાળે છે. પ્રભુ ઈસુ આપણા જેવા માનવી શરીરમાં હતા. તેઓને થાક લાગતો હતો, ભૂખ લાગતી હતી અને તરસ પણ લાગતી હતી. પરંતુ તેઓ પિતાની ઈચ્છા જાણવા, પિતા સાથે સંગત કરવા આખી રાત પિતા સાથે વિતાવે છે. જેટલું મોટું કામ તેટલી વધારે પ્રાર્થનાની જરૂર છે. વધારે કામ તેથી પ્રાર્થના પડતી મૂકવી તે બાઈબલનો સિદ્ધાંત નથી. ઘણીવાર એવું બને છે કે, વધારે કામ હોય તો ઓછી પ્રાર્થના અથવા અલગ-અલગ દરેક જણ પ્રાર્થના કરે તે રીતે સભ્યો પર પ્રાર્થના કરવાનું છોડી દઈએ છીએ અથવા પ્રાર્થના કરવાનું ટાળીએ છીએ. આ આખી રીત એ બિનખ્રિસ્તી રીત છે. આ પ્રમાણે કરવાથી ઈશ્વરનું જે મહત્ત્વ છે કે સ્થાન છે તે સ્વીકારતા નથી. ઈશ્વરની ઈચ્છા શી છે તે શોધવાનું ટાળીએ છીએ.

પ્રાર્થના કરવાથી પ્રભુ જે પોતાની ઇચ્છા જણાવવા માંગે છે તે ગુમાવીએ છીએ. પરિણામે નવી ઇચ્છા સર્વોપરી બને છે. અને અમલી બને છે. આવી રીતે કરેલાં કાર્યો વિશે કોઈ આશા રાખી શકાય નહિ. ખ્રિસ્તી વ્યક્તિઓ તરીકે આપણે નામ ખ્રિસ્તી ધરાવીએ છીએ પરંતુ ઘણીવાર ખ્રિસ્ત કે ઈશ્વરપિતા સાથે આપણે કોઈ સંબંધ હોતો નથી. આને વિસંગતતા કહી શકાય. નામ ખ્રિસ્તી પરંતુ કામ બિનખ્રિસ્તી. પરંતુ પ્રભુ ઈસુ હંમેશા પિતા સાથેના સંબંધ અને સંગતમાં રહીને જીવ્યા અને કાર્ય કર્યું. પ્રભુ ઈસુના જીવનનો એકપણ પ્રસંગ એવો નથી કે, જેમાં તેઓએ પોતાની રીતે, પોતાની ઇચ્છા પ્રમાણે કર્યું હોય. વધસ્તંભના શાપિત મરણ અગાઉ પણ પિતા સાથેની કષ્ટદાયક પ્રાર્થના જ શીખવે છે, કે આ અતિ મહત્ત્વના તબક્કે-નિર્ણયમાં પણ પિતાની ઇચ્છા શોધે છે. પિતા પાસેથી બળ મેળવે છે. પિતાના હાથમાં આ મહત્ત્વના સમયને તથા પોતાને મૂકે છે. ગેથસેમાની વાડીમાંની પ્રાર્થનામાં પોતાની લાગણી વ્યક્ત કરે છે. પરંતુ ઇચ્છા તો દેવની જ સ્વીકારે છે. બીજા શબ્દોમાં કહીએ તો સર્વોપરી અધિકાર જે પિતાનો છે તેને આ મહત્ત્વના તબક્કે પણ સ્વીકારીને સો ટકા આધીન થાય છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું જીવન પ્રાર્થનાવાદી જીવન હતું માટે તેમના પ્રાર્થનાવાદી જીવનમાંથી શિષ્યો શીખવા માંગે છે. (લૂક. ૧૧:૧). એક શિષ્યએ પ્રાર્થના શીખવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. શિષ્યો પ્રભુ ઈસુના શિષ્યો બની ગયા છતાં તેઓને પ્રાર્થના કરતાં આવડતું ન હતું. ઈસુ શીખવે તો જ પ્રાર્થના કરતા શીખી શકીએ. પ્રભુ ઈસુ પ્રાર્થનાવાદી જીવન માટે, પ્રાર્થના શીખવા માટે આદર્શ છે. માનવી પ્રયત્નોથી, પોતાની મેળે કે અન્ય કોઈ રીતે કે અન્ય કોઈ પાસેથી, કે અંદર-અંદર એકબીજા પાસેથી પ્રાર્થના શીખી શકાતી નથી. પ્રાર્થનાથી ભરેલા જીવનવાળા પ્રભુ ઈસુની પાસેથી જ પ્રાર્થના શીખી શકાય છે. તેથી આ પ્રકારની અભિલાષા કે ઝંખના રાખવાની જરૂર છે. એવી પ્રાર્થના કરવાની જરૂર છે કે પ્રભુ તમે મને પ્રાર્થના કરતા શીખવો. ત્યારે શીખવશે એટલું જ નહિ પરંતુ તેમના પર અઢેલતા શીખવશે. પ્રાર્થનાવાદી જીવનમાં રાખશે અને સતત

તેમની સમીપતામાં રાખીને પ્રાર્થનાવાદી જીવનની પરાકાષ્ટા સુધી લઈ જશે. શીખવા માટે હૃદયની જરૂર છે. શીખવા માટેની તૈયારીની જરૂર છે. શીખવા માટે આપણે પ્રાપ્ય હોવા જોઈએ. ઘણીવાર એટલા બધા વ્યસ્ત બની જઈએ છીએ કે જેથી પ્રાર્થના માટે આપણે પ્રાપ્ય (available) હોતા નથી. માટે પ્રાર્થના માટેનું હૃદય અને મન હોતા નથી. કાર્યો થાય છે. જીવન જીવાય છે. પરંતુ બધું જ ઈશ્વર વગર અને પ્રાર્થના વગર. માટે કાર્ય થયાનો સંતોષ મેળવીએ છીએ પરંતુ પરિણામ વગરનાં કાર્યો કરીએ છીએ. જેટલું વધારે - મોટું કાર્ય તેટલી વધારે પ્રાર્થનાની જરૂર છે. કાર્ય-વ્યસ્તતા એ પ્રાર્થનાનો વિકલ્પ નથી. પ્રભુ ઈસુ માનવોના ઉદ્ધારને અર્થે આવ્યા પરંતુ પિતા સાથેની સંગત-સંબંધના ભોગે એમણે ક્યારેય કોઈ વ્યવહાર કર્યો નથી. પરંતુ આ મહાન હેતુને પૂર્ણ કરવા પિતા સાથે પ્રાર્થનાની સંગતમાં રહ્યા. પ્રભુનું કાર્ય પ્રભુની ઇચ્છા પ્રમાણે અને પ્રભુના ધોરણ પ્રમાણે જ થાય છે. સેવાના આરંભથી અંત સુધી તમામ સ્તરે પ્રભુ ઈસુ પ્રાર્થના કરે છે. વધસ્તંભ પરના કષ્ટદાયક શાપિત મરણના સમયે પણ પિતા સાથે પ્રાર્થનાની સંગત માણે છે. પિતાને વિનંતી કરે છે. પોતાના માટે, બીજાઓને માટે.

પ્રભુ ઈસુ આજે જીવે છે. મૃત્યુમાંથી સજીવન થયા છે. ઈશ્વરપિતાના જમણા હાથે બેસીને તેઓના પર પ્રેમ રાખનારા માટે પિતાને મધ્યસ્થી કરે છે. ઈશ્વરને આજે પણ કરવામાં આવતી પ્રાર્થના પ્રભુ સાંભળે છે. પુનરુત્થાન પામેલા પ્રભુ, શેતાનને, મરણને હરાવનાર પ્રભુ, વિજયી અને સામર્થ્યવાન પ્રભુ, જેમના હાથમાં સર્વસત્તા અને સર્વ અધિકાર છે. તે આજે પણ પ્રાર્થના સાંભળે છે. અને આપણા પ્રભુ એવું ઇચ્છે છે કે તમામ લોકો પ્રાર્થના દ્વારા પ્રભુ સાથેની સંગતમાં જોડાય. જો પ્રભુ સાથે પ્રાર્થનાની જીવંત સંગત આ પૃથ્વી પર છે તો એ જ પ્રભુ સાથે કાયમી સંગત અને જીવન અનંતકાળમાં મળશે. તેથી પ્રાર્થના એ સંકુચિત કે સીમિત અર્થમાં નથી. પરંતુ એ એક ક્રિયા છે. જે માનવી જીવનની સાથે શરૂ થાય છે. અને માનવી જીવનના અંત સુધી ચાલુ રહે છે. આ બધી પ્રક્રિયામાં વ્યક્તિ પૃથ્વી પર જ હોય છે. પરંતુ સ્વર્ગીય

પ્રભુ સાથેની જીવાળ સંગતમાં આવતા હોવાથી વ્યક્તિ સ્વર્ગીય અનુભવ પૃથ્વી પર કરી શકે છે. પરિણામે વ્યક્તિનું સમગ્ર જીવન બદલાઈ જાય છે.

પ્રભુ ઈસુ આપણો આદર્શ છે. જેનો સ્વીકાર કરવાથી તેનું જીવન આપણું જીવન બને છે. પરિણામે આપણે પ્રાર્થનાવાદી જીવનમાં આવીએ છીએ, રહીએ છીએ અને વૃદ્ધિ પામીએ છીએ. પરિણામે આપણા જીવનનું આમૂલ પરિવર્તન થાય છે જે જીવન બીજાઓને માટે સાક્ષીરૂપ અને અસર કરનાર બની રહે છે. ત્યારે નામધારી ખ્રિસ્તી જીવન નહિ રહે. પરંતુ ઈસુ કેન્દ્રિત જીવન બની જશે. જે જીવન પહાડ પર વસેલા નગર જેવું બનશે. પ્રાર્થનાનો કોઈ વિકલ્પ નથી. પ્રભુ ઈસુના જીવનમાં પણ પ્રાર્થનાનો કોઈ વિકલ્પ ન હતો પરંતુ પ્રાર્થના પ્રથમ સ્થાને હતી. પ્રભુ આપણી સહાય કરે.

પ્રભુ ઈસુના પ્રાર્થનાના પ્રકાર આ પ્રમાણે હતા. (૧) ઈશ્વરસ્તુતિ (૨) આભારસ્તુતિ (૩) વિનંતી (પોતાને માટે) - છેલ્લા સમયમાં કરેલી પ્રાર્થના (૪) મધ્યસ્થી. આપણી પ્રાર્થનાના પ્રકાર અને તેનો ક્રમ આ પ્રમાણે હોવા જોઈએ. (૧) પાપ કબૂલાત (૨) ઈશ્વરસ્તુતિ (૩) આભારસ્તુતિ (૪) મધ્યસ્થી લોકો માટે, બીજાઓ માટે (૫) વિનંતી - પોતાને માટે.

આ ક્રમ પ્રમાણેની પ્રાર્થના થશે ત્યારે પ્રાર્થનાનો હેતુ બદલાઈ જશે. પ્રાર્થનાનો આનંદ અને આશીર્વાદ સાચા અર્થમાં મળશે. પ્રભુ ઈસુએ કરેલી પ્રાર્થનાઓ માનવી જીવનમાં રહીને જ કરી હતી. તેથી આપણા માટે પણ શક્ય છે અને આપણને પણ હિંમત છે કે માનવી જીવનની મર્યાદાઓ, દુઃખો અને સતાવણીની વચ્ચે જ પ્રભુઈસુએ પ્રાર્થના જ કરી. શાપ આપ્યો નહિ, તેઓને માર્યા નહિ, તે જ રીતે આપણને પણ હિંમત મળે છે, અને ઉત્તેજન મળે છે કે, આપણે પણ પ્રભુ ઈસુને સાથે લઈને માનવી જીવનના તમામ તબક્કે પ્રાર્થના કરીશું. ત્યારે પ્રભુ ઈસુ તે પ્રમાણે કરવા કૃપા અને સામર્થ્ય આપશે. ત્રિએક ઈશ્વરને મહિમા મળશે. બીજાઓને ઉત્તેજન અને પડકાર મળશે.

પ્રભુ આપણાં જીવનોને પરિહિતૈષણા (BENEVOLE NCE) જનહિતૈ, હિતેચ્છા, સુજનતા, પરોપકારિતા, ઉદારતા, કૃપાળુતા અને શુભચિંતનવાળું બનાવે જે સાચા અર્થમાં ખ્રિસ્ત કેન્દ્રિત જીવન બને અને બીજાઓને માટે "બેનીવોલન્સ" બની જાય. પ્રભુના મહિમાનું સાધન બની જાય. એ જ પ્રાર્થના.

પ્રકરણ - ૫

પ્રાર્થનાનાં વિવિધ પાસાંઓ

(I). પ્રાર્થના કરવાથી મળતા આશીર્વાદો

પ્રાર્થના ખ્રિસ્તી સંદર્ભમાં અને બાઈબલના સંદર્ભમાં આશીર્વાદિત વ્યવસ્થા છે. આ વ્યવસ્થા ઈશ્વર તરફથી માનવજાતને મળેલી છે. જો કે તે ઈશ્વર તરફથી માનવજાતને મળેલી છે, પરંતુ તેનો સો ટકાનો આશીર્વાદ મનુષ્યના પક્ષે મળે છે. રોબર્ટ સુલર કહે છે, પ્રાર્થના દ્વારા અશક્ય બાબતો ઈશ્વરને માટે શક્ય બને છે. (Through prayer, the impossible becomes "Him possible"

પ્રાર્થના એ ઈશ્વર સાથેની વાતચીત છે. :

પ્રાર્થના એ ક્રિયાકાંડ નથી. પરંતુ જેવી રીતે બે મિત્રો કે સ્નેહીજનો વાતચીત કરે તેવી રીતે મનુષ્યની ઈશ્વર સાથેની વાતચીત છે. વાતચીત સમજણપૂર્વકની હોવી જોઈએ. સાથે સાથે પૂરેપૂરા માન અને અદબ સાથેની હોવી જોઈએ. પ્રાર્થના એ કેવળ શબ્દોની રચના કે વ્યવહાર નથી. જરૂર પ્રાર્થનામાં શબ્દો સમાવાયા હોય છે (Verbal) પરંતુ પ્રાર્થના શબ્દો વગરની પણ હોઈ શકે છે (Non-Verbal) મનુષ્ય પોતે પોતાની અભિવ્યક્તિ ઈશ્વર આગળ કરે છે. જેમાં વ્યક્તિના શબ્દો કરતા તેનું વલણ, મન અને ભાવ ખૂબ મહત્ત્વના છે. શબ્દો કદાચ સાદા કે થોડા હોઈ શકે. શબ્દો ભાષાની દૃષ્ટિએ ઓછા વજનદાર હોઈ શકે. પરંતુ તેમાં વ્યક્તિ પોતાની ભાવના લાગણી પ્રગટ કરે છે. બીજા શબ્દોમાં વ્યક્તિ પ્રાર્થના દ્વારા પોતાને રજૂ કરે છે. પ્રાર્થનાના માધ્યમથી ઘણાબધા લોકોને, પરિસ્થિતિઓ વગેરેને ઈશ્વરની આગળ લાવવામાં આવે છે.

વાતચીત સમજપૂર્વકની હોવી જોઈએ. કેવળ સમય પસાર કરવા માટે પ્રાર્થના એ વ્યવસ્થા કે સાધન નથી. વાતચીત (પ્રાર્થના) ઈશ્વર આગળ કંટાળારૂપ ન બની જવી જોઈએ. વાતચીત સરળ-નિખાલસ હોવી જોઈએ. પ્રાર્થના-વાતચીત અને વ્યક્તિને પૂરેપૂરો સંબંધ છે.

પ્રાર્થના-વાતચીત એકતરફી ન હોવી જોઈએ. આપણે બોલીએ પ્રાર્થના કરીએ અને ત્યારબાદ ઈશ્વર બોલવા માગે છે. - બોલે છે તે માટે શાંત રહીએ. પ્રાર્થના-વાતચીત બે તરફ છે. વ્યક્તિ તરીકે આપણે બોલીએ અથવા આપણી લાગણી ઈશ્વર સમક્ષ રજૂ કરીએ. ત્યારે ઈશ્વર સાંભળે છે. એજ રીતે બીજા ભાગમાં ઈશ્વર આપણી પ્રાર્થના-વાતચીતના સંદર્ભમાં આપણી સાથે બોલવા માગે છે. આપણને પ્રત્યુત્તર આપવા માંગે છે. જે માટે આપણે માન, અદબ, ગંભીરતા અને સભાનતા સાથે ઈશ્વરનું સાંભળીએ. આ પ્રમાણે કરવાથી પ્રાર્થનાનું જે ચક્ર છે તે પૂર્ણ થશે. આ જ પ્રાર્થનાની-વાતચીતની સાચી અને બાઈબલ આધારિત રીત પદ્ધતિ છે. આ પ્રમાણે કરવાથી પ્રાર્થના એક તરફી (Monologue) નહિ બને પરંતુ બે તરફી (Dialoge) બની રહેશે. જે કંટાળાજનક નહિ બને પરંતુ ઉત્તેજન આપનારી અને આશિષ લાવનારી વ્યવસ્થા-સાધન બની રહેશે. પરિણામે પ્રાર્થના-વાતચીત એ બોજો કે કંટાળાજનક નહિ બને પરંતુ એક જીવંત પ્રક્રિયા કે જીવંત સંબંધ લાવનારી બની રહેશે.

(II). પ્રાર્થના કરવાથી આવતો કંટાળો

અગાઉ જોયું તેમ ઈશ્વરની માનવજાતને મળેલી ઉત્તમ આશિષરૂપ વ્યવસ્થા પ્રાર્થના છે. પરંતુ પ્રાર્થનાને ના સમજનારા ઈશ્વરસાથેના જીવાળ-જીવંત સંબંધમાં ન ચાલનારા વ્યક્તિઓને માટે પ્રાર્થના એ કંટાળારૂપ બોજરૂપ બની રહે છે. સાચા અર્થમાં તેઓ વ્યક્તિગત કે કૌટુંબિક જીવનમાં પ્રાર્થના કરતા નથી. તેઓનો કોઈ સંબંધ પ્રાર્થના સાથે હોતો નથી. ક્યાંક સમૂહમાં થતી પ્રાર્થના સમયે આંખો બંધ કરીને ભાગીદાર બને છે. આવી પ્રાર્થના તેઓને માટે કોઈ આશિષ લાવતી નથી. વ્યક્તિગત પ્રભુની અંગત ઓળખ-પ્રભુને તારનાર અને પ્રભુ તરીકે સ્વીકારવાથી, પ્રભુ સાથેના જીવંત સંબંધમાં વ્યક્તિગત આપણે આવીએ

છીએ ત્યારે ઈશ્વર, ઈશ્વરનાં વચનો, પ્રાર્થના, વિશ્વાસીઓની સંગત વગેરે વ્યક્તિના જીવનમાં ખૂબ અગત્યના બની જશે. જે વડે વ્યક્તિ પોતે આત્મિક વૃદ્ધિ પામશે. પરિણામે ઈશ્વરનાં વચનો પ્રાર્થના અને વિશ્વાસીઓની સંગત માટે વ્યક્તિના જીવનમાં ભૂખ ઉત્પન્ન થશે. આ બાબતો કંટાળારૂપ કે બોજારૂપ ક્યારેય નહિ બને પરંતુ એથી વ્યક્તિ પોતે આનંદ અને ઉત્તેજન પામશે. પરંતુ નામધારી ખ્રિસ્તજીવન છે તો તેવી વ્યક્તિ માટે તમામ બાબતો જે ઈશ્વર તરફથી છે તે કંટાળારૂપ-બોજારૂપ બની જશે. ઈશ્વર તેના જીવનના સર્જનહાર, પાલનહાર અને તારણહાર છે. તેવી સમજ કે ગંભીરતા હોતી નથી. માટે જગતના લોકોની જેમ તે વ્યક્તિ જીવે છે. પછી તે મંડળીમાં હોય કે કુટુંબમાં હોય કે જગતમાં હોય. આવી વ્યક્તિના જીવનમાં કોઈ ફેરફાર જણાતો નથી. પરિણામે પોતાની રીતે જીવનાર આવી વ્યક્તિને માટે પ્રાર્થના કે જે ઈશ્વર સાથેની વાતચીત છે તે સમજવું અશક્ય છે. માટે આવી વ્યક્તિ પ્રાર્થનાને જીવનમાં અપનાવી શકતી નથી. માટે જીવનનો આનંદ અને આશીર્વાદ તેવી વ્યક્તિના જીવનમાં ક્યારેય જોવા મળતો નથી. જો કે આવી વ્યક્તિઓ ખ્રિસ્તી કુટુંબમાં અને મંડળીમાં હોય છે જ. પરિણામે આવી વ્યક્તિઓ અને આવી વ્યક્તિઓથી ભરેલાં કુટુંબોમાં અને મંડળીમાં પ્રાર્થનાનું સ્થાન અને મહત્ત્વ કેટલું હશે તે સમજી શકાય છે. પરિણામે પ્રાર્થનારહિત જીવનો, અને એવા જીવનોવાળાં કુટુંબ અને મંડળી પોતાને માટે, પરિવારોને માટે અને મંડળીને માટે બોજારૂપ બની જાય છે. આવી વ્યક્તિઓ પ્રાર્થનાને મૂળભૂત રીતે તેના સ્વરૂપમાં સ્વીકારતા ન હોવાથી પ્રાર્થનાનું પરિણામ તેઓના જીવનમાં જણાતું નથી માટે પ્રાર્થના વગરના કહેવાતા ખ્રિસ્તી જીવનો શુષ્ક, નિરસ, ફળ વગરના અને વૃદ્ધિ નહિ પામનારા બની જાય છે. માટે, વ્યક્તિગત જીવનો, કૌટુંબિક જીવનો અને મંડળીના જીવનોમાં ફેરફાર - ઈશ્વર ઇચ્છે છે તેવો જોઈ શકાતો નથી. માટે દેવની ઇચ્છા વગર જીવનો જીવાય છે અને સમાપ્ત પણ થાય છે.

પરંતુ પ્રાર્થનાથી અને તે પણ સમજ સાથે પ્રાર્થનાથી અવશ્ય આશીર્વાદો પ્રાપ્ત થાય છે. બાઈબલ શીખવે છે કે પ્રાર્થના એ ક્યારેય

કંટાળારૂપ નથી. વ્યક્તિઓ તેને કંટાળારૂપ બનાવી દે છે. પ્રાર્થનાથી વ્યક્તિગત જીવનો, કૌટુંબિક જીવનો, મંડળી અને સમાજનાં જીવનોમાં આશીર્વાદો અવશ્ય આવે છે. કારણ કે પ્રાર્થના દ્વારા આપણે વ્યક્તિગત, કુટુંબ તરીકે, મંડળી તરીકે અને સમાજ તરીકે સર્વસમર્થ ઈશ્વર સાથેના જીવંત સંબંધમાં આવીએ છીએ, રહીએ છીએ અને તેમાં વૃદ્ધિ પામીએ છીએ. પ્રાર્થના એ સતત બોલવાની પ્રક્રિયા નથી. શમૂએલની જેમ ઈશ્વરનું સાંભળવાની પ્રક્રિયા છે, ઈશ્વરની મૂળ ઇચ્છા શોધવાની પ્રક્રિયા છે. ઈશ્વરની આગળ થોભવાની પ્રક્રિયા છે. આપણો ભાર, બોજો, દુઃખ, પ્રશ્નો વગેરે ઈશ્વર પાસે લાવવાની વ્યવસ્થા છે. સાથે સાથે ઈશ્વર જે કહે છે તેના પ્રકાશમાં આભાર માનવાની વ્યવસ્થા કે પ્રક્રિયા છે. ઈશ્વર આગળ પ્રાર્થના દ્વારા ઈશ્વર પાસે આવીને પોતાના, પોતાના કુટુંબમાં, પોતાની મંડળીના, પોતાના સમાજમાં, દેશના અને દુનિયાના પાપ કબૂલ કરવાની તક મળે છે. જૂના માણસપણાને ઉતારવાની, ઈશ્વર દયા કરે તે માટે વિનંતી કરવાની તક મળે છે. પ્રાર્થના એ ઈશ્વરનું ભજન કરવાની ઉત્તમ વ્યવસ્થા છે. ઈશ્વરના ગુણો - પવિત્ર, ન્યાયી, શુદ્ધ, આવેશી, મંદરોષી વગેરેને ધ્યાનમાં રાખીને ઈશ્વરનું ભજન કરવાની તક પ્રાર્થના દ્વારા મળે છે. પ્રાર્થના દ્વારા બીજાઓને માટે પ્રભુની આગળ આજીજી કરવાની તક મળે છે. તે દ્વારા આપણે પ્રભુની આશિષ આપણે અને અન્યો પ્રાપ્ત કરીએ તેવું ઈચ્છીએ છીએ. આ બધા સંદર્ભમાં પ્રાર્થના મનુષ્યને મળેલો ઈશ્વરનો આશીર્વાદ છે. અને પ્રાર્થના દ્વારા વ્યક્તિઓ, કુટુંબો, મંડળી, સમાજ વગેરે આશીર્વાદ પ્રાપ્ત કરી શકે છે. પવિત્રશાસ્ત્ર બાઈબલમાં ક્યાંય એવું લખ્યું નથી કે પ્રાર્થના કરવાથી ઈશ્વરનો શાપ આવ્યો. પરંતુ પ્રાર્થના નહિ કરવાથી વ્યક્તિ અને વ્યક્તિઓએ ઈશ્વરનો આશીર્વાદ ગુમાવ્યો છે.

(III). પ્રાર્થના નહિ કરવાથી થતું નુકસાન

- વ્યક્તિગત રીતે પ્રભુ સાથેના સંબંધમાં નુકસાન થાય છે.
- વ્યક્તિગત વૃદ્ધિ થતી નથી. આત્મિક, માનસિક એકબીજાની સંગતથી થતી વૃદ્ધિ અટકે છે.

- જીવનનો સાચો આનંદ મળતો નથી.
- પ્રાર્થના નહિ કરવી એ પાપ છે. (યર્મિ. ૨૯:૭, ૧૧-૧૩, લુક. ૨૨:૪૦.)
- વિશ્વાસીઓ સાથેની વિશાળ સંગત-ગુમાવીએ છીએ.
- પ્રાર્થનાથી પરિણામ આવે છે. પ્રભુ તે દ્વારા પરિસ્થિતિ બદલે છે. તેવું આપણે માનતા નથી.
- પ્રાર્થના દ્વારા આપણો બોજ, પ્રભુની પાસે મૂકીએ છીએ જે પ્રાર્થના નહિ કરીને આપણા બોજ સાથે જીવીએ છીએ.
- આનંદ, શાંતિ, સહનશીલતા, માફી વગેરે બાબતોનો અનુભવ થતો નથી.
- બદલાની ભાવના, ખોટું કરવાવાળું મન, સ્વભાવ અને જીવન ચાલુ રહે છે.
- ઈશ્વરને કાર્ય કરવા દેતા નથી. ઈશ્વર પરનો પ્રેમ અને વિશ્વાસ નથી.
- શંકાશીલ સ્વભાવ ચાલુ રહે છે. જીવનનો હેતુ સમજતા નથી.
- જગતમાં વિશ્વાસ કરનારા પ્રભુના લોક સાથેની વિશાળ સંગત-પ્રાર્થના નહિ કરીને ગુમાવીએ છીએ.
- આ જીવનમાં પ્રાર્થના દ્વારા પ્રભુ સાથેની વાતચીત કરતા નથી અને સંબંધ રાખતા નથી તો ન્યાયકાળે પ્રભુ આપણને ઓળખશે નહિ. પરિણામે અનંતકાળનો આનંદ, જીવન અને તેનો આશીર્વાદ ગુમાવીશું. જે પ્રાર્થના દ્વારા રોજના જીવનમાં પૃથ્વી પર અનુભવી શકાય છે.

(IV). પ્રાર્થના સંબંધી ગેરસમજણો - દુરુપયોગ

પ્રાર્થના સંબંધી સાચી સમજ કેવળ પવિત્રશાસ્ત્ર બાઇબલમાંથી જ મળે છે. ઉપરાંત પ્રાર્થના સંબંધી દેવનો આત્મા સમજાવે છે અને શીખવે

છે. પ્રાર્થના એ ઈશ્વરની માનવને મળેલી અમૂલ્ય ભેટ છે. આ દૈવી વ્યવસ્થા હોઈને દૈવીધોરણે અને ઈશ્વરની સમજ પ્રમાણે કરવી જોઈએ. આ સો ટકા ઈશ્વરીય વ્યવસ્થા હોઈને તેમાં માનવી જ્ઞાન, ડહાપણ અનુભવ કે બીજી કોઈ બાબતને સ્થાન નથી. જો એવી કોઈ બાબતોનું મિશ્રણ પ્રાર્થનામાં કરવામાં આવે છે તો પ્રાર્થના માનવી સમજથી અને માનવીધોરણને આધારે થશે. પરિણામે તેવી પ્રાર્થનાનું પરિણામ જે ઈશ્વર તરફથી છે તે ક્યારેય આવશે નહિ.

તેથી, પ્રાર્થના વ્યક્તિ/વ્યક્તિઓ તરફથી ઈશ્વરની આગળ કરવામાં આવતી રજૂઆત છે. આ રજૂઆત આભારસ્તુતિની હોય, મધ્યસ્થીની હોય, વિનંતીની હોય કે પાપ કબૂલાતની હોય. પ્રાર્થના નીચેથી ઉપર એટલે કે ઈશ્વર પાસે જતી વ્યવસ્થા છે. તેથી માનવીનો ઈશ્વર સાથેનો વ્યવહાર છે. જે માનવીય ક્યારેય ન હોવો જોઈએ. પરંતુ આ વ્યવસ્થા દૈવી હોઈને સો ટકા દૈવી સમજ અને ધોરણને આધારે દૈવી વ્યવહાર બની રહેવો જોઈએ. આ માટે વ્યક્તિએ પ્રાર્થના માટે પોતાને પ્રથમ તૈયાર કરવા પડે. પ્રાર્થના માટેની સંપૂર્ણ તૈયારી જો ન હોય તો પ્રાર્થના એ કેવળ એકતરફી અને કંટાળારૂપ બની જાય છે. જેને મોનોટોનસ કહેવાય છે. (એક વ્યક્તિ બોલે અને તેનો કોઈ પ્રત્યુત્તર ન હોય. એક વ્યક્તિ જ બોલે. સામેની વ્યક્તિને બોલવાની તક ન હોય.)

લોકો પાપ સંબંધી શું વિચારે છે?: (૧) પાપ જેવું છે જ નહિ. (૨) ધાર્મિક લોકોએ ઉપજાવીને તેને મોટું સ્વરૂપ આપ્યું છે. (૩) કેટલાંક લોકો એમ માને છે કે ખૂન અને વ્યભિચાર જેવાં ઘાતકી કૃત્યો તે જ પાપ કહી શકાય. (૪) કેટલાંક માને છે કે, સ્વાર્થી હોવું તે પાપ છે. (૫) કેટલાંક લોકો માને છે કે, કંઈક સારું પામવા માટે ટૂંકો રસ્તો અપનાવવો એ ખોટું નથી. (૬) કેટલાંક લોકો ભૂલ ગણે છે. પરંતુ બાઈબલ ઈશ્વર વિરુદ્ધની તમામ બાબતોને પાપ ગણે છે. એટલેકે ઈશ્વરની ઈચ્છામાં ન હોય તે તમામ બાબતો પાપ છે.

(V). પ્રાર્થના સંબંધી પ્રવર્તતી ગેરસમજણ :

- લાંબી પ્રાર્થના સાંભળવામાં આવે છે.
- પ્રાર્થનામાં બાઇબલનાં વચનો ટાંકવામાં આવે તો જ સારી-અસરકારક પ્રાર્થના ગણાય.
- અમુક લોકો-જૂથ પોતાની પ્રાર્થના જ અસરકારક છે તેવું માને છે. આ વાત ફેલાવે છે. બીજાઓને આ વિચારોથી અસર પણ પાડે છે.
- મંડળીમાં થતી પ્રાર્થના દમ વગરની-સાધારણ પ્રાર્થના હોય છે.
- અમુક વ્યક્તિ પાસે જવાથી જ પ્રભુ પ્રાર્થના સાંભળે છે. પરિણામે લોકોનાં ટોળાં જાય છે.
- પ્રભુ ખાસ લોકોની જ પ્રાર્થના સાંભળે છે. તેથી મંડળીના સામાન્ય સભ્યો પોતે પ્રાર્થના કરતા નથી. (મોટે ભાગે) અને તેઓ પોતાના પ્રશ્નો લઈને "પ્રાર્થના કરાવવા" જાય છે.
- તેલ લગાડીને પ્રાર્થના કરીએ તો જ સાજાપણું મળે છે. જો કે તેલ લગાડવું એ શાસ્ત્રોક્ત છે. પરંતુ તે સિવાય પ્રાર્થના ન સંભળાય તેવો આધાર ક્યાંય મળતો નથી.
- પ્રાર્થના જોરથી કરવામાં આવે તો તેવી પ્રાર્થના દમદાર હોય છે. સરળ, સાદી ભાષા અને સામાન્ય અવાજથી કરવામાં આવતી પ્રાર્થનાને ઘણા સામાન્ય ગણે છે.
- અમુક લોકો સાથે જ પ્રાર્થના કરવી જોઈએ. બીજા લોકો સાથે પ્રાર્થના ન થાય.

ઉપરોક્ત વિચારો અને તેના જેવા બીજા વિચારો પ્રવર્તે છે. પરિણામે સામાન્ય લોકોમાં ગેરસમજ પ્રવર્તે છે. પરિણામે જેવી જેની અસર તે પ્રમાણે સામાન્ય લોકો ઉપરોક્ત મત ધરાવનારા તરફ આકર્ષાય

છે. પરિણામે બીજાઓને સામાન્ય અને હલકા ગણે છે. આ એક પ્રકારનો દુર્મત છે. આને આત્મિક અભિમાન પણ ગણી શકાય. કેટલીક બાબતોમાં ગેરસમજણ કે ભૂલભરેલી સમજણ કે માન્યતા જે આવા લોકો ધરાવે છે અને બીજાઓને તેની અસર નીચે લાવે છે. આ પ્રકારનાં જૂથો પોતાના અનુયાયીઓને બીજાઓ સાથે સંબંધ ન રાખવા તાકીદ કરે છે. આ માટે જરૂર પડે તો બાઇબલના વચનોનો ખોટો ઉપયોગ કરીને ખોટું સમજાવે છે. પરિણામે આવી પ્રાર્થનાઓ ઢોંગ બની રહે છે. પરિણામ વગરની બની રહે છે. આ ઉપરાંત આવી પ્રાર્થનાથી કોઈ આત્મિક લાભ થતો નથી. અમારી જ પ્રાર્થના સાચી કે અસરકારક છે જ્યારે બીજા તમામની પ્રાર્થના ખોટી એ પણ ગેરસમજણ કે દુર્મત છે.

પ્રાર્થના કરવાનો હક કે આશીર્વાદ કેવળ ઈશ્વર તરફથી જ મળે છે. તેથી પ્રાર્થના એ વ્યક્તિગત કે સમૂહમાં કરવામાં આવતી ક્રિયા છે. જે ઈશ્વરને સંબોધીને કરવામાં આવે છે. તેથી ઈશ્વર અને વ્યક્તિ/વ્યક્તિઓ સિવાય બીજી કોઈ વાતને સ્થાન નથી. પ્રાર્થના એ વાતચીત છે. તેથી ઈશ્વરના સંતાન તરીકે પ્રાર્થના દ્વારા આપણે ઈશ્વર સાથે વાતચીત કરીએ છીએ. ઈશ્વરે પ્રાર્થના માટે કોઈ રીત બતાવી નથી કે જે દ્વારા જ પ્રાર્થના સંભળાશે અથવા જે રીત જ સાચી છે. પ્રભુએ જે બાબતો પવિત્રશાસ્ત્રમાં શીખવી છે તે નીચે પ્રમાણે છે.

- ઈશ્વર પવિત્ર છે તેથી તેમની પાસે પવિત્રતા અને શુદ્ધતા સાથે આવવાનું છે.
- હૃદય-મનના પસ્તાવાસહિત આવવાનું છે.
- ગંભીરતા સાથે આવવાનું છે.
- પ્રાર્થનામાં આપણા શબ્દો સમજપૂર્વકના હોવા જોઈએ.
- એવું ક્યારેય ન માનવું કે વધુ બોલવાથી દેવ સાંભળે છે.
- ઈશ્વર આપણો પિતા છે. તેથી તેના સંતાન તરીકે એ ભાવ અને લાગણી સાથે આનંદથી તેની પાસે આવીએ.
- પ્રભુ જીવંત છે. અને સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે તે સમજ સાથે તેમની પાસે આવીએ. તે પ્રાર્થના સાંભળે છે. તેને

તમારા જીવનમાં રસ છે, તમારી પ્રાર્થનામાં રસ છે તેવું હંમેશા સ્વીકારીને ચાલવું.

- પ્રાર્થના પ્રભુ સાંભળે છે. અને પોતાના સમયમાં ઈશ્વર જવાબ આપે છે. તેથી ક્યારેય એવું ન માનવું કે ઈશ્વર સાંભળતા નથી કે જવાબ આપતા નથી. હા, એક વાત એ પણ સ્વીકારીને પ્રાર્થના કરવી કે ઈશ્વર આપણી પ્રાર્થનાનો પ્રત્યુત્તર હા અથવા ના માં પણ આપે. ઘણીવાર આપણને થોભવા જણાવે. પ્રાર્થનાનો પ્રત્યુત્તર તરત આવે, થોડા સમય પછી આવે અથવા આપણા મૃત્યુ પછી પણ આવે. પ્રભુ વિવિધ રીતે પણ પ્રત્યુત્તર આપે છે. સીધેસીધો, આડકતરી રીતે, કોઈ પ્રસંગ દ્વારા, કોઈકની જીવંત સાક્ષી દ્વારા કે દેવનાં વચનો દ્વારા.
- પ્રાર્થનામાં વિશ્વાસ સાથે આવવું. અવિશ્વાસ સહિતની પ્રાર્થના ક્યારેય પ્રત્યુત્તર લાવતી નથી.
- પ્રાર્થનામાં માન અને અદબ સાથે આવવું. કારણ કે આપણે રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ સાથે વાત કરીએ છીએ.
- પ્રાર્થના ક્યારેય બોજારૂપ ન બનવી જોઈએ. આવી પ્રાર્થનાનો કોઈ અર્થ રહેતો નથી.
- પ્રાર્થનામાં ઈશ્વરને મહિમા આપતા ગીત/ગીતો પણ ગાઈ શકાય છે. બાઈબલમાંથી કલમો પણ વાંચી શકાય છે.
- પ્રાર્થના બંધ આંખોએ કરવી જોઈએ કે જેથી ધ્યાન કેન્દ્રિત રહે. કેટલાક લોકો શાંત સ્થળે ખુલ્લી આંખોએ પ્રાર્થના કરે છે. પ્રેયર વૉકમાં ચાલતા ચાલતા પ્રાર્થના કરવામાં આવે છે. મુસાફરી દરમિયાન પ્રાર્થના કરવામાં આવે છે.

મોટે ભાગે પ્રાર્થના સંબંધી ગેરસમજણો પ્રવર્તે છે. પરિણામે પ્રાર્થના એના સ્વરૂપે અને અપાયેલી સમજ સાથે થતી નથી. કેટલાંક લોકો પ્રાર્થનાનો દૂરુપયોગ કરે છે. પોતાના અંગત હેતુને માટે પ્રાર્થનાનો ઉપયોગ કરે છે. અથવા બીજાઓને પોતાના હેતુઓ પાર પડે માટે પ્રાર્થના કરવા

આગ્રહ કરે છે. પરિણામે હેતુઓ સિદ્ધ ન થતા થોડા જ સમયમાં આવા લોકો થાકી જાય છે અને પ્રાર્થના કરવાનું બંધ કરે છે. અથવા પ્રાર્થના પ્રત્યે-બીજા શબ્દોમાં પ્રભુ પ્રત્યે અવિશ્વાસ કરે છે. પરિણામે ખ્રિસ્તી હોવા છતાં મોટાભાગના લોકો પ્રાર્થના રહિત જીવન જીવે છે. જે જીવન જોખમકારક હોય છે. નિરાશા, હતાશા, અને પ્રશ્નોવાળું જીવન બની જાય છે. ઈશ્વરની મંડળીમાં વચનો પ્રત્યે, પ્રાર્થના પ્રત્યે, વિશ્વાસને લગતી તમામ બાબતો પ્રત્યે તેઓની લાગણી કઠોર બની જાય છે. પરિણામે આવી વ્યક્તિઓ પ્રાર્થના કરવાનું છોડી દે છે જેના પરિણામે તેઓનું આધ્યાત્મિક મરણ થાય છે. આવી વ્યક્તિઓ નામધારી ખ્રિસ્તીજીવન જીવે છે.

રોબર્ટ સુલર પ્રાર્થના સંબંધી કહે છે, "પ્રાર્થના આપણા માટે પ્રથમ સ્રોત-ઝરણ બનવી જોઈએ, નહિ કે અંતિમ પગથિયું (પડાવ-ચરણ) (Prayer should be our first resource rather than our last-resort). વિલ્યમ ટેમ્પલ કહે છે : "જ્યારે હું પ્રાર્થના કરું છું ત્યારે સાંયોગિક બાબતો બને છે, પરંતુ જ્યારે હું પ્રાર્થના કરતો નથી ત્યારે સાંયોગિક બાબતો બનતી નથી."

આપણે પ્રાર્થના શા માટે કરવી જોઈએ ?

- શાસ્ત્ર આ માટે આદેશ આપે છે (લૂક ૧૮:૧ ; ૧ થેસ્સા ૫:૧૬-૧૮ ૧ તિમોથી ૨:૧).
- પ્રાર્થના આપણી ઈશ્વર સાથેની સંગત અને આત્મીયતામાં વધારો કરે છે. (યર્મિ. ૩૩:૨-૩)
- જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે પ્રભુ ઈસુના નમૂનાને અને શાસ્ત્રમાંના પ્રભુના મહાન સેવકોની પ્રાર્થનાને અનુસરીએ છીએ દાત. મૂસા અને એલિયા. માર્ક. ૧:૩૫; ૧ રાજા ૧૮:૩૬:૩૮, ગણના ૧૧:૨)
- પ્રાર્થના દ્વારા ઈશ્વરનું સામર્થ્ય પ્રાપ્ત કરીએ છીએ. (યોહાન ૧૫:૫, એફેસી ૪:૩૧, કલોસી ૪:૨-૪.)

- જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે ઈશ્વર તરફથી ખાસ કૃપા પ્રાપ્ત કરીએ છીએ. (હેબ્રી. ૧૪:૧૬)
- પ્રાર્થના મૂળભૂત - ખાસ ફેરફાર લાવે છે - તફાવત લાવે છે. (લૂક. ૧:૯-૧૦).
- પ્રાર્થના દ્વારા ઈશ્વર વિશેનું જ્ઞાન અને સમજણ તેમાં ફેરફાર આવે છે અને વૃદ્ધિ થાય છે. (એફે. ૧:૧૬-૧૯)
- જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ અને ઈશ્વર પ્રત્યુત્તર આપે છે ત્યારે તે બાબત આપણાં હૃદયોને આનંદ અને શાંતિ આપે છે. (ફિલિ. ૪:૬-૭).
- પ્રાર્થના કરવાથી આપણા પ્રશ્નો કદાચ અદૃશ્ય ન થાય પરંતુ આપણો તે સંબંધી અભિગમ બદલાઈ જાય. પરિણામે પ્રાર્થના દ્વારા એવા સંજોગોમાં મક્કમતાથી ઊભા રહી શકીએ.
- આપણાં જીવનો માટે ઈશ્વરના હેતુઓને સમજવા અને પૂર્ણ કરવા પ્રાર્થના મદદરૂપ થાય છે.
- પ્રાર્થના આપણાં વલણોને અને ઇચ્છાઓને બદલે છે. (૨ કરિં.૧૨:૭-૯)

પ્રભુ આપણને છિદ્રો શોધનાર ઉત્સાહી લોકો નહિ (Tatter people) પરંતુ આપણને હચમચાવી નાખનાર (Agitator) વ્યક્તિઓ (પ્રાર્થનાના સંબંધમાં) બનાવે એ જ પ્રભુને પ્રાર્થના છે.

કોઈકે સાચું જ કહ્યું છે : સામાન્ય કાર્ય કરો, ઈશ્વર અસાધારણ કાર્યો કરશે.

કુદરતી છે તે કરો, ઈશ્વર કુદરતી છે તેના કરતા શ્રેષ્ઠ-સર્વોતમ કરશે. શક્ય તે કરો, ઈશ્વર અશક્ય છે તે કરશે.

જ્યારે તમે પ્રાર્થના કરો, ત્યારે, એ યોગ્ય ગણાશે કે તમારું હૃદય તેમાં એક પણ શબ્દ ન હોય અથવા શબ્દો હોય જેમાં હૃદય ને સ્થાન ન હોય. ઈશ્વર વગર શક્ય બાબતો કરવી તે કરતા અશક્ય બાબતો ઈશ્વર સાથે કરવી સહેલી છે.(ફ્રેન્ડસ ફોકસ એપ્રિલ ૯૬માંથી)

પ્રકરણ - ૬

મંડળીના ઈતિહાસના કેટલાંક પ્રાર્થનાવાદી જીવનો

મંડળીના ઈતિહાસમાં પ્રાર્થનાવાદી અનેક મહાન વ્યક્તિઓ થઈ ગયા. જેમાંના કેટલાંક વિશે ટૂંકમાં આ પ્રમાણે છે.

(૧) જોન કાલ્વીન :

જોનકાલ્વીન એક ધર્મસુધારક તરીકેની છાપ ધરાવે છે. પોતાના જીવન કાળ દરમિયાન અને વિશેષ ધર્મસુધારણાના સમયો દરમિયાન તેમણે પ્રાર્થનાની સાથેસાથે ઈશ્વર, ઈશ્વરનાં વચનો, વિશ્વાસ, સંસ્કારો, અને મંડળી અને તેની વ્યવસ્થા પર પોતાના ખૂબ અગત્યના વિચારો રજૂ કર્યા.

પ્રાર્થના સંબંધી જોન કાલ્વીનની માન્યતા હતી કે ઈશ્વર અને આપણી વચ્ચેનું આદાનપ્રદાન છે અથવા આદાનપ્રદાનનું એક માળખું કે રીત છે, જેમાં આપણે આપણી ઈચ્છાઓ, આપણો આનંદ, આપણી ફરિયાદો જે આપણાં હૃદયોમાં ભરેલાં છે તેને પ્રગટ કરીએ છીએ. આ સમગ્ર ક્રિયા-કાર્યમાં જીભ મદદરૂપ થાય છે. આપણાં હૃદય, મન અને લાગણી તે દ્વારા પ્રગટ થાય છે.

જોન કાલ્વીન એવું પણ માનતા હતા કે, પ્રાર્થના એ એવી વ્યવસ્થા નથી કે જેમાં આપણે આપણી ઈચ્છાઓ પ્રભુ પર ઠોકી બેસાડીએ. તેથી આપણે એવું કહીએ છીએ કે, તારી ઈચ્છા પૂરી થાઓ. "આ માટે આપણે આપણી ઈચ્છાઓને ઈશ્વરની ઈચ્છાઓ આગળ સમર્પી દેવી જોઈએ. ઈશ્વરની સારી અને ભલી ઈચ્છાઓ આગળ પોતાની ઈચ્છાઓનું નિયંત્રણ કરવા દઈશું તો પછી પ્રાર્થનામાં કેવી રીતે ખંતથી લાગુ રહેવું. તે શીખતા રહીશું અને તે પ્રમાણે પ્રાર્થના કરતા રહીશું. ત્યારે ઈશ્વર જે સર્વ બાબતો પર નિયંત્રણ કરનાર પ્રભુ છે તેના નેજા નીચે રહીને તેની ઈચ્છામાં તમામ પ્રાર્થના થશે.

જોન કાલ્વીન પોતાના સમગ્ર જીવનમાં ઉપરોક્ત સમજણ સાથે જીવન જીવ્યા એટલું જ નહિ પરંતુ પ્રાર્થનાનું સામર્થ્ય પ્રાપ્ત કરીને ઈશ્વર

સાથેની સરળ છતાં જીવાળ સંગતના હંમેશા ભાગીદાર બન્યા. તેથી જોન કાલ્વીનની પ્રાર્થના અને પ્રાર્થનામય જીવન અર્થપૂર્ણ સાબિત થયા. જે તેમની ધર્મસુધારણાની ચળવળમાં પણ મદદરૂપ થયા.

(૨) વિલિયમ કેરી :

વિલિયમ કેરીને આધુનિક સેવાકાર્ય (મિશન)ના પિતા ગણવામાં આવે છે. તેમનો જન્મ તા. ૧૭-૦૮-૧૭૬૧ના રોજ નોર્ધમ્પટનના પૌલર્સપુરી ગામમાં થયો હતો. પ્રભુ તરફથી વિલિયમ કેરીને તેડું મળતા ભારતના પશ્ચિમ બંગાળમાં આવીને સેવાકાર્ય કર્યું.

કેરીના તેડા પછીના સમયો સંઘર્ષના અને ભારે મુશ્કેલીના રહ્યા હતા. ભારતની ચાલીસ ભાષામાં બાઈબલ કે તેના ભાગોનો અનુવાદ પોતે કે પંડિતોની મદદથી કર્યો હતો.

વિલિયમ કેરીના દીકરા યાબેસને બંગાળાના ચીફ જસ્ટિસ થવાનું આમંત્રણ સરકાર તરફથી મળ્યું. આ સમયે તેની ઉંમર ૨૦ વર્ષની હતી. યાબેસે પિતા વિલિયમ કેરી પર પત્ર લખ્યો અને જણાવ્યું કે, હું ખ્રિસ્તના નમૂનાને અનુસરતો રહું માટે તમે મારે સારુ પ્રાર્થના કરતા રહેજો. જેના પ્રત્યુત્તરમાં કેરીએ લખ્યું કે, "તું હવે એક મહાન કાર્યમાં રોકાયેલો છે, તેથી અમે તારે માટે પ્રાર્થના કરતા રહીશું. તારું જીવન પ્રાર્થનાવાદી જીવન બને. પ્રત્યેક દિવસની શરૂઆતે અને દિવસના અંતે તમે પરિવાર તરીકે પ્રાર્થના કરતા રહેશો. જ્યારે તમને ઈશ્વર બાળકોનું દાન આપે ત્યારે તેમને પ્રભુના ભયમાં ઉછેરજો. ૨૦,૦૦૦ કે તેથી વધારે લોકોની આત્મિક જવાબદારી ઈશ્વરે તને સોંપી છે, તે હંમેશા યાદ રાખજે અને તેઓની સાથે પ્રાર્થના કરતો રહેજે.

કૌટુંબિક સમસ્યાઓ - પત્નીની માંદગી, આર્થિક પ્રશ્નો છતાં વિલિયમ કેરીનું લક્ષ્યાંક હંમેશાં તેડા પ્રત્યેની આધીનતા રહેલી હતી. પોતાના જીવનમાં એક મહાન સૂત્ર તેઓએ સ્વીકારેલું ઈશ્વર પાસેથી મહાન બાબતોની આશા રાખો. ઈશ્વર માટે મહાન કાર્યો કરવાની કોશિશ કરો. (Expect Great Things From God. Attempt Great Things For God.) કેરીએ જ્યારે ભારત આવવાનું તેડું સ્વીકાર્યુ ત્યારે કૌટુંબિક

સમસ્યાઓ આવી. ભારતમાં ઘણી બધી સમસ્યાઓ હતી. પરંતુ પ્રાર્થના અને સમર્પણ સાથે કેરી ભારત આવ્યા. તે દિવસોમાં ભારત આવવા પાંચ માસનો સમય લાગતો હતો. પોતાની મુસાફરી દરમિયાન વિલિયમ કેરી પોતાની સતત પરીક્ષા કરતા હતા. પરિણામે પ્રાર્થના માટે ઘણો સમય પણ આપતા હતા. પોતાની નોંધપોથીમાં તેમણે લખ્યું છે, "હું એક નકામા ચાકર જેવો છું, અને પ્રાર્થના માટે બહુ થોડો સમય ગાળું છું." પુષ્કળ પ્રાર્થના કરતા હોવા છતાં તેઓને મન તો ઓછી પ્રાર્થના હતી. કુટુંબનું ગુજરાન ચલાવવા ગળીના કારખાનામાં કામ કર્યું, મોચીનો ધંધો શરૂ કર્યો. મોચીની દુકાનમાં વિશ્વનો નકશો ટીંગાળી રાખતા હતા. જેના પર હાથ મૂકીને પ્રાર્થના કરતા હતા.

એક તરફ ભારે પરિશ્રમ, લાંઘણો અને મુશ્કેલીઓ અંદરથી અને બહારથી છતાં પ્રભુ પર પ્રેમ, વચનો પ્રત્યેનો પ્રેમ, સુવાર્તાના મળેલ તેડા પ્રત્યે વફાદારી આ બધામાં સતત પ્રાર્થના દ્વારા પ્રભુની સહાય દોરવણી અને સામર્થ્ય પામતા રહ્યા.

(૩) માર્ટિન લ્યુથર :

(ઈ.સ. ૧૪૩૩-૧૫૪૬) : તા. ૩૧-૧૦-૧૫૧૭ના રોજ વિટનબર્ગમાં ૯૫ મુદ્રા પ્રસિદ્ધ કર્યાં. જે તે સમયના રોમન કેથોલિક ચર્ચને માટે પડકારરૂપ હતા.

માર્ટિન લ્યુથરે પવિત્રશાસ્ત્રના કેટલાક ભાગો પર વિસ્તૃત છણાવટ કરેલ છે. જે દ્વારા પોતાનો વિશ્વાસ જાહેર થાય છે. આ શાસ્ત્રભાગો આ પ્રમાણે છે - ગીતશાસ્ત્ર ૨૩, યશાયા ૫૩, પહાડ પરનું ભાષણ, યોહાન ૩:૧૬, રૂમી ૫, ખ્રિસ્તના દુઃખસહન પર અધ્યયન વગેરે મુખ્ય છે. માર્ટીન લ્યુથરના પત્રો લોકોને વિશ્વાસમાં વૃદ્ધિ પામવાને માટે મદદરૂપ થાય તેવા પ્રકારના છે.

ખ્રિસ્તી વિશ્વાસની સાથે-સાથે પ્રભુ સાથેની માર્ટિન લ્યુથરની પ્રાર્થનાની સંગત-પ્રાર્થનાવાદી જીવન તેમની ચળવળમાં તેમને માટે ખૂબ મહત્ત્વના સાબિત થયા. ઈશ્વર પ્રત્યેના પ્રેમમાં સતત ચાલનાર, દેવનાં

વચનોને મહત્ત્વનું સ્થાન આપનાર, ખોટા અર્થઘટનને ફગાવી દેનાર સાથેસાથે પ્રાર્થનાની સંગત પ્રભુ સાથે રાખનાર એવા આ પ્રભુના દાસ હતા. પરિણામે શેતાનના તમામ હુમલાઓની સામે ઊભા રહી શક્યા. પ્રાર્થનાસંબંધી ૧૫૩૩ના તેમના પત્રમાં એક વાત જણાવે છે કે, જો વ્યક્તિની પોતાની પ્રાર્થના પૂરતી ન હોય તો, બીજાઓની પ્રાર્થનાનો ટેકો મેળવવો. વ્યક્તિગત પ્રાર્થના સાથેસાથે પ્રાર્થનાવાદી વ્યક્તિઓ સાથેની તેમની સંગત હતી.

(૪) જોન વેસ્લી :

(૧૭૦૩-૧૭૯૧) : જોન વેસ્લીનો જન્મ ઈંગ્લેન્ડના એપવર્થમાં ૧૭, જૂન, ૧૭૦૩ ના રોજ થયો હતો. ઈ.સ. ૧૭૦૮માં તેમના ભાઈ ચાર્લ્સ વેસ્લીનો જન્મ થયો હતો. ૨, માર્ચ, ૧૭૯૧ના રોજ તેઓનું અવસાન થયું હતું. જોન વેસ્લી બાઈબલના સિદ્ધાંતો સંબંધી ખૂબ સ્પષ્ટ હતા. માણસના પાપ અને પતન અને તે સ્થિતિમાં દેવની દર્શાવાયેલી કૃપા તેઓના સંદેશાના મુખ્ય વિષયો હતા. પાળકના ઘરમાં જન્મેલા હોવાથી તેઓને ખ્રિસ્તી વાતાવરણ સતત મળ્યું હતું. અંગત રીતે પ્રભુને ઓળખનારા પ્રભુના સેવક હતા. તેઓના ઉપદેશોમાંથી નીચેના ઉપદેશો ધ્યાન ખેંચે તેવા છે. મૂળ પાપ, પૂર્વધારણા, વિશ્વાસ,વિશ્વાસદ્વારા તારણ, પવિત્રઆત્મા, પવિત્રઆત્માના સાક્ષી, પવિત્રઆત્માનું ફળ, શાસ્ત્રઆધારિત ખ્રિસ્તીપણું, વિશ્વાસ દ્વારા ન્યાયીકરણ, વિશ્વાસીના પાપ, ખ્રિસ્તી જીવનની પરિપૂર્ણતા, પહાડ પરનું ભાષણ વગેરે.

પાળક પરિવારમાં જન્મેલા જોન વેસ્લીને નાનપણથી જ માતા સુસાન્ના અને પિતા તરફથી યોગ્ય શિક્ષણ અને ઉત્તેજન પ્રાપ્ત થયાં હતાં. દરરોજ ૧૯ બાળકોની માતા પોતાનું દરેક બાળક પ્રાર્થના કરે, દેવનાં વચનોનું મનન કરે અને તે રીતે જીવંત પ્રભુ સાથે સંગત કરે તે માટે કાળજી લેતાં હતાં. આ તેઓનો નિત્યક્રમ હતો. શિક્ષણ અને રોજિંદા જીવન ઉપરાંત પ્રભુ સાથેની સંગત દ્વારા જોન વેસ્લીનો ઉછેર થયો હતો. પરિણામે આવા મજબૂત પાયા પર વૃદ્ધિ પામીને તેઓ દેવની મહાન

સેવાને માટે આગળ ચાલ્યા અને તે પ્રમાણે અંત સુધી જીવ્યા. એક અંદાજ મુજબ તેઓએ સતત ઘોડા પર ફરીને પુષ્કળ પ્રમાણમાં મુસાફરી કરીને સમગ્ર જીવન દરમિયાન ૪૫,૦૦૦ સંદેશાઓ આપ્યા હતા. પ્રાર્થના, વચનો અને ઈશ્વર પ્રત્યેનો પ્રેમ ઘરમાંથી મળ્યો જે અનેક લોકોને બદલનારો બન્યો. ઘોડાપરની તેમની મુસાફરી આજે પણ ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તેમના નામે છે જેને કોઈ તોડી શક્યા નથી.

(૫) ચાર્લ્સ ગ્રાન્ડીસન ફિની (૧૭૯૨-૧૮૭૫) :

ચાર્લ્સ ફિનીનો જન્મ ૨૯, ઑગસ્ટ ૧૭૯૨ના રોજ કનેકટીકટના, લીચ ફિલ્ડ કાઉન્ટીના વોરેનમાં થયો હતો. ૧૭, માર્ચ, ૧૮૨૪ના રોજ ફિમેલ મિશનેરી સોસાયટીમાં મિશનેરી તરીકે નિમણૂંક કરવામાં આવી. તેમણે અમેરિકાના જુદા જુદા ભાગોમાં, બ્રિટન વગેરે દેશોમાં વચનની સેવાઓ આપી હતી. તેઓએ પોતાની સેવાનો છેલ્લો પાઠ "પાળક ઈશ્વરવિદ્યા" આધારિત ૧૬, જુલાઈ, ૧૮૭૫ના રોજ શીખવ્યો હતો અને ત્યારબાદ તેઓનું અવસાન ૧૬, ઑગસ્ટ, ૧૮૭૫ના રોજ થયું હતું. જીવનના અંતભાગ સુધી વિવિધ રીતે વિવિધ જનસમૂહોને પ્રભુના વચનોને આધારે ચેતવણી બોધ અને શિક્ષણ આપતા રહ્યા હતા. અમેરિકાના મહાન મિશનેરીઓમાંના એક તેઓ હતા. તેઓના જીવન અને સેવાની અસર ૧૯મી સદીમાં અમેરિકામાં ઘણાનાં જીવનો પર પડી હતી. કાયદો તેઓનો પ્રિય વિષય હતો. પરંતુ તેઓને માટે ઈશ્વરનો હેતુ અને ઈરાદો જુદા હતા. ૧૨, ઓકટો., ૧૮૨૧માં તેઓના જીવનનું બદલાણ થયું હતું. તેઓની સેવાની મુખ્યત્વે અસર ન્યૂયોર્ક સિટી, ફિલાડેલ્ફીયા, બોસ્ટન, રોચેસ્ટર અને ઈંગ્લેન્ડના જુદાં જુદાં શહેરમાં થઈ હતી. ૧૬, ઑગસ્ટ, ૧૮૭૫ના રોજ તેઓનું અવસાન ઓવરલીન, ઓહાયો (અમેરિકા)મા થયું હતું. તેઓને પ્રભુએ આશીર્વાદિત પરિવાર આપ્યો હતું. તેઓને આઠ બાળકો હતાં. કુટુંબને સમર્પિત અને પ્રભુથી આશિષ પામેલા પ્રભુના ઉમદા સેવક હતા. તેઓના શિક્ષણ અને ઉપદેશના મુખ્ય વિષયો આ પ્રમાણે હતા. દૈવી શિક્ષણની આવશ્યક્તા,

વિશ્વાસ દ્વારા ન્યાયીકરણ, જગતને માટે ઉપયોગી બનવું, જાગૃતિ માટેના અવરોધો,પવિત્રીકરણ, પ્રેમના પ્રકાર, બદલાણ, જૂઠાણું અને સત્ય, તારણનો માર્ગ.

(૬) એન્ડ્રુ મુરે (૧૮૨૮-૧૯૧૭) :

ગ્રાફે રેઈનેટ (Graaft Reinet), નો જન્મ દક્ષિણ આફ્રિકામાં ૯, મે, ૧૮૨૮માં થયો હતો. તેઓના પિતા પાળક હતા. ૧૪, નવે, ૧૮૪૫ના રોજ તેઓ નવા જન્મના અનુભવમાં આવ્યા હતા. (ઉંમર ૧૮ વર્ષ). આ સમયે તેઓ હૉલેન્ડમાં અભ્યાસ કરતા હતા. તેઓ સફળ પાળક અને લેખક હતા. તેઓના સંદેશાથી અને પુસ્તકોથી અસંખ્ય લોકો આશિષ પામ્યા હતા. ૧૮, જાન્યુઆરી, ૧૯૧૭ના રોજ તેઓનું અવસાન થયું હતું.

મુરે પવિત્રઆત્માના કાર્ય પર ખૂબ ભાર મૂકતા હતા. પોતાની વ્યક્તિગત નબળાઈને સ્વીકારતા હતા અને પ્રાર્થના પર ખૂબ ભાર મૂક્તા હતા. દક્ષિણ આફ્રિકામાં પવિત્રાઈની ચળવળના તેઓ આગેવાન હતા. તેઓએ ઘણી ચળવળોની સ્થાપના અને આગેવાની કરી હતી. જેમાંની કેટલીક મુખ્ય આ પ્રમાણે છે. બાઇબલ અને પ્રેયર યુનિયન (૧૮૮૩), પ્રેયર યુનિયન (૧૯૦૪). મુરેએ ૨૫૦ વિવિધ વિષયો પર લેખો-લખાણો લખ્યા હતા. તેઓનાં પુસ્તકોના મુખ્ય પુસ્તકો આ પ્રમાણે છે. "ખ્રિસ્તની સાથે પ્રાર્થનાની શાળામાં અને પ્રાર્થનાવાદી જીવન (With in the School of prayer and The Prayer Life). મુરેનું સમગ્ર જીવન એ પ્રાર્થનાવાદી હતું. - પ્રાર્થના નિર્ભર હતું. મુરેનાં બીજાં લખાણો પરથી પણ તેનું પ્રાર્થનાવાદી - ખ્રિસ્ત પર આધારિત જીવનની સાબિતી પૂરે છે. ખ્રિસ્ત જેવા અને ખ્રિસ્તમાં જોડાયેલા રહેવું (Like Christ and Abide in Christ). એન્ડ્રુ મુરેના લખાણમાં મોટી અલંકારિક ભાષા ક્યારેય જોવા મળતી નથી. પરંતુ સાદી સરળ ભાષા અને શૈલી દ્વારા ઈશ્વરમાં રહેલી મહાન આશાઓ તરફ હંમેશાં તેના વાચકોને દોરે છે. જે તેમના અંગત-ખાનગી જીવનનું પ્રતિબિંબ પાડે છે. તેમના મુખ્ય વિષયો આ પ્રમાણેના હતા. પસ્તાવા માટેનું તેડું (આમંત્રણ, આહવાન) અને પ્રાર્થના વગેરે વિષયોએ

ઘણાઓનાં જીવનોને સ્પર્શયા હતા. (આજે પણ એ લખાણ સ્પર્શે છે.) ખ્રિસ્તમાં જોડાયેલા રહેવા પર વિશ્વાસીઓને ઉત્તેજન-પડકાર હંમેશા આપતા હતા. ખ્રિસ્તમાં જોડાયેલ રહેવું તેનો અર્થ વિશ્વાસી ખ્રિસ્તમાં જીવે છે. પોતા સંબંધી નહિ તેનો વધુ એક અર્થ એ પણ થાય છે. આખરે, આપણું જૂનું જીવન એનો અંત આવવો જોઈએ. અને હવેથી આપણે નહિ પરંતુ આપણામાં ખ્રિસ્ત જીવે. આ તમામ બાબતો આધારિત એન્ડ્રુ મુરેનું જીવન હતું.

(૭) ચાર્લ્સ સ્પર્જન (૧૮૩૪-૧૮૯૨) :

ચાર્લ્સ સ્પર્જનો જન્મ ૧૯, જૂન, ૧૮૩૪ના રોજ ઈંગ્લેન્ડના એસેક્સ પરગણાના કેલ્વેડેન (Kelvedan) મા થયો હતો. તેમના દાદા પાળક હતા. ચાર્લ્સ સ્પર્જને યાત્રાકારી પુસ્તક ૧૦૦ કરતા વધારે વાર વાંચ્યું હતું. ૬, જાન્યુઆરી, ૧૮૫૦ (૧૬ વર્ષની ઉંમરે) તેઓ તારણના અનુભવમાં આવ્યા હતા. ૧૭ વર્ષની ઉંમરે તેઓએ પ્રથમ સંદેશો (૧૮૫૧) વોટરબીચ બાપ્ટિસ્ટ ચર્ચમાં આપ્યો હતો. ૧૮૫૨માં વોટરબીચ ચર્ચમાં પાળક બન્યા. ભક્તિસભાની હાજરી ૨૩,૬૫૪, ૮ ઓક્ટો, ૧૮૫૭ રોજ થઈ હતી. આટલી હાજરી આ અગાઉ ક્યારેય થઈ ન હતી. તેમના પ્રથમ પુસ્તક "ધી સેઈન્ટ એન્ડ હિઝ સેવિયર" ઈ.સ. ૧૮૫૭માં પ્રસિદ્ધ થયું. ચાર્લ્સ એચ. સ્પર્જનનું અવસાન ૩૧,જાન્યુ., ૧૮૯૨ના રોજ થયું હતું. તેઓનાં મુખ્ય લખાણોમાંના કેટલાંક આ પ્રમાણે હતા. અમાપ્ય કૃપાનો પાપ પરનો વિજય, સ્વર્ગ અને નર્ક, રાત્રીનાં ગીતો, દરેકને માટેના સંદેશાં, ભારતની માંદગી અને ઈંગ્લેન્ડનું દુ:ખ (આઝાદીના સંદર્ભમાં ભારતમાં ઊભી થયેલ પરિસ્થિતિ પરનો સંદેશો) સૌથી મોટું આશ્ચર્ય, આત્મા જીતવા માટેની લાયકાત, ઉપદેશકનું પ્રાર્થનાવાદી ખાનગી જીવન, અનંતકાળના રાજાને, ગીતશાસ્ત્ર ૧૧૯:૧-૮ કલમો, ધાર્મિક ગણગણાટ કરનારાઓ.

પ્રાર્થનાવાદી જીવનના સંદર્ભમાં વાત કરીએ તો ચાર્લ્સ સ્પર્જનના પ્રાર્થનાવાદી જીવન સંબંધી કોઈ પ્રશ્ન કે શંકા નથી.

(૮) ડવાઈટ એલ. મૂડી : (૧૮૩૭-૧૮૯૯)

ડી.એલ. મૂડીનો જન્મ ૫, ફેબ્રુ, ૧૮૩૭ના રોજ મેસેચ્યુસેટસમાં થયો હતો. ૨૧, એપ્રિલ, ૧૮૫૫ના રોજ પોતાના જીવનમાં પ્રભુને સ્વીકાર્યા. ૦૩, મે, ૧૮૫૫) (૧૮ વર્ષની ઉંમર) ના રોજ માઉન્ટ વનેન કોન્ગ્રીગેશનલ ચર્ચ સમક્ષ તેમણે પોતાને રજૂ કર્યા. ૧૮૬૦માં જોડાના ધંધામાંથી અલગ થયા અને પ્રભુની સેવામાં જોડાયા. તેઓની મુખ્યત્વે સેવા વાય.એમ.સી.એ. સાથે રહી હતી. ઈંગ્લેન્ડમાં પણ વચનની સેવા તેમણે આપી હતી. ડી.એલ.મૂડી ગંભીર માંદગીના અંતે ૨૨, ડિસે., ૧૮૯૯ના રોજ મૃત્યુ પામ્યા હતા. ડૉ. બિલી ગ્રેહામની જેમ તેમના સમયમાં ડી.એલ.મૂડી પ્રખ્યાત સુવાર્તિક હતા. બીજાં બાળકોના જેવું ભવ્ય બાળપણ મૂડીનું ન હતું. કારણં કે તેમના પિતા દારૂના બંધાણી હતા. તેમના પિતા એ જ સ્થિતિમાં મૃત્યુ પામ્યા હતા. કૌટુંબિક પ્રશ્નોના કારણે મૂડીને પૂરતું શિક્ષણ પણ મળ્યું ન હતું. તેમને ધાર્મિક શિક્ષણ જે મળ્યું તે સંબંધી તો વધારે દયાજનક સ્થિતિ હતી. ૧૭ વર્ષની ઉંમરે ડી.એલ.મૂડીએ પોતાનું ઘર છોડ્યું. પોતાના ઘર નોર્થફિલ્ડ, મેસેચ્યુસેટસથી તેઓ બોસ્ટન આવ્યા. જ્યાં તેમના કાકાના ત્યાં તેઓના નિયમો પ્રમાણે તેમના ઘરે રહેવું પડ્યું. કાકાને આદેશ અનુસાર ડી.એલ.મૂડીને ફરજિયાત ભક્તિસભામાં હાજરી આપવી પડતી હતી. જ્યાં તેઓનું ૧૮૫૫માં બદલાણ થયું. ૧૮૫૯માં તેઓએ સન્ડે સ્કૂલ મિશનની સ્થાપના કરી જે વ્યવસ્થા ઘણી બધી રીતે સફળ રહી. બહારની નોકરી છોડીને તેઓ પૂર્ણ સમયી સેવામાં જોડાયા. પોતે શાળાના પૂરતા શિક્ષણથી વંચિત રહ્યા હતા. તેથી તેઓએ બાળકોને સારું શિક્ષણ મળી રહે તે માટે કેટલીક શાળાઓની શરૂઆત કરી. તેઓની મહાન ઉપલબ્ધિ તો "મૂડી બાઈબલ ઈન્સ્ટિટ્યુટ"ની સ્થાપના હતી. જે તેમણે શિકાગોમાં ૧૮૮૬માં શરૂ કરી હતી.

એક પ્રભુપ્રેમી, પ્રાર્થનાવાદી, સફળ ઉપદેશક અને લોકોને શિક્ષિત કરનાર તરીકે તેઓ સફળ રહ્યા હતા. તેઓના લખાણોમાંના મુખ્ય લખાણો આ પ્રમાણે હતા. વિશ્વાસુપણાનો બદલો, દાનધર્મ, ભલો સમરૂની, સ્વર્ગ,

મૂલ્યવાન રક્ત, બહાનાઓ, દાનિયેલ પ્રબોધક, આધ્યાત્મિક અંધત્વ, પસ્તાવો, બાઈબલનો અભ્યાસ કેવી રીતે કરવો, વિશ્વાસ, એકાએક બદલાણ, માતા પિતાઓને સંબોધન, જુવાનોને સંબોધન, પાપીને પસ્તાવા માટેનું તેડું, આમંત્રણ, ખ્રિસ્તનું બલિદાન.

(૯) એફ. બી. મેયર (૧૮૪૭-૧૯૨૯) :

એફ. બી. મેયરનો જન્મ ૮/એપ્રિલ/૧૮૪૭ના રોજ લંડનના ચેપણમ કોમનમાં થયો હતો. મુખ્યત્વે તેઓની સેવા સફળ પાળક તરીકેની રહી હતી. ૭૦મા જન્મદિવસે તેઓએ ઉપદેશ આપ્યો. જે વિષય પર લેખ પણ લખ્યો કે, "મરણ નાબૂદ થયું છે" તે જ દિવસે બપોરે ૭૦ વર્ષની " ઉંમરે કેવી રીતે જુવાન બની રહેવું" વિષય પર ઉપદેશ આપ્યો. અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, અને કેનેડામાં મુસાફરી કરીને પ્રભુના વચનોનો ઉપદેશ આપ્યો હતો. ૧૨ અઠવાડિયામાં ૮,૦૦૦ માઈલની મુસાફરી કરી હતી. દરરોજની ચાર સભાઓમાં ઉપદેશ કરતા હતા. ૧૯૨૭માં છેલ્લી મુસાફરી અમેરિકાની કરી હતી. ૨૭, માર્ચ, ૧૯૨૯ના રોજ તેઓ પ્રભુમાં ઊંઘી ગયા. તેઓનાં લખાણો (ઉપદેશો)માંના મુખ્ય વિષયોના જુદાજુદા વિભાગો, પાપ પર વિજય પ્રાપ્ત કરવાનું રહસ્ય, આશીર્વાદિત જીવનનું પ્રથમ પગથિયું, બાઈબલ કેવી રીતે વાંચવું, સામાન્ય ધ્યેય-લક્ષ્યાંક, કેટલાક અનુભવો, નાણાંનો ઉપયોગ, વિરામસ્થાનો, ખ્રિસ્તમાં જે જોઈએ તે બધું મળે છે, ઈસુનું જીવન જીવવું (યોહાન ૬:૫૭) ઈશ્વરમાં સંતાવાની જગ્યા (પ્રકટી. ૧:૮;૧૭; ૨:૮; ૨૨:૧૩), ખ્રિસ્ત જેવા કેવી રીતે બની શકીએ, (યશા. ૪૫:૧૫; ૨ કરીં. ૩:૧૮), વચન પ્રકાશરૂપ, (યોહાન ૧:૯). રોટલી જીવન આપે છે અને જીવનને ટકાવી રાખે છે. વાતચીતમાં સાદગી માથ્થી ૫:૩૩-૩૭. બીજો ગાઉ-વધારે આગળ જવું. (માથ્થી ૫:૩૮;૪૨), ઘેટા પાળક પ્રભુ ગી.શા.૨૩:૧, દાવત-મિજબાની (ગી.શા.૨૩:૫), તે (ઈબ્રાહીમ) (હિબ્રુ ૧૧:૮) આધીન થયો. તેના લોકને એકઠા કરે છે. (ઉત્પત્તિ ૨૫:૮), પ્રભુના પસંદ કરેલાનો વિશ્વાસ (૧ શમુ ૧૭), યોનાથાન (૧ શમુ ૨૮:૧) આછે રોજિંદા જીવનને માટે સાત નિયમો.

પ્રકરણ - ૭

પ્રાર્થના વિહાર અને પ્રાર્થનાજૂથો

(૧) પ્રાર્થના વિહાર (Prayer Walk) :

રોબર્ટ સુલર કહે છે. "એકલો હું ઘણું કરી શકું....પરંતુ ઈશ્વર સાથે રહીને તેથી વધારે કરી શકું (I Can do plenty alone....But with God I can do more !) એ વિશ્વાસ-પ્રાર્થના કરનારા લોકોમાં પ્રસિધ્ધ છે. પ્રાર્થનાની વિવિધ રીતો છે. તેમાંની આ એક રીત છે. સામાન્ય રીતે આ પ્રકારની પ્રાર્થના કરતા પહેલાં વ્યક્તિગત વધુ સમય આ કાર્ય માટે પ્રાર્થના કરવી જોઈએ. જે તે વિસ્તારમાં પ્રાર્થના માટે જવું એ શેતાન સામે પ્રભુના બાળક તરીકે યુદ્ધ કરવાનું છે. શેતાન મારા અને તમારા કરતા શક્તિશાળી છે. તેથી પ્રથમ તેને હરાવનારા પ્રભુની પાસે પોતાને મૂકવાના છે. યુદ્ધમાં જતા અગાઉ જેવી રીતે સૈન્ય તૈયાર થાય છે તેવી જ રીતે આ આત્મિક યુદ્ધ હોઈને આત્મિક તૈયારી કરવાની છે. આત્મિક શસ્ત્રો સજવાનાં છે. પ્રભુને બધું જ સોંપીને ત્યાર બાદ આગળ વધવાનું છે. જે વિસ્તારમાં પ્રાર્થના વિહાર કરવા માંગીએ છીએ તે વિસ્તારની પ્રથમ પૂરેપૂરી માહિતી મેળવી લેવી જોઈએ. લોકોનું જ્ઞાન, તેઓની ધાર્મિક માન્યતા અને તે ઉપરાંત તે વિસ્તારનાં ધાર્મિક સ્થળો (તમામ)ની વિગત વાર માહિતી મેળવી લેવી ત્યાર બાદ કેટલાક સમય જ્યાં સુધી ચોક્કસ ખાત્રી ન મળે ત્યાં સુધી જે તે વિસ્તારને માટે તમામ બાબતોને ધ્યાનમાં રાખી પ્રભુ આગળ પ્રાર્થના દ્વારા જવું. ત્યારબાદ ચાલતા ચાલતા અને જો વિસ્તાર મોટો છે તો વાહન દ્વારા પણ આ કાર્ય કરી શકાય. યાદ રહે કે તમે ચાલતા ચાલતા કે વાહન પર છો તો સ્વાભાવિક છે કે તમારી આંખો ખુલ્લી હશે. પરંતુ આ તમામ સમય દરમિયાન તમે પ્રાર્થનાભાવમાં જ રહો. પ્રાર્થનામાં વિક્ષેપ પાડનારી બાબતો સતત આવશે, પરંતુ ઈશ્વરના આત્માના અધિકાર નીચે રહીને શેતાનના તમામ ગઢને તોડવાના છે, શેતાનની તમામ શક્તિ જેની અસર આસપાસ છે તેને હરાવવાની છે. સાથે સાથે ઈસુના રક્તમાં તમામે સોંપાતા જવાનું છે. કારણ કે શેતાનને

હરાવો તો તરત તે વિસ્તારને ઈસુના રક્ત હેઠળ સોંપવાનો છે. મૂકવાના છે. પરિણામે ઈસુના અધિકાર નીચે આખો વિસ્તાર આવે. યાદ રહે આ ૧૦૦% આત્મિક યુદ્ધ છે. તેથી તમને કશું પણ થઈ શકે છે. દા.ત. અકસ્માત, અથવા અન્ય કોઈ મુશ્કેલી. જો તમારી નોકરી છે તો નોકરીમાં મુશ્કેલી ઊભી થઈ શકે છે. પરંતુ આ બધું ક્ષણિક છે. આખરે વિજય તો પ્રભુનો જ છે. તેથી ગભરાવાની જરૂર નથી. શેતાન અને તેનું સૈન્ય જરૂર મુશ્કેલી ઊભી કરી શકે છે. પરંતુ પ્રભુ તેનાં બાળકોને સંભાળવાં અને વિજયનો આનંદ અને આશીર્વાદ આપવા સક્ષમ છે. પ્રેયર વૉક પૂરી કર્યા બાદ ઘરે આવીને થોડો સમય ફરીથી પ્રાર્થના કરો. આ પ્રાર્થના આભારસ્તુતિની હશે. પડેલી મુશ્કેલીઓને ઈસુના ભરોસે મૂકીને શેતાનને ઈશ્વરના નામમાં વચન પર આધાર રાખતા-દાવો કરતા ધમકાવવાનો છે. મારી ભગાવવાનો છે. આપણી આસપાસ અનેક પ્રકારની માન્યતાવાળા લોકો રહે છે. (Agastiv - અજ્ઞેયવાદ, Polytheist - અનેક દેવવાદીઓ); તેમની વચ્ચે જીવતા પ્રભુનાં બાળકો તરીકે, જીવતા પ્રભુને સાથે લઈને અને તેમના નામમાં આ ખાસ સેવામાં જોડાવવાનું છે. વિજયી પ્રભુ અવશ્ય વિજય અપાવશે. ફરી એક વાર પ્રાર્થના વિહાર જે વિસ્તારમાં કર્યો છે. તે તમામને ઈસુના નામમાં બાંધવાનો છે. આ એક વારની પ્રક્રિયા નથી. પરંતુ ફરીથી ત્યાં જવાનું છે. વારંવાર જવાનું છે. પરંતુ દરેક વખતે પ્રથમ વારની જેમ જ તૈયારી સાથે યુદ્ધમાં ઊતરવાનું છે. યાદ રહે કે સૈન્યોના દેવ આપણી સાથે છે. આપણી આગળ છે. શેતાનને હરાવનાર આપણાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા આગેવાન છે. અને પવિત્ર આત્માદેવ તેમની શક્તિ અને સામર્થ્યથી ભરીને આપણી મદદ કરશે. તો હવે, તે પ્રાર્થના વિહાર માટે તૈયાર થઈ જાઓ. ફતેહ તમારી છે. શેતાનના ગઢ-કિલ્લાઓને તૂટતા તમે નિહાળશો. જેનાથી તમારો વિશ્વાસ વધશે. અને પ્રાર્થનામય જીવન વધુ અસરકારક અને પરિણામ લાવનારું બનશે. આખરે તમે હંમેશાં પોતાને યુદ્ધ માટે તૈયાર રાખશો. આ બાબત તમારો વિચાર અને જીવન બની જશે. આ માટે પ્રાર્થના વિહાર કરનારા બીજા પ્રભુનાં સેવકો/સેવિકાઓને શોધી કાઢો તેઓની સાથે

પ્રાર્થનાવિહારમાં જતા પહેલા ચર્ચા વિચારણા કરો, આયોજન કરો અને સૌથી વિશેષ અગત્યની બાબત એ છે કે, તેઓની સાથે આ બાબતે પ્રાર્થના કરો. એકબીજાને ઉત્તેજન આપો. જો શક્ય હોય તો ટીમ તરીકે પણ જઈ શકો છો.

(૨) પ્રાર્થના જૂથો :

પ્રાર્થનાના મહાન યોદ્ધા ઈ.એમ.બાઉન્ડઝ, પ્રાર્થના વિશે આ પ્રમાણે કહે છે. પ્રાર્થનામાં ઇચ્છાશક્તિ (Desire) ખૂબ જરૂરી છે. શબ્દો દ્વારા પ્રગટ થતી પ્રાર્થના એ માનવી ઇચ્છાઓ પર આધારિત છે. બે કે તેથી વધારે વ્યક્તિઓ ભેગા મળીને સપ્તાહમાં એક વાર નક્કી કરેલા સમયે, સ્થળે અને સમયે મળે. પ્રાર્થના જૂથમાં ભાઈઓ અલગ હોય અને બહેનો અલગ હોય તે જરૂરી છે. પ્રાર્થના જૂથમાં ઈશ્વરની આરાધનામાં થોડો સમય ગાળવો. આ માટે ગીતોનો ઉપયોગ કરશો. પ્રાર્થનાની શરૂઆતે જૂથના દરેક સભ્ય ટૂંકમાં પરંતુ મુદ્દાસર પાપ કબૂલાતની પ્રાર્થના જાહેરમાં કરે તે જરૂરી છે. ત્યારબાદ ઈસુના નામમાં ઉત્તેજન મળે તે માટે શક્ય હોય તો ટૂંકમાં મનનમાં દોરી શકાય. યાદ રહે કે આ પ્રાર્થના સંગત છે તેથી મનન લાંબું ન થાય. ત્યાર બાદ તમામ સભ્યને મળી રહે તે રીતે પ્રાર્થનાની વિનંતીની નકલો આપવી અને દરેકને પ્રાર્થના વહેંચી આપવી. જો જરૂર જણાય તો પ્રાર્થનાની વિનંતીની છણાવટ સમજૂતી આપવી (ટૂંકમાં) ત્યારબાદ વારાફરતી સભ્યોને પ્રાર્થનામાં દોરો. આ નક્કી કરેલી પ્રાર્થના હોઈને પ્રથમ જે યાદી છે તેને જ વળગી રહો. ત્યારબાદ અંતમાં સભ્યો ખાસ પ્રાર્થનાની વિનંતી વહેંચી શકે છે. જેને માટે ખાસ પ્રાર્થના હોઈ એક વ્યક્તિ અથવા વધારે વિનંતી હોય તો બે કે ત્રણ સભ્યો પ્રાર્થના કરાવે. તાકીદની આવેલી આ વિનંતી માટે ઘરે જઈને પણ પ્રાર્થના કરી શકાય.

પ્રાર્થનાજૂથમાં ઉપરનો ખાસ ખ્યાલ રાખવો. જીવનના જૂથ અલગ હોય, વયસ્ક લોકોના જૂથ ઉપરના આધારે અલગ હોય. યાદ રહે કે, પ્રાર્થના જૂથના તમામ સભ્યો ખૂબ અગત્યના છે. તેથી દરેકનું માન

સાચવવું. પ્રાર્થના સંગતમાં (જૂથમાં) આવવાની સાથે બિનજરૂરી કોઈ વાત કરવી નહિ કે ચર્ચા કરવી નહી કે જેથી પ્રાર્થનાનો સમય તેને અસર પાડે. અંતમાં પણ જો બીજું કશું ન હોય તો પ્રાર્થનાના ભાવ સાથે છૂટાં પડવું. પ્રાર્થના જૂથ સંબંધી જરૂરી વાત કરી શકાય. બીજી કોઈ પ્રાર્થનાની સંગત-અર્ધરાત્રી, આખા દિવસની રાખવા સંબંધી વાતચીત કે આયોજન કરી શકાય. આ તમામ સમયમાં જો ક્યારેક કોઈ નવા સભ્ય કોઈની સાથે આવી જાય તો તેમના સંબંધી પ્રાથમિક માહિતી મેળવી લેવી. બને ત્યાં સુધી પ્રાર્થના જૂથ આ સભ્યોની પૂર્વ મંજૂરી કે જાણકારી વગર નવા કોઈ સભ્યોને સામેલ ન કરવા. આ કેવળ પ્રાર્થનાની સંગત હોઈને સિદ્ધાંતોની ચર્ચાને ટાળો. બીજા જૂથોમાં સંસ્થાઓમાં સેવા આપતાં ભાઈબહેનોને આવી સંગતથી અલગ રાખો. કારણ કે ઘણીવાર આવા આગેવાનો આવાં જૂથોનો પોતાના હેતુઓ માટે ઉપયોગ કરતા હોય છે. પરિણામે પ્રાર્થના જૂથ સમયાંતરે તૂટી જાય છે. તેથી કાળજીપૂર્વક-શિસ્ત સાથે તમામ બાબતોને વળગી રહો. મંડળી અને તેના પ્રશ્નોની ચર્ચા, કુટુંબો અને તેના પ્રશ્નોની ચર્ચા (ખાસ નામ સાથે કે બનાવ સાથે ન કરવી.) માટે તમે મળતાં નથી. અથવા તમારો હેતુ તે આ નથી. જાહેરાત પ્રસિદ્ધિથી દૂર રહો. તમારી અને ઈશ્વરની વચ્ચેનું કાર્ય-વાતચીત-સંગત છે. પ્રાર્થના જૂથમાં અને જૂથની બહાર પણ મહિમા પ્રભુને આપો. પ્રાર્થનાજૂથ, તેના સભ્યો વગેરે વિશે ન બોલતા કેન્દ્રમાં પ્રભુને રાખીને મહિમા પ્રભુને જ આપજો. આ પ્રમાણે કરવાથી તમારો આનંદ વધશે. પ્રસિદ્ધિથી તમે દૂર રહેશો. આખરે ઈશ્વર તમને તેનો બદલો આપશે.

લેખકનો પરિચય

રેવ. હેમંતકુમાર જે. પરમાર એક સફળ પાળક, અનુવાદક, આત્મિક અને વહીવટી આગેવાન અને ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનાં સેક્રેટરી તરીકે ખૂબ સફળ આગેવાની આપી રહ્યાં છે. તેઓએ પોતાની અનેકવિધ જવાબદારીઓ વચ્ચે પણ ખ્રિસ્તી સાહિત્યમાં પોતાનો ફાળો આપવાનું ચાલુ રાખ્યું છે.

"પ્રાર્થનાનો કોઈ વિકલ્પ નથી" આ પુસ્તક લેખકની આગવી પ્રતિભા અને તેમના અંગત સમર્પણનાં ભાગરૂપે ગુજરાતની મંડળીને ભેટ તરીકે મળ્યું છે. ત્યારે એ બાબતની નોંધ લઈએ છીએ કે આત્મિક ઊંડાણ અને પડકાર આપનાર વધુ સાહિત્યની ભેટ લેખક પાસેથી મળતી રહેશે એ આશા અસ્થાને નથી.

રેવ. હેમંતકુમાર પરમાર સાહેબ સી.એન.આઈ. મંડળીનાં પાળક છે પણ તેમની આંતર મંડળીય સેવા અને આગેવાનીનો લાભ સમગ્ર વિશ્વમાં પથરાયેલા ગુજરાતી ખ્રિસ્તી સમાજને મળતો રહે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

લેખકનાં અગાઉનાં સાહિત્ય પ્રકાશનો 'ક્ષીતીજને પેલે પારથી' અને 'એસ્તેર' ઉપરાંત ટ્રાકટ સોસાયટીની ૧૫૦મી જ્યંતિનાં ઇતિહાસનું પુસ્તક તૈયાર કરવામાં આપેલા ફાળાની પણ સાદર નોંધ લઈએ છીએ.

ઈશ્વરપિતા લેખકને તેમનાં પવિત્ર આત્માથી એવી રીતે વેશિષ્ઠત કરે કે બાઇબલનાં સત્યો, ખ્રિસ્તી સામાયીકો, પુસ્તકો, સંદેશા અને શિક્ષણ મારફતે આમ જનતાને પહોંચાડી શકે.

સાંપ્રત સમાજમાં સતત ચાલુ રહેતા ફેરફારોમાં પણ ખ્રિસ્તી સાક્ષી અને સૂર ખૂબ અસરકારક રીતે રજૂ કરવા માટે ઈશ્વરપિતા લેખકનો ઉપયોગ કરે તેવી હૃદયની શુભેચ્છા છે.

પ્રેમભાવથી

રેવ. ડૉ. નિકોલસ જી. પરમાર

પ્રેસિડેન્ટ

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી

Published and D

GUJARAT TRACT AN

Sahitya Seva Sadan, N

Ellisbridge, Ahmedabad - 380006. INDIA

Phone : 26445281 E-mail : gtbs_1852@yahoo.co.in

19BGP2